

રામગઢમાં બ્રેક ફેલ થતાં ટ્રેલરે 12 વાહનો અડફેટે લીધા, 20ને ઈજા

PAGE NO. 15

પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH



થાઈલેન્ડમાં 11 વર્ષના બાળકે ટ્રકથી 9 બૌદ્ધ ભિક્ષુકોને કચડી નાખ્યા

PAGE NO. 18

FRIDAY, 03 JULY, 2026 Vol. 24, No. 27 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

### યુક્રેન દ્વારા થયેલા હુમલાઓનો બદલો લેવા રશિયાએ 74 મિસાઈલો, વિવિધ પ્રકારના 496 ડ્રોન છોડ્યા

# રશિયાનો કીવ પર મિસાઈલ-ડ્રોન એટેક, 21ના મોત

### રશિયામાં ઈંધણના પુરવઠા પર માઠી અસર પડી, 30 સ્થળોને નુકસાન, નાગરિકોએ જીવ બચાવવા સબવે સ્ટેશનોમાં આશરો લીધો

**કીવ**

રશિયાએ ગુરુવારે રાત્રે યુક્રેનની રાજધાની કીવ પર અત્યંત ભીષણ મિસાઈલ અને ડ્રોન હુમલો કર્યો હતો, જેમાં 21 લોકોના કમકમાટીભર્યા મોત નિપજ્યા છે અને 90થી વધુ લોકો ઘાયલ થયા છે. રશિયાએ મોસ્કોના ઓઈલ એકમો પર યુક્રેન દ્વારા કરવામાં આવેલા હુમલાઓનો બદલો લેવા માટે આ આક્રમણ કર્યું હોવાનું જણાવ્યું છે. યુક્રેન દ્વારા સતત કરાઈ રહેલા હુમલાઓને કારણે રશિયામાં ઈંધણના પુરવઠા પર માઠી અસર પડી છે અને સપ્લાય ચેઈન ખોરવાતા રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન પર ભારે દબાણ ઉભું થયું છે. હુમલાની ભયાનકતા વચ્ચે રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકી સહિત મોટી સંખ્યામાં નાગરિકોએ જીવ બચાવવા સબવે સ્ટેશનોમાં આશરો લીધો હતો.

યુક્રેનની વાયુસેનાના જણાવ્યા અનુસાર, રશિયાએ 24 બેલિસ્ટિક મિસાઈલો સહિત કુલ 74 મિસાઈલો અને વિવિધ પ્રકારના 496 ડ્રોન છોડ્યા હતા. કીવ શહેરના લશ્કરી વહીવટના વડા તૈમુર ટાકાચેન્કો અને ગૃહમંત્રી ઈહોર ક્લીમેન્કોની માહિતી મુજબ, આ હુમલામાં રહેણાંક ઈમારતો અને નાગરિક માળખા સહિત શહેરના 30 જેટલા સ્થળોને ભારે નુકસાન પહોંચ્યું છે, જેમાં આશરે 20 રહેણાંક ઈમારતો સામેલ છે. કીવના મેયર વિટાલી ક્લિત્સ્કોએ જણાવ્યું હતું કે ડેસ્ન્યાન્સ્કી જિલ્લામાં નવ માળની ઈમારતમાં ફસાયેલા લોકોને બચાવવા ટીમો કામે લગાડવામાં આવી છે. જ્યારે હોલોસિયેવસ્કી જિલ્લામાં 16 માળની ઈમારતની છત પર લાગેલી ભીષણ આગ બુઝાવવા 500 કર્મચારીઓ અને 100 વિશેષ વાહનો તૈનાત કરાયા છે. હુમલા અંગે રશિયન રક્ષા મંત્રાલયે દાવો કર્યો છે કે તેમણે લાંબા અંતરના શસ્ત્રો વડે કીવ અને અન્ય ચાર પ્રાંતોમાં માત્ર લશ્કરી ઉદ્યોગો, ઈંધણ સંકુલો અને એરબેઝને જ નિશાન બનાવ્યા છે. બીજી તરફ, યુક્રેનના વિદેશ મંત્રી એન્ડ્રી ત્સિબિહાએ રશિયાના બચાવને નકારી કાઢીને આ હુમલાને અત્યંત ભયાનક ગણાવ્યો હતો.



# દોહામાં અમેરિકા-ઈરાન મંત્રણા : હોર્મુઝ અને મિલ્કતો છૂટી કરવા પર ધ્યાન કેન્દ્રિત કરાયું

### 9 જુલાઈએ આયાતોલ્લાહના અંતિમ સંસ્કાર પછી ફરી મંત્રણા શરૂ થવાની શક્યતા

**દોહા**

ઈરાન-અમેરિકા વચ્ચેની અપ્રત્યક્ષ ચર્ચાનો રાઉન્ડ સંપન્ન થયો પરંતુ બુધવારે મોડી સાંજ સુધી ચાલેલી આ મંત્રણામાં કાયમી શાંતિ માટેનો કોઈ માર્ગ શોધી શકાયો નથી. આ મંત્રણામાં મુખ્યત્વે હોર્મુઝ સમુદ્રધૂનિ તથા ઈરાનની જપ્ત કરાયેલી મિલ્કતો ઉપર જ બે દિવસ સુધી ચર્ચા ચાલી હતી. પરંતુ મુખ્ય બાબત ઈરાનનો પરમાણુ કાર્યક્રમ તે વિષે તો ચર્ચા હજી બાકી જ રહી છે.

હવે પછીની મંત્રણાનો રાઉન્ડ ઈરાનના દિવંગત સર્વોચ્ચ નેતા આયાતોલ્લાહ અલી ખામેનેઈના અંતિમ સંસ્કારો પછી યોજાશે તેમ માનવામાં આવે છે. આ માહિતી કતારનાં વિદેશ મંત્રાલયે આપી હતી. કતારનાં વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ એક્સ પોસ્ટ ઉપર જણાવ્યું હતું કે જુનમાં અટકેલી મંત્રણા પછી આ મંત્રણામાં સર્જનાત્મક પ્રગતિ થઈ છે. સ્વિત્ઝર્લેન્ડમાં યોજાયેલી આ મંત્રણા શિખર પરિષદ સમાન બની રહી હતી.

વોશિંગ્ટનમાં પ્રમુખ ટ્રમ્પે કહ્યું કે બંને પક્ષે ઈરાનના પરમાણુ કાર્યક્રમની મર્યાદા વિષે હવે પછી મંત્રણા કરશે. વાસ્તવમાં ઈરાન સાથેનાં અમેરિકા-ઈઝરાયેલ યુદ્ધનું આ મુખ્ય કારણ હતું. તેથી તો યુદ્ધ થયું. જો કે ઈરાનનાં ડી-ન્યુક્લિયરાઈઝેશન અંગે પણ મંત્રણા ચાલી રહી હતી. પરંતુ હવે પછી તેની ઉપર સવિશેષ ધ્યાન કેન્દ્રિત કરી મંત્રણા થવાની છે. આ મંત્રણાથી માહિતગાર સાધનોએ જણાવ્યું હતું કે ભલે પ્રમુખ ટ્રમ્પ કહે કે ઈરાનના પરમાણુ કાર્યક્રમ અંગે પણ ચર્ચા થઈ હતી. પરંતુ વાસ્તવિકતા તે છે કે તે વિષે ચર્ચા થઈ જ નથી.

જ્યારે અમેરિકાના ઉપપ્રમુખ જે.ડી.વાન્સે પત્રકારોને કહ્યું હતું કે સહજ રીતે જ અમે પરમાણુ મુદ્દા અંગે ચિંતિત છીએ. અમે તે અંગે મંત્રણા (હવે પછી) કરીશું. કતારમાં વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે અમેરિકન અને ઈરાની મંત્રણાકારોએ કતારી અને પાકિસ્તાની મધ્યસ્થીઓ સાથે અલગ અલગ મંત્રણા કરી હતી.

ટ્રમ્પના જમામૃ જાડેર કુશનેર અને અમેરિકાના વિશેષ રાજદૂત સ્ટીવ વિટકોફને વ્હાઈટ હાઉસે આ ઉચ્ચ સ્તરીય મંત્રણા માટે દોહા મોકલ્યા હતા. પરંતુ તેમણે સીધી રીતે આ મંત્રણામાં ભાગ લીધો ન હતો. તેમ એક વરિષ્ઠ અમેરિકન અધિકારીએ નામ ન જણાવવાની શરતે પત્રકારોએ કહ્યું હતું.


# વોટ્સએપ બાદ ટેલીગ્રામ, સિગ્નલ એપને IT મંત્રાલયે નોટિસ ફટકારી

**નવી દિલ્હી**

કેન્દ્ર સરકારે મેસેજિંગ પ્લેટફોર્મ્સ પર ઉપલબ્ધ 'યુઝરનેમ' ફીચર અંગે તપાસનો વ્યાપ વધુ વિસ્તૃત કર્યો છે. ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી પ્રૌદ્યોગિકી મંત્રાલયએ વોટ્સએપને નોટિસ મોકલ્યા બાદ હવે ટેલીગ્રામ અને સિગ્નલ એપ્લિકેશનને પણ સત્તાવાર નોટિસ ફટકારી છે. સરકારે બંને પ્લેટફોર્મને તેમના યુઝરનેમ ફીચર અંગે વિગતવાર સ્પષ્ટતા આપવા જણાવ્યું છે. ખાસ કરીને આ સુવિધાનો ઉપયોગ કરીને કોઈ વ્યક્તિ અન્યની ખોટી ઓળખ બનાવી શકે છે કે નહીં અને તેવા કિસ્સાઓને રોકવા માટે કયા સુરક્ષા પગલાં અમલમાં છે, તે અંગે માહિતી માગવામાં આવી છે. MeitYએ એ પણ પૂછ્યું છે કે યુઝરનેમ સિસ્ટમમાં ઓળખની ચકાસણી કેવી રીતે કરવામાં આવે છે અને જો કોઈ વ્યક્તિ અન્યનું નામ અથવા ઓળખનો દુરુપયોગ કરે તો તેની સામે પ્લેટફોર્મ કેવી રીતે કાર્યવાહી કરે છે. સરકારનો હેતુ ઓનલાઈન છેતરપિંડી, નકલી ઓળખ અને સાયબર ગુનાઓને રોકવા માટે ડિજિટલ પ્લેટફોર્મ્સની જવાબદારી વધુ મજબૂત બનાવવાનો છે. તાજેતરના સમયમાં મેસેજિંગ એપ્સ પર યુઝરનેમ આધારિત સંવાદની સુવિધા વધુ લોકપ્રિય બની રહી છે. જોકે, આ ફીચરનો દુરુપયોગ કરીને છેતરપિંડી અથવા કોઈ અન્ય વ્યક્તિ તરીકે રજૂ થવાના બનાવો પણ વધી શકે છે.







# કેનેડાના 4 પ્રાંતોમાં 'ગ્રીનર હોમ્સ ગ્રાન્ટ' પ્રોગ્રામ ફરી શરૂ કરાશે

## ઓછી અને મધ્યમ આવક ધરાવતા 35,000થી વધુ પરિવારોને ઉર્જા બિલ ઘટાડવામાં મળશે સહાય : ભાડૂતો પણ લઈ શકશે લાભ

**નોવા સ્કોસિયા**

કેનેડા સરકાર દ્વારા મધ્યમ અને ઓછી આવક ધરાવતા પરિવારો માટે અત્યંત લોકપ્રિય બનેલો 'ગ્રીનર હોમ્સ ગ્રાન્ટ' પ્રોગ્રામ ફરીથી શરૂ કરવા તૈયારી થઈ રહી છે. આ યોજના ટૂંક સમયમાં જ નોવા સ્કોસિયા, પ્રિન્સ એડવર્ડ આઈલેન્ડ, ક્યુબેક અને બ્રિટિશ કોલંબિયામાં પાછી ફરી રહી છે. પર્યાવરણ, આબોહવા પરિવર્તન અને પ્રકૃતિ મંત્રી જુલી ડાબ્રુસિન સોમવારે સવારે આ ચાર પ્રાંતોમાં ફેડરલ પ્રોગ્રામ ફરીથી શરૂ કરવાની સત્તાવાર જાહેરાત કરે તેવી અપેક્ષા છે.



મીડિયા અહેવાલો અનુસાર આ યોજના માટે $૫૦૦ મિલિયનથી વધુનું ભંડોળ નિર્દેશિત કરાશે. જેમાંથી $૩૦૦ મિલિયન ફેડરલ સરકાર આપશે. આ ભંડોળથી ૩૫,૦૦૦થી વધુ પરિવારોને હીટ પંપ, ઈન્સ્યુલેશન અને એર સીલિંગ જેવા નો-કોસ્ટ (વિનામૂલ્યે) હોમ રેટ્રોફિટ દ્વારા ઘરના ઉર્જા બિલ અને ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જન ઘટાડવામાં સીધી મદદ મળશે. મેનિટોબામાં શરૂ થનાર કાર્યક્રમનું પાછલું સંસ્કરણ માત્ર મકાનના માલિકો માટે જ ખુલ્લું હતું. જેમાં ભંડોળ ખૂટી જતાં તે બંધ થઈ ગયો હતો. જો કે, આ નવું સંસ્કરણ ખાસ કરીને ઓછીથી મધ્યમ આવક ધરાવતા પરિવારો પર ધ્યાન કેન્દ્રિત કરશે અને તે મકાનમાલિકોની સાથે-સાથે ભાડે રહેનારાઓ (ભાડૂતો) માટે પણ ખુલ્લું રહેશે. આ કાર્યક્રમને 'કેનેડા ગ્રીનર હોમ્સ એફોર્ડેબિલિટી પ્રોગ્રામ' (CGHAP)નામ આપવામાં આવ્યું છે અને તે મેનિટોબામાં પહેલેથી જ શરૂ કરી દેવાયો છે. બાકીના પાંચ પ્રાંતો અને ત્રણ પ્રદેશોમાં આ ક્યારે લાગુ થશે, તેની વિગતો હજુ જાહેર થઈ નથી.

આ પ્રોગ્રામ નોવા સ્કોસિયા સ્થિત ચારેય પ્રાંતોની સ્થાનિક સંસ્થાઓ તેમજ હાઈડ્રો-ક્યુબેક, બી.સી. હાઈડ્રો, ફોર્ટિસબીસી અને એફિશિયન્સીવન સાથે સંકલન કરીને વિતરિત કરાશે.

### 2024માં પ્રોગ્રામ અચાનક બંધ થતાં સરકારની થઈ હતી ટીકા

૨૦૨૧માં પ્રથમ વખત શરૂ કરાયેલા આ ફેડરલ પ્રોગ્રામ હેઠળ ઘરમાલિકોને ઉર્જા કાર્યક્ષમતા રેટ્રોફિટ્સ માટે $૫,૦૦૦ સુધીની અને ઘર ઉર્જા મૂલ્યાંકન ખર્ચ માટે $૬૦૦ સુધીની સહાય અપાતી હતી. રૂપિયા ૨.૬ અબજ ડોલરનો આ પ્રોગ્રામ અસલમાં ૨૦૨૭ સુધી ચાલવાનો હતો. પરંતુ ભંડોળ ખાલી થઈ જતાં ૨૦૨૪ની શરૂઆતમાં જ તે અચાનક બંધ થઈ ગયો હતો.

# કેનેડામાં ગરમીનો પ્રકોપ : અનેક પ્રાંતોમાં 'યેલો એલર્ટ' સાથે જીવલેણ હીટવેવની પણ ચેતવણી

## દક્ષિણ ક્યુબેક-ઓન્ટેરિયોમાં હ્યુમિડેક્સ 45 ડિગ્રી સુધી પહોંચવાની અને વાવાઝોડાની ભીતિ

**ટોરોન્ટો**

કેનેડાના મોટાભાગના વિસ્તારો હાલમાં ભયંકર ગરમીના મોજા (હીટવેવ)ની ચપેટમાં આવી ગયા છે. હવામાન નિષ્ણાતોના જણાવ્યા અનુસાર ગરમીનો આ પ્રકોપ આખું અઠવાડિયું ચાલુ રહેવાની ધારણા છે. જેના કારણે નાગરિકોને સનસ્ક્રીન અને પંખા હાથવગા રાખવાની સલાહ આપવામાં આવી છે. પર્યાવરણ અને આબોહવા પરિવર્તન કેનેડાના હવામાનશાસ્ત્રી જીન-ફિલિપ ચેનિયરે ચેતવણી આપી છે કે, ગરમીનો આ ગાળો અત્યંત ગંભીર અને જીવલેણ બનવાની સંભાવના ધરાવે છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ક્યુબેક અને બ્રિટિશ કોલંબિયા સિવાય દેશના લગભગ તમામ પ્રાંતો અને પ્રદેશોમાં ગરમીને લીધે 'યેલો એલર્ટ' જાહેર કરાયું છે. જ્યારે ક્યુબેકમાં હવાની નબળી ગુણવત્તાને કારણે 'ઓરેન્જ એલર્ટ' અને બી.સી.ના કેટલાક ભાગોમાં ધુમ્મસભર્યું વાતાવરણ છે. હવામાનશાસ્ત્રી પીટર ક્વિનલાને જણાવ્યું હતું કે, દક્ષિણ ક્યુબેકમાં હ્યુમિડેક્સ ૪૦થી ૪૪ ડિગ્રી જેટલું ઊંચું નોંધાઈ શકે છે, જેમાં સપ્તાહના અંતે થોડી રાહત મળવાની આશા છે. દક્ષિણ-પશ્ચિમ ઓન્ટેરિયોના મોટાભાગના વિસ્તારોમાં પણ 'યેલો એલર્ટ' જારી કરાયો છે, જ્યાં હ્યુમિડેક્સ ૩૭ થી ૪૫ ડિગ્રીની વચ્ચે રહેવાની સંભાવના છે. હવામાનશાસ્ત્રી ચેનિયરના જણાવ્યા મુજબ, આ હીટવેવ દરમિયાન માત્ર દિવસ જ નહીં, પરંતુ રાત્રિના સમયે પણ ગરમી તીવ્ર રહેશે. રાત્રિનું લઘુત્તમ તાપમાન પણ ૨૨, ૨૩ કે ૨૫ ડિગ્રીની આસપાસ રહેશે, જે સામાન્ય રીતે વહેલી સવારે ૪ કે ૫ વાગ્યે જ થોડું નીચું આવશે. આ સિવાય વધતી ગરમીને કારણે ઉત્તર અને પૂર્વીય ઓન્ટેરિયો તેમજ દક્ષિણ ક્યુબેકમાં ભારે વાવાઝોડું આવવાની પણ સંભાવના છે.

# શિક્ષણને પ્રાથમિકતા આપો, રમતગમત માટે બાળકોને શાળા ન છોડાવવા અપીલ

## બે કરતાં વધુ ગેરહાજરી હશે તો પૂરા ગુણ ગુમાવવા પડશે

**ટોરોન્ટો**


ઓન્ટેરિયોના શિક્ષણમંત્રી પોલ કેલેન્ડ્રાએ આગામી વર્ષથી લાગુ થઈ રહેલા હાજરીના નવા નિયમોને ધ્યાનમાં રાખીને વાલીઓને એક ખાસ વિનંતી કરી છે. તેમણે વાલીઓને આગ્રહ કર્યો છે કે, રમતગમતની ટુર્નામેન્ટો માટે તેઓ પોતાના બાળકોને શાળામાંથી રજા ન અપાવે. શિક્ષણમંત્રીએ સ્પષ્ટ કર્યું છે કે પ્રાંતની હાઈસ્કૂલોમાં હાજરીનો દર દેશમાં સૌથી ખરાબ સ્તરે પહોંચી ગયો છે, જેના કારણે શૈક્ષણિક ગુણવત્તા જાળવી રાખવા સરકારે આ કડક પગલું ભરવું પડ્યું છે. નવા નિયમો અનુસાર આગામી શાળા વર્ષથી વિદ્યાર્થીઓની હાજરી અને વર્ગખંડમાં ભાગીદારીના આધારે અંતિમ ગુણના ૧૦ અથવા ૧૫ ટકા નક્કી કરવામાં આવશે.

ધોરણ ૯ અને ૧૦માં હાજરી તથા ભાગીદારી અંતિમ ગુણના ૧૫ ટકા રહેશે, જ્યારે ધોરણ ૧૧ અને ૧૨માં તેનું પ્રમાણ ૧૦ ટકા રાખવામાં આવ્યું છે. જો કોઈ વિદ્યાર્થી શૈક્ષણિક વર્ષ દરમિયાન બે કરતાં વધુ વખત ગેરહાજર રહેશે, તો તે આ સંપૂર્ણ ૧૫ કે ૧૦ ટકા ગુણ મેળવી શકશે નહીં. સામાન્ય રીતે બીમારીઓ અને ધાર્મિક કે પવિત્ર દિવસોની ગેરહાજરીને માફીપાત્ર ગણવામાં આવે છે.

# ટોરોન્ટોના વોટરફ્રન્ટ પર નવું કામચલાઉ ઓન્ટેરિયો સાયન્સ સેન્ટર શરૂ કરાયું

## પરમેનેન્ટ સાયન્સ સેન્ટર અચાનક બંધ કરાયાના બે વર્ષ બાદ ફોર્ડ સરકારનો નિર્ણય

## 2029માં ખુલનારા અત્યાધુનિક નવા કેન્દ્ર માટે પ્રાંત સરકાર અને ભાગીદારો વચ્ચે $1.04 બિલિયનનો કરાર



**ટોરોન્ટો**

ટોરોન્ટોના વોટરફ્રન્ટ ઉપર ફોર્ડ સરકાર દ્વારા સત્તાવાર રીતે કામચલાઉ વિજ્ઞાન કેન્દ્ર (સાયન્સ સેન્ટર) ખુલ્લું મૂકવામાં આવ્યું છે. આ આકર્ષણનું નવું અને કાયમી સંસ્કરણ બનાવવાનું કામ હાલ પ્રગતિમાં હોવાથી મુલાકાતીઓ માટે આ વચગાળાની વ્યવસ્થા ઊભી કરાઈ છે. પરમેનેન્ટ સાયન્સ સેન્ટરને અચાનક જ જાહેર જનતા માટે બંધ કરવામાં આવ્યાના બે વર્ષ બાદ, પર્યટન, સંસ્કૃતિ અને ગેમિંગ મંત્રી સ્ટેન ચોએ સોમવારે નવા હાર્બરફ્રન્ટ સેન્ટર લોકેશનનું અનાવરણ કર્યું હતું. મંત્રી સ્ટેન ચોએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, નવું હાર્બરફ્રન્ટ સેન્ટર પરિવારો અને વિદ્યાર્થીઓ માટે વિજ્ઞાનને જીવંત બનાવશે. ટોરોન્ટોના વોટરફ્રન્ટ ઉપર વધુ મુલાકાતીઓને આકર્ષશે અને સ્થાનિક નોકરીઓ તેમજ વ્યવસાયોને મોટો ટેકો આપશે. આ નવું કામચલાઉ સાયન્સ સેન્ટર આશરે ૮૬,૦૦૦ ચોરસ ફૂટ વિસ્તારમાં ફેલાયેલું છે. જોકે, તે ૫૬૮,૦૦૦ ચોરસ ફૂટ ધરાવતા જૂના સ્થાનના કદના આશરે ૧૫ ટકા જેટલું જ છે. તેમ છતાં અહીં મુલાકાતીઓ માટે સ્પેસ-થીમ આધારિત અદભુત પ્રદર્શનો, "ઈનોવેશન સ્ટેશન" અને ગતિ પાછળના વિજ્ઞાનના ખુલાસા જેવી વિવિધ રસપ્રદ પ્રવૃત્તિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. સરકારે જણાવ્યું છે કે, આ વર્ષના અંતમાં અહીં વધુ પ્રદર્શનો ઉમેરવામાં આવશે, પરંતુ આ કામચલાઉ સ્થળ પાછળ કુલ કેટલો ખર્ચ થશે, તેની સત્તાવાર વિગતો હજુ જાહેર કરાઈ નથી. ઓન્ટેરિયો સાયન્સ સેન્ટરના સીઈઓ પોલ કોર્ટેનારે જણાવ્યું હતું કે, "હાર્બરફ્રન્ટ સેન્ટર ખાતે અમારા વિસ્તરણના પ્રથમ તબક્કામાં મુલાકાતીઓને આવકારવા માટે અમે ખૂબ જ રોમાંચિત છીએ." સરકાર હાલમાં એક નવું કાયમી વિજ્ઞાન કેન્દ્ર બનાવવાની તૈયારીમાં છે, મંત્રી ચોએ સ્વીકાર્યું હતું કે છેલ્લા બે વર્ષથી ખાલી પડેલા જૂના સાયન્સ સેન્ટરની ઈમારતનું ભવિષ્યમાં શું થશે તે અંગે હજુ "ખાતરી નથી". બીજી તરફ, પ્રીમિયર ડગ ફોર્ડે નવા વિજ્ઞાન કેન્દ્ર વિશે પોતાનો ભારે ઉત્સાહ વ્યક્ત કર્યો છે અને તેને સંપૂર્ણ અત્યાધુનિક બનાવવાનું વચન આપ્યું છે. આ નવું કેન્દ્ર ઓન્ટેરિયો પ્લેસ ખાતે બનાવવામાં આવી રહ્યું છે.

# સાઉથલેક સિનિયર્સ ક્લબ દ્વારા વરિષ્ઠો માટે મફત ડિજિટલ શિક્ષણ વર્ગ યોજાશે

**બ્રામ્પ્ટન**

સાઉથલેક સિનિયર્સ ક્લબ દ્વારા ૫૫ વર્ષથી વધુ ઉંમરના લોકો માટે મફત ડિજિટલ શિક્ષણ વર્ગનું આયોજન કરાયું છે. જેમાં સંગઠન દ્વારા ટેબ્લેટ પ્રદાન કરવા ઉપરાંત ટેબ્લેટ કેવી રીતે ચલાવવું, તમારું પોતાનું ઈમેઈલ સરનામું કેવી રીતે બનાવવું અને ખોલવું, ઓનલાઈન બેંકિંગ, વિવિધ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ કેવી રીતે ચલાવવા, સર્ફિંગ, સરકારી વેબસાઈટ્સ કેવી રીતે નેવિગેટ કરવી વગેરે શીખવવામાં આવશે.

દર અઠવાડિયે ૩ કલાકનો મફત વર્ગ ચાલશે. જેમાં સોફ્ટ ડ્રિંક અને હળવો નાસ્તો પણ આપવામાં આવે છે. દર શુક્રવારે બ્રામ્પટનના સિટી હોલ ખાતે WT 2C અને WT 2D વેસ્ટ ટાવર, બ્રેમ્પટન શહેર 41 જ્યોર્જ સ્ટ્રીટ સાઉથ, બ્રેમ્પટન, L6Y 2E1 ખાતે શીખવા માટે કોઈ ઉંમર મર્યાદા નથી.

આગામી મફત ડિજિટલ સાક્ષરતા બેચ ઓગસ્ટથી શરૂ થશે. 55+ વયના કોઈપણ રસ ધરાવતા વ્યક્તિ જોડાઈ શકે છે. નોંધણી માટે ભારત શર્મા: 647 706 0067, રેહાના હાફીઝ (647 620 8412)નો સંપર્ક કરવો.






# સ્કારબરો બ્રહ્મા કુમારી સેન્ટર ખાતે "ફાધર્સ ડે"ની આધ્યાત્મિક વાતાવરણમાં ઉત્સાહભેર ઉજવણી

## નૃત્ય, ગરબા, યોગની પ્રસ્તુતિ, સ્વાદિષ્ટ ભોજન પીરસાયું, ભાઈઓ અને પિતાઓનું સન્માન

**ટોરોન્ટો (કેનેડા)**

કેનેડાના સ્કારબરો સ્થિત બ્રહ્મા કુમારી સેન્ટર ખાતે ગુરુવાર ૨૫ જૂન, ૨૦૨૬ના રોજ "ફાધર્સ ડે"ની ખૂબ જ ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ વિશેષ પ્રસંગે ૩૦ ભાઈઓ અને ૬૫ બહેનોએ એકત્રિત થઈને નૃત્ય, યોગ શક્તિ, ગરબા અને ભેટ સોગાદો દ્વારા પિતાના વ્યક્તિત્વ અને પરિવાર તેમજ સમાજમાં તેમની મહત્વપૂર્ણ ભૂમિકાને સન્માનિત કરી હતી. પિતા પ્રત્યે પ્રેમ, માર્ગદર્શન, ત્યાગ અને તેમના બાળકોના જીવનમાં આપેલા યોગદાન માટે પ્રશંસા વ્યક્ત કરવાના આ દિવસની સ્કારબરો કેન્દ્ર ખાતે ખૂબ જ ભાવપૂર્ણ રીતે ઉજવણી કરાઈ હતી.

આ પ્રસંગે સંસ્થાના આધ્યાત્મિક રહસ્યોને યાદ કરતા મહાનુભાવો દ્વારા જણાવાયું હતું કે, પરમાત્માને પોતાનું કોઈ શરીર ન હોવાથી તે એક ભાગ્યશાળી રથ (માનવ શરીર) દ્વારા અવતરણ કરીને બ્રહ્મજ્ઞાન આપે છે, જેમને વિવિધ ધર્મોમાં આદમ, એડમ, આદિદેવ કે મહાવીર તરીકે ઓળખવામાં આવે છે.





### વિશ્વ પરિવર્તનના દૈવી કાર્યમાં ભાઈઓના અમૂલ્ય સહયોગને બહેનોએ આદરપૂર્વક બિરદાવ્યો

સર્વશક્તિમાન પરમાત્મા કે જેઓ સમય, કર્મથી પર અને જ્ઞાન તેમજ ગુણોના સાગર છે, તેમના આ દૈવી જ્ઞાનને વિશ્વના ૧૧૦ દેશોમાં ફેલાવવામાં માતાઓ અને બહેનોની સાથે ભાઈઓ પણ ખભેખભા મિલાવીને મદદ કરી રહ્યા છે. આ નિમિત્તે "ફાધર્સ ડે" પર બહેનોએ પિતા અને ભાઈઓને તેમના આ વિશેષ અને નિઃસ્વાર્થ કાર્ય માટે આદરપૂર્વક સન્માનિત કર્યા હતા.

કાર્યક્રમને સફળ બનાવવા માટે ૨૫ બહેનોની એક વિશેષ ટીમ તૈયાર કરવામાં આવી હતી. આ ટીમે સુંદર ગીતો, પ્રેરણાદાયી યોગ શક્તિ, સુંદર ભેટો અને આશીર્વાદ કાર્ડ આપીને તમામ પિતાઓ અને ભાઈઓ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. ત્યારબાદ બહેનો દ્વારા અત્યંત પ્રેમપૂર્વક તૈયાર કરાયેલું સ્વાદિષ્ટ ભોજન સૌને પીરસવામાં આવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમ ખૂબ જ દિવ્ય અને યાદગાર રહ્યો હતો. અંતમાં, આ સ્નેહમિલન અને આધ્યાત્મિક મહોત્સવમાં ભાગ લેવા બદલ સંસ્થા દ્વારા ઉપસ્થિત તમામ ભાઈઓ, બહેનો અને વડીલોનો હૃદયપૂર્વક આભાર માનવામાં આવ્યો હતો.










તંત્રી સ્થાનેથી

# પાસપોર્ટ પણ નાગરિકતાનો પુરાવો નહીં : ભારતમાં વધુ એક અવઢવ

તાજેતરમાં ભારતીય પાસપોર્ટને નાગરિકતાનો પુરાવો ન ગણી શકાય, તેવા વિદેશ મંત્રાલયના વલણથી વિવાદ થયો છે. વળી, આ વિવાદમાં સરકારે કરેલો ખુલાસો તો તેથી પણ વધુ આંચકાજનક છે. કેન્દ્ર સરકારે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે, આ કોઈ નવો નિયમ કે તાજેતરનો નીતિગત ફેરફાર નથી, પરંતુ આ કાનૂની સ્થિતિ દાયકાઓથી અમલમાં છે. એક અધિકારીએ કહ્યું કે, એવું બિલકુલ નથી કે પાસપોર્ટ નાગરિકતાનો પુરાવો નથી તેવો નિર્ણય ગઈકાલે જ લેવાયો હોય, આ કાયદો વર્ષો જૂનો છે.



તંત્રી - સ્વદેશ

હકીકતમાં બે દિવસ પહેલાં વિદેશ મંત્રાલય દ્વારા 'પાસપોર્ટ સેવા દિવસ' નિમિત્તે ચિપ-આધારિત ઈ-પાસપોર્ટના ફાયદા વર્ણવાઈ રહ્યા હતા. દરમિયાન મંત્રાલયે સ્પષ્ટ કર્યું કે પાસપોર્ટ એ મુખ્યત્વે મુસાફરી માટેનો દસ્તાવેજ હોવાથી તેને નાગરિકતાનો અંતિમ કે પાકો પુરાવો ગણી શકાય નહી. વિદેશ મંત્રાલયના આ નિવેદન બાદ વિપક્ષી નેતાઓએ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા અને સોશિયલ મીડિયામાં આ મુદ્દે મોટી ચર્ચા જાગી હતી. સરકાર આ મુદ્દે હવે નવુ ગતકડું કરવા જઈ રહ્યાની પણ ચર્ચા ચાલી રહી છે.

અત્યાર સુધીની સામાન્ય જાણકારી એવી હતી કે, ભારતમાં જન્મના આધારે બર્થ સર્ટિફિકેટ અને તેને સંલગ્ન દસ્તાવેજોના આધારે વ્યક્તિની નાગરિકતા નક્કી થાય છે. આઝાદીથી ૧૯૮૭ સુધીમાં અને ત્યારબાદ ૨૦૦૪ સુધીમાં અને ૨૦૦૪ પછી જન્મેલા લોકોના બર્થ સર્ટિફિકેટ તથા તેમના માતા-પિતાના વિવિધ સર્ટિફિકેટ સંયુક્ત રીતે જે-તે વ્યક્તિ ભારતીય હોવાનું સિદ્ધ કરે છે. ભારતમાં રહેતી કોઈપણ વ્યક્તિ ભારતની નાગરિક છે કે નહીં તે કેવી રીતે અને કયા દસ્તાવેજો દ્વારા સાબિત કરી શકાય છે, તેની આજદિન સુધી ભારતીયોને જ ખબર નથી. પાસપોર્ટ અધિનિયમ ૧૯૬૭ હેઠળ ભારતીય પાસપોર્ટ માત્ર ભારતીય નાગરિકોને જ આપવામાં આવે છે. પાસપોર્ટ માટે અરજી થાય ત્યારે પોલીસ વેરિફિકેશન, દસ્તાવેજોની ચકાસણી અને ઓળખ વગેરે ઘણી પ્રક્રિયામાંથી નાગરિકે પસાર થવું પડે છે. પાસપોર્ટ અધિનિયમની કલમ ૬(૨)(એ) મુજબ અધિકારીઓ દ્વારા અરજદાર ભારતનો નાગરિક ન હોય તો તેનો પાસપોર્ટ રિજેક્ટ કરી શકાય છે. તેના કારણે જ લોકો પાસપોર્ટને ભારતીય હોવાનો મજબૂત પુરાવો માને છે.

બર્થ સર્ટિફિકેટ પણ વ્યક્તિની નાગરિકતા સિદ્ધ કરવાનો નક્કર દસ્તાવેજ નથી. ભારતમાં નાગરિકતાના કાયદામાં સમયાંતરે ફેરફાર થતો આવ્યો છે. આ કાયદાને અનુલક્ષીને જ્યારે વ્યક્તિના બર્થ સર્ટિફિકેટની માન્યતાની વાત આવે, ત્યારે તેના જન્મના વર્ષ ઉપર આધાર રાખે છે કે વ્યક્તિ ભારતની નાગરિકતા ધરાવે છે કે નહીં. સૌથી પહેલાં તો ભારતમાં ૨૬ જાન્યુઆરી ૧૯૫૦થી ૧ જુલાઈ ૧૯૮૭ સુધી જન્મેલા લોકોનું બર્થ સર્ટિફિકેટ એટલે કે જન્મનું પ્રમાણપત્ર જ નાગરિકતા માટે પૂર્ણ અને અંતિમ પુરાવો ગણાય છે. તે સમયે ભારતમાં નિયમ હતો કે, ભારતમાં જન્મ લેનારી દરેક વ્યક્તિને ભારતની નાગરિકતા આપી દેવી. તે સમયે જન્મ લેનારાના માતા-પિતા ગમે તે દેશના હોય કે ગમે ત્યાંથી નાગરિકતા ધરાવતા હોય, તેનાથી કોઈ ફરક પડતો નહોતો.

આ ઉપરાંત ૧ જુલાઈ ૧૯૮૭થી ૩ ડિસેમ્બર ૨૦૦૪ વચ્ચે જન્મેલા લોકોનું બર્થ સર્ટિફિકેટ માત્ર માન્ય પુરાવો નથી. તેની સાથે તેમણે એ પણ સિદ્ધ કરવું પડે છે કે, તેમના પરિવારમાં ઓછામાં ઓછી એક વ્યક્તિ પ્રમાણિત ભારતીય નાગરિક છે. આ સિવાય ૩ ડિસેમ્બર ૨૦૦૪ પછી જન્મેલી કોઈપણ વ્યક્તિને સીધેસીધી નાગરિકતા મળતી નથી. તે પહેલાં તેના માતા-પિતાની ભારતીય નાગરિક હોવાના પુરાવા તથા બર્થ સર્ટિફિકેટ જરૂરી છે. અહીં માતા અથવા પિતામાંથી કોઈપણ એક ભારતીય હોય અને બીજી વ્યક્તિ ભારતમાં ગેરકાયદે રહેતી નથી તે પણ સિદ્ધ કરવું પડે છે.

મહત્ત્વની વાત એવી છે કે, ભારતમાં અદાલતો પણ સાક્ષીઓ અને પુરાવાના આધારે વ્યક્તિના અસ્તિત્વનો સ્વીકાર કરે છે. તેમાંય જ્યારે સરહદપારથી આવેલી વ્યક્તિ હોય અથવા તો ઘુસણખોરીનો કેસ હોય ત્યારે અદાલતો દ્વારા તમામ દસ્તાવેજોની ચકાસણી કરવામાં આવે છે. ભારતમાં નાગરિકતા માત્ર એક જ દસ્તાવેજ દ્વારા નહીં પણ વિવિધ દસ્તાવેજોના સંયોજન દ્વારા નક્કી કરાય છે.

આશ્ચર્યજનક વાત એ છે કે, આધાર કાર્ડ, વોટર આઈડી, પાન કાર્ડ અને બર્થ સર્ટિફિકેટ અંગે લોકોમાં ભયાનક ભ્રમ ફેલાયેલો છે. લોકોને આ દસ્તાવેજોની વાસ્તવિકતા અને તેના કાયદાકીય સ્વીકૃતિ વિશે પૂરતું જ્ઞાન જ નથી. આધાર કાર્ડ એટલે કે, યુઆઈડીએઆઈ દ્વારા સ્પષ્ટતા કરાઈ છે કે, આધાર કાર્ડ કોઈપણ ભારતીય માટે નાગરિકતાનું પ્રમાણપત્ર નથી. આધાર કાયદા હેઠળ આ આઈડી એવી વ્યક્તિને આપવામાં આવે છે જે ભારતમાં રહે છે. તેનાથી વ્યક્તિ ભારતનો નાગરિક હોવાનું પુરવાર થતું નથી. તેથી આધાર કાર્ડ કોઈપણ વ્યક્તિની નાગરિકતાનો પુરાવો ગણી શકાય નહીં. પાન કાર્ડમાં પણ એવું જ છે. તે ઈન્કમટેક્સ સિસ્ટમનું ઓળખપત્ર છે. પાન કાર્ડ દ્વારા વ્યક્તિની આર્થિક ગતિવિધિઓ અને કામગીરીઓ ઉપર નજર રાખી શકાય છે. પાન કાર્ડ ધરાવનાર વ્યક્તિ પણ સરકારી સેવાઓમાં અને ખાસ કરીને આર્થિક બાબતોમાં તેનો ઉપયોગ કરી શકે તે માટે હોય છે.

રેશનિંગ કાર્ડની પણ આવી જ સ્થિતિ છે. સરકારની કલ્યાણકારી યોજનાઓના લાભ મળે તે માટે વ્યક્તિ પ્રમાણિત છે અને રજિસ્ટર્ડ છે તે સાબિત કરવા આ કાર્ડ અપાય છે. તેને પણ નાગરિકતાનું પ્રમાણ માનવામાં આવતું નથી. વોટર આઈડી કાર્ડને પણ નાગરિકતાનું પ્રમાણ ગણવામાં આવતું નથી. જનપ્રતિનિધિત્વ કાયદા ૧૯૫૦ હેઠળ માત્ર ભારતીય નાગરિકને મતદાર યાદીમાં સ્થાન આપવામાં આવે છે. આ યાદીમાં સ્થાન ધરાવતી વ્યક્તિને જ આ કાર્ડ અપાય છે અને તેના આધારે તેને મતદાતા તરીકે સ્વીકારવામાં આવે છે. તેમ છતાં આ કાર્ડને પણ નાગરિકતાનો પુરાવો ગણી શકાય તેમ નથી.

જાણકારના મતે નાગરિકતા કાયદા ૧૯૫૫ હેઠળ જાહેર કરવામાં આવેલા સર્ટિફિકેટ ઓફ રજિસ્ટ્રેશન અથવા તો સર્ટિફિકેટ ઓફ નેચરલાઈઝેશન દ્વારા જ વ્યક્તિ પોતાની નાગરિકતા સિદ્ધ કરી શકે છે. આ સર્ટિફિકેટ કેન્દ્રીય ગૃહમંત્રાલય દ્વારા આપવામાં આવે છે. આ સર્ટિફિકેટ એવા લોકોને આપવામાં આવે છે. વિવાદ અથવા તો સમસ્યા ત્યાં છે કે, ભારત જેવા અબજોની વસતી ધરાવતા દેશમાં કોઈ અલગ સિટિઝનશિપ સર્ટિફિકેટ આપવા જેવું કોઈ માળખું નથી અને એવો કોઈ દસ્તાવેજ પણ નથી. તેના કારણે જ સમયાંતરે નાગરિકતા સાબિત કરવાનો મુદ્દો વર્ષોથી વિવાદમાં ઘસડાતો રહે છે. ભારતીય લોકશાહીમાં આજે પણ નાગરિકતાનો મુદ્દો યથાવત્ રીતે વિવાદમાં અટવાયેલો છે. ડિજિટલ યુગમાં જ્યાં વ્યક્તિની ઓળખ ચોરીને ડિપફેક બની રહ્યા છે ત્યાં ભારતીયો પાસે પોતાની નાગરિકતા સિદ્ધ કરવાનું બંધારણીય તંત્ર અથવા સર્ટિફિકેટ જ નથી.

મનોજ ગાંધી

manoj1968@yahoo. ca






# સુરત નાસીરનગર ડિમોલિશન કેસમાં 5 અધિકારી સસ્પેન્ડ

## ઝોનલ ઓફિસર તરીકે હાજર રહેલા કાર્યપાલક ઈજનેર જયાંગ જીવનરામજીવાલાની ભૂમિકા તપાસના કેન્દ્રમાં, ખાતાકીય તપાસ શરૂ

**સુરત**

નાસીર નગર ડિમોલિશન મામલે તપાસ સમિતિના અહેવાલ બાદ બે કાર્યપાલક ઈજનેર સહિત પાંચ અધિકારીઓને સસ્પેન્ડ કરીને ખાતાકીય તપાસ શરૂ કરવામાં આવી છે. સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલા નાસીરનગર ખાતે તા. 30 મે, 2026ના રોજ કરવામાં આવેલી ડિમોલિશનની કાર્યવાહી ભારે વિવાદમાં સપડાઈ હતી. સમગ્ર મામલો હાઈકોર્ટ સુધી પહોંચ્યા બાદ પાલિકાએ તપાસ સમિતિની રચના કરી હતી. સમિતિએ રજૂ કરેલા અહેવાલમાં સામે આવેલા મુદ્દાઓના આધારે હવે જવાબદાર અધિકારીઓને સસ્પેન્ડ કરવા સાથે ખાતાકીય



તપાસ શરૂ કરવામાં આવી છે. તપાસ દરમિયાન કોઈપણ પ્રકારની અસર ન પડે અને કાર્યવાહી નિષ્પક્ષ રીતે થઈ શકે તે માટે પાલિકાએ પાંચ ઈજનેરોને તાત્કાલિક અસરથી ફરજમુક્ત (સસ્પેન્ડ) કરવાનો નિર્ણય લીધો છે. પાલિકાએ સસ્પેન્ડ કરાયેલા અધિકારીઓમાં કાર્યપાલક ઈજનેર સુજલ કુમાર ધરમશીભાઈ પ્રજાપતિ, કાર્યપાલક ઈજનેર જયાંગ રજનીકાંત જીવનરામજીવાલા, ડેપ્યુટી ઈજનેર અર્પણ મનસુખલાલ પરમાર, આસિસ્ટન્ટ ઈજનેર મોનિક બાબુભાઈ ગઢીયા અને જુનિયર ઈજનેર નરેશકુમાર બીનલભાઈ ગલચરનો સમાવેશ થાય છે. ઝોનલ ઓફિસર તરીકે ડિમોલિશન દરમિયાન હાજર રહેલા કાર્યપાલક ઈજનેર જયાંગ જીવનરામજીવાલાની ભૂમિકા તપાસના કેન્દ્રમાં છે. બીજી તરફ, રોડ વિભાગના કાર્યપાલક ઈજનેર સુજલ પ્રજાપતિને આ ડિમોલિશન કામગીરી સાથે સીધી જવાબદારી ન હોવા છતાં તેઓ સ્થળ પર હાજર રહ્યા હતા. તેમની હાજરીને લઈને સવાલ ઉઠ્યા છે.

### વિવાદમાં ઘેરાયેલા ડીસીપી નકુમ સહિત 6ને પ્રમોશન અપાયું

સુરતના વિવાદાસ્પદ નાસીરનગર ડિમોલિશન મામલે ચર્ચામાં આવેલા ડીસીપી રાજદીપ સિંહ નકુમ સહિત ગુજરાત પોલીસ સેવાના ૬ અધિકારીઓને ભારતીય પોલીસ સેવા (IPS)માં પ્રમોશન આપવામાં આવ્યું છે. કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલી સત્તાવાર અધિસૂચના બાદ આ નિર્ણય સામે અનેક સવાલો ઉઠી રહ્યા છે, કારણ કે આ પ્રમોશનના માત્ર ૭ દિવસ પહેલા જ હાઈકોર્ટે ડિમોલિશન મામલે કડક વલણ અપનાવી તીખા સવાલો કર્યા હતા

# નસવાડીના કૂકરદા ગામે ખેતરમાં વાંસ કાપતા ખેડૂતનું વીજ કરંટ લાગતા મોત

**છોટાઉદેપુર**

છોટા ઉદેપુર જિલ્લાના નસવાડી તાલુકામાં કૂકરદા ગામમાં રહેતા 50 વર્ષીય ખેડૂત ખામજી રેલિયા પોતાના ખેતરના છેડે આવેલા વાંસ કાપી રહ્યા હતા. આ દરમિયાન ત્યાંથી પસાર થતી વીજ લાઈનમાંથી અચાનક જીવંત વીજ પ્રવાહ (કરંટ) નીચે ઉતર્યો હતો. વાંસ કાપી રહેલા ખેડૂત આ હાઈવોલ્ટેજ કરંટની ચપેટમાં આવી ગયા હતા અને જોતજોતામાં તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. અકસ્માતની જાણ થતાં જ આસપાસના ખેતરોમાંથી અને ગામમાંથી લોકોના મોટા ટોળા ઘટનાસ્થળે ઉમટી પડ્યા હતા. આ ગમખ્વાર ઘટનાને પગલે મૃતક ખેડૂતના પરિવાર પર આભ તૂટી પડ્યું છે. ખામજી રેલિયા પોતાના પરિવારના મુખ્ય કમાનાર વ્યક્તિ હતા. તેમના અવસાનથી તેમના 5 સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવી દીધી છે. ઘરના મોભીનું આ રીતે અકાળે મોત થતાં સમગ્ર ગામમાં શોકનું મોજું ફરી વળ્યું છે. સ્થાનિક રહીશોના આક્ષેપ મુજબ, આ દુર્ઘટના પાછળ સંપૂર્ણપણે વીજ કંપની જવાબદાર છે. મધ્ય ગુજરાત વીજ કંપની (MGVCL)ના અધિકારીઓ સ્થાનિક વિસ્તારોમાં જર્જરિત વીજ લાઈનોનું સમયસર રિપેરિંગ કરવામાં સદંતર નિષ્ફળ નીવડ્યા છે.

# સુરતમાં 80 કિલોની યુવતીએ પાતળા થવાની લ્હાયમાં 1.77 કરોડ ગુમાવ્યા, 4 પકડાયા

## ગુરુગ્રામના ચાલતું હતું કોલ સેન્ટર, જ્યાંથી દેશભરના લોકોને શિકાર બનાવતા હતા

**સુરત**

સોશિયલ મીડિયા પર વજન ઘટાડવા અને સુંદર દેખાવાની આકર્ષક જાહેરાતો પાછળ છુપાયેલા આંતરરાષ્ટ્રીય સાયબર કૌભાંડનો સુરત સાયબર ક્રાઈમ બ્રાન્ચે પર્દાફાશ કર્યો છે. તપાસમાં જાણવા મળ્યું કે હરિયાણાના ગુરુગ્રામ સ્થિત ક્યુરેસ્ટ સાયન્સ એન્ડ વેલનેસ પ્રાઈવેટ લિમિટેડના નામે 150થી વધુ યુવતીઓવાળું કોલ સેન્ટર ચલાવવામાં આવતું હતું, જ્યાંથી લોકોને વજન ઘટાડવાની દવા અને સલાહના બહાને વિશ્વાસમાં લઈને છેતરપિંડી કરવામાં આવતી હતી.

સુરતની એક ગૃહિણીએ ફેસબુક પર જાહેરાત જોઈ સંપર્ક કરતાં ગેંગે પોતાને ડૉક્ટર તરીકે ઓળખાવી વિવિધ બહાનાંથી તેમની પાસેથી કુલ 1.77 કરોડ રૂપિયા પડાવ્યા. આરોપીઓ અલગ-અલગ ખોટી ઓળખથી કામ કરતા હતા અને બેંક ટ્રાન્સફરને બદલે દિલ્હીથી કુરિયર બોયને વિમાન મારફતે મોકલી સીધી રોકડ વસૂલતા હતા.

કરોડો રૂપિયા લીધા બાદ પણ ગેંગે ‘મેડિકલ ફાઈલ બંધ થઈ જશે’ તેવી ધમકી આપી વધુ 81.50 લાખ રૂપિયા માંગ્યા હતા. ત્યારબાદ ગૃહિણીએ સુરત સાયબર ક્રાઈમ બ્રાન્ચનો સંપર્ક કર્યો. પોલીસે જાળ બિછાવી 81 લાખની રોકડ લેવા આવેલા કુરિયર બોયને રંગે હાથે ઝડપી લીધો હતો. તેની પૂછપરછના આધારે ગુરુગ્રામમાં દરોડા પાડી મુખ્ય આરોપી હેના, રાહુલ, નિશા સહિત 4ની ધરપકડ કરાઈ છે. પોલીસને સમગ્ર દેશવ્યાપી કૌભાંડ 80 કરોડ રૂપિયાથી વધુનું હોવાની આશંકા છે.

# માત્ર 30 સેકન્ડમાં 30 લાખના દાગીના લઈ ફરાર, હાથફેરો કરતો કારીગર કમેરામાં કેદ

## બંગાળી કારીગર સુરતની કંપનીમાં અગાઉ પાંચ વર્ષ કામ કરી ચૂક્યો હતો

**સુરત**

મહિધરપુરા ભવાની વડ મેઈન રોડ પર સ્થિત સાંધા નિવાસના ગ્રાઉન્ડ ફ્લોરમાં ‘સાંધા જ્વેલ્સ’ નામે સોના તથા ડાયમંડના દાગીના બનાવવાનું કારખાનું આવેલું છે. આ કારખાનાના માલિક પ્રદીપકુમાર માઈતી (મૂળ પશ્ચિમ બંગાળ)એ ગત પાંચમી જૂનના રોજ પશ્ચિમ બંગાળના જ વતની સંજીબ ઉર્ફે બાપન સ્વપન સાધ્યને માસિક 25 હજાર રૂપિયાના પગારે નોકરીએ રાખ્યો હતો. સંજીબ અગાઉ પણ પ્રદીપકુમારને ત્યાં પાંચ વર્ષ નોકરી કરી ચૂક્યો હોવાથી અને દાગીનામાં ડાયમંડ લગાવવાનું કામ જાણતો હોવાથી તેને રાખવામાં આવ્યો હતો, તેમજ તેને રહેવા માટે દુકાનની પાછળ કારીગરોની રૂમમાં વ્યવસ્થા પણ કરી આપવામાં આવી હતી. ગત 16મી જૂનના રોજ રાત્રે કારખાનાના મેનેજર સુદીપકુમાર દાસ નિયત સમયે ઘરે નીકળી ગયા હતા, જેથી કારીગર સંજીબે ગ્રાહકોના સોના અને હીરા પોતાના લોકરમાં મૂકી દીધા હતા. બીજા દિવસે સવારે મેનેજરે આવીને સંજીબને તેના લોકરમાંથી દાગીના કાઢીને કામ શરૂ કરવા જણાવ્યું હતું. ત્યારબાદ મેનેજર કોઈ કામ અર્થે ઉપરના માળે ગયા હતા. મેનેજર ઉપર ગયાની સાથે જ સંજીબે માત્ર 30 સેકન્ડના ગાળામાં લોકરમાંથી ગ્રાહકોના સોનાના 111.56 ગ્રામના દાગીના અને 62.38 કેરેટના ડાયમંડ મળી કુલ 30.42 લાખ રૂપિયાની મત્તા ચોરી લીધી હતી.

# આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સમાં ભાગ લેવા બદલ સુરતના 2 સહિત 3 ડોક્ટર દોષિત

**સુરત**

ફાર્માસ્યુટિકલ કંપની પાસેથી આર્થિક લાભ અને વિદેશ પ્રવાસનો ખર્ચ સ્વીકારવો આ ત્રણ તબીબોને ભારે પડ્યો છે. કાઉન્સિલે ત્રણેય ડોક્ટરોને ૧૩ મહિના માટે સસ્પેન્ડ કરી તેમનું મેડિકલ રજિસ્ટ્રેશન રદ કરવાનો આદેશ આપ્યો છે.

GMC દ્વારા શિસ્તભંગના કેસમાં જે ત્રણ તબીબો પર ગાજ પડી છે, તેમાં સુરત અને અમદાવાદના જાણીતા નામ ડૉ. જગદીશકુમાર સખિયા (ડર્મેટોલોજિસ્ટ, સુરત), ડૉ. અમી શાહ (સ્કીન સ્પેશિયાલિસ્ટ, સુરત) અને ડૉ. ગીતા પટેલ (સ્કીન સ્પેશિયાલિસ્ટ, અમદાવાદ)નો સમાવેશ થાય છે. ત્રણ નામી સ્કીન સ્પેશિયાલિસ્ટ ડોક્ટરો દ્વારા મેડિકલ એથિક્સના નિયમોનું સરેઆમ ઉલ્લંઘન કરવામાં આવ્યું હતું. વર્ષ ૨૦૧૪ અને ૨૦૨૪ દરમિયાન પેરિસમાં આયોજિત એક આંતરરાષ્ટ્રીય મેડિકલ કોન્ફરન્સમાં ભાગ લેવા માટે આ તબીબો ગયા હતા. આ પ્રવાસ દરમિયાન તેમની એર ટિકિટ, લક્ઝુરિયસ હોટેલનું ભાડું અને ભોજન સહિતનો તમામ ખર્ચ 'એબ્બી હેલ્થકેર ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ' નામની ફાર્મા કંપની દ્વારા ઉઠાવવામાં આવ્યો હતો.

# નડિયાદ મનપાનું પ્રથમ જનરલ બોર્ડ માત્ર 90 સેકન્ડમાં આટોપાયું! વિપક્ષનો હોબાળો

## અધિકારીઓ 6 વર્ષથી એક જ જગ્યાએ: બદલીના નિયમો સામે સવાલો

**નડિયાદ**

નડિયાદ નગરપાલિકામાંથી મહાનગરપાલિકા બન્યા બાદ આજે યોજાયેલું પ્રથમ જનરલ બોર્ડ ઐતિહાસિક ચર્ચાના સ્થાને વિવાદોને કારણે ચર્ચાના કેન્દ્રમાં આવ્યું છે. લોકવિકાસના કામો અને પ્રજાના પ્રશ્નોની ગંભીર ચર્ચા કરવાને બદલે આ સમગ્ર બેઠક માત્ર 1 થી દોઢ મિનિટ (90 સેકન્ડ) ના ટૂંકા ગાળામાં જ આટોપી લેવામાં આવતા અનેક તર્ક-વિતર્કો શરૂ થયા છે. મેયર, બંને ડેપ્યુટી મેયર, ડેપ્યુટી કમિશનર અને મ્યુનિસિપલ સેક્રેટરીના અધ્યક્ષ સ્થાને મળેલી આ બેઠકમાં મ્યુનિસિપલ સેક્રેટરીએ આપેલા એજન્ડા સડસડાટ વાંચી જઈને સભા પૂર્ણ જાહેર કરી દેવાતા જનપ્રતિનિધિઓની ગંભીરતા સામે સવાલો ઉભા થયા છે. આ ટૂંકી સભા દરમિયાન શાસક પક્ષ દ્વારા એજન્ડાના મુદ્દાઓ બહુમતીના જોરે મંજૂર કરી લેવાયા હતા, જેની સામે કોંગ્રેસના કાઉન્સિલર હાર્દિક ભટ્ટે ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. વિપક્ષે સવાલ ઉઠાવ્યા હતા કે મહાનગરપાલિકા દ્વારા કયા આધાર પર અને કયા નિયમો હેઠળ આ ઠરાવો પાસ કરવામાં આવી રહ્યા છે, તેની સ્પષ્ટતા થવી જોઈએ. આ અંગે વિપક્ષી કાઉન્સિલર લેખિત રજૂઆત કરવા મેયર પાસે ગયા હતા, પરંતુ શાસક પક્ષે તે સ્વીકારવાનો ઈનકાર કર્યો હોવાનો આક્ષેપ થયો છે.

# ડેસરમાં 13 વર્ષની દીકરી પર દુષ્કર્મ ગુજાર્યું, પત્નીને જોઈને ભાગી ગયો

## નરાધમ દીકરીના મોઢામાં ડૂચો ભરાવીને અત્યાચાર ગુજારી રહ્યો હતો

**વડોદરા**

ગત 28 જૂનની સાંજે ઘરેલુ બાબતે પતિ-પત્ની વચ્ચે ઉગ્ર ઝઘડો થયો હતો. આ કલેશને શાંત કરવા માટે મહિલા પોતાનાં ઘરની બહાર નીકળી ગઈ હતી.

ડેસર નજીકનાં વિસ્તારમાં જ રહેતાં એક મહિલા સંબંધીના ઘરે થોડો સમય રોકાવવા માટે જતી રહી હતી. તે સમયે ઘરમાં તેની 13 વર્ષની સગીર દીકરી અને 10 વર્ષનો નાનો દીકરો જ હાજર હતાં, જેનો ફાયદો ઉઠાવીને નરાધમ પિતાએ આ પાપ આચરવાનો પ્લાન બનાવ્યો હતો. મધ્યરાત્રિએ આશરે બાર વાગ્યાની આસપાસ જ્યારે સગીરાની માતા પોતાની બહેન સાથે અચાનક ઘરે પરત ફરી, ત્યારે ઘરનું દ્રશ્ય જોઈને તેના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. નરાધમ પિતા તેનો નાનો દીકરો સૂઈ ગયા બાદ માસૂમ દીકરીના મોઢામાં બળજબરીથી કાપડનો ડૂચો દઈને તેનાં પર અત્યાચાર ગુજારી રહ્યો હતો.

પત્ની અને સાળીને જોઈને આરોપી તાત્કાલિક ભાગી છૂટ્યો હતો. આ મામલે પીડિતાની માતાએ ડેસર પોલીસ સ્ટેશન પહોંચીને નરાધમ પતિ વિરુદ્ધ કાયદેસરની ફરિયાદ નોંધાવતાં પોલીસે હાલ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# જપ્ત કરેલા 11 કરોડ છોડાવવાની લાલચ આપી ઠગ ટોળકીએ વેપારી પાસે 3.18 કરોડ પડાવ્યા

## જુદી જુદી એજન્સીના નામે 3.18 કરોડ પડાવ્યા, બોગસ દસ્તાવેજો બનાવી કોરા ચેક લઇ લીધા

**અમદાવાદ**

અમદાવાદમાં શાહીબાગ વિસ્તારમાં રહેતા અને 'વિષ્ણુ કાંતીલાલ'ની કંપનીના નામે આંગડિયા પેઢી ચલાવતા 59 વર્ષીય સાંકળચંદ પટેલ આ કેસના ફરિયાદી છે. ગત છઠ્ઠી ડિસેમ્બર 2024ના રોજ તેમની નવરંગપુરા સ્થિત ઓફિસ પર EDએ દરોડા પાડી ગ્રાહકોના 11.10 કરોડ રૂપિયા રોકડા જપ્ત કર્યા હતા. આ ઘટના બાદ ચાંદલોડિયાના વિજય પટેલ (મુખી), નવા વાડજના દર્શન વેદ, ગોતાના એડવોકેટ સુધાંશુ ઝા, તેમજ મુંબઈના પ્રવિણ ભાનુશાળી અને વિરાટ સિંગ નામના પાંચ શખસોએ ફરિયાદીનો સંપર્ક કર્યો હતો અને EDમાંથી નાણાં પાછા અપાવવાની ખાતરી આપી હતી.

વિજય મુખી અને એડવોકેટ સુધાંશુ ઝાએ ફરિયાદીને જણાવ્યું હતું કે, ઈ.ડી.નો આ કેસ પૂરો કરવા માટે કુલ રકમના 40 ટકા જેટલો ખર્ચ થશે. આ માટે તેણે મુંબઈના પ્રવિણ અને વિરાટ સાથે વેપારીની ઓળખાણ કરાવી હતી. ત્યારબાદ આરોપીઓએ આંગડિયા મારફતે તેમજ રોકડા મળીને કુલ 3,18,65,900 રૂપિયા પડાવી લીધા હતા.

ફેબ્રુઆરી 2025માં વિજય મુખીએ ઈ.ડી.માં રજૂ કરવાના બહાને દર્શન વેદની 'અર્થ જ્વેલર્સ' નામની કંપનીનું ફરિયાદીની પેઢીમાં 13.20 કરોડ રૂપિયાનું રોકાણ હોવાનો એક ખોટો નોટરાઈઝડ કરાર કરાવી લીધો હતો.

# પાલનપુરમાં મૂકબધિર પૂત્રવધુને હવસનો શિકાર બનાવતો સસરો

**બનાસકાંઠા**

પાલનપુર પંથકની એક મૂક બધિર દીકરીના લગ્ન 5 વર્ષ પહેલાં થયા હતા. સસરાના ત્રાસ અને શારીરિક અપડપલાં અને હવસથી કટાળીને છેલ્લા ત્રણ મહિનાથી પિયરમાં આવી હતી. પિયર આવ્યા બાદ તે સાસરે જવા તૈયાર નહોતી તેમજ ગુમસુમ રહેતી હતી. દીકરીની આ સ્થિતિ જોઈને તેની માતા તેને પાલનપુર મહિલા સહાયતા કેન્દ્રમાં લઈ ગઈ હતી. આ કેન્દ્રના કાઉન્સિલરે તેની સાથે હાથના ઈશારાથી વાતચીત કરી હતી. જેનાથી સસરાની કરતૂત સામે આવી હતી. જે બાદ મહિલા કેન્દ્ર દ્વારા બંને પક્ષોને બોલાવીને મીટિંગ કરવામાં આવી. કાયદાના ડર અને સમજાવટને કારણે સસરાએ સમાજના પંચ અને પરિવારની સામે પોતાની ગંભીર ભૂલ સ્વીકારી લીધી અને ભવિષ્યમાં આવું ન કરવાની લેખિત ખાતરી આપી હતી.

દીકરી અને તેનો પરિવાર કોર્ટ કે પોલીસ કેસ કરીને ઘર સંસાર તોડવા નહોતા માંગતા. આથી વચલો રસ્તો કાઢવામાં આવ્યો કે દીકરી અને તેનો પતિ હવે સસરાથી દૂર રહીને અલગ મજૂરી કામ કરશે. કાઉન્સિલરના પ્રયાસોથી દીકરીનો સંસાર બચી ગયો છે.

# જમીનમાલિકને મોટી રાહત, હાઈકોર્ટે ડેવલપમેન્ટ પ્લાનનું રિઝર્વેશન કર્યું રદ

**અમદાવાદ**

ગુજરાત હાઈકોર્ટે ગુજરાત ટાઉન પ્લાનિંગ અને અર્બન ડેવલપમેન્ટ એક્ટ, 1976ની કલમ 20(2) અને 21ની મહત્વપૂર્ણ વ્યાખ્યા કરતાં સ્પષ્ટ કર્યું છે કે વિકાસ યોજનામાં અનામત રાખેલી ખાનગી જમીનને અનિશ્ચિત સમય સુધી અટકાવી રાખી શકાય નહીં. જો સત્તાધિકારીઓ કાયદામાં નિર્ધારિત સમયમર્યાદામાં જમીન સંપાદિત ન કરે અથવા ડેવલપમેન્ટ પ્લાનના પુનઃરીક્ષણની પ્રક્રિયા શરૂ ન કરે તો અનામત આપોઆપ રદ ગણાશે.

બનાસકાંઠાના ડીસા સ્થિત સર્વે નં. 41 અને 42/પી-4ની આશરે 2529 ચોરસ મીટર જમીન પર છેલ્લા લગભગ 50 વર્ષથી 24 મીટરના ડેવલપમેન્ટ પ્લાન રોડનું રિઝર્વેશન યથાવત રાખવામાં આવ્યું હતું. જોકે, સંબંધિત સત્તાધિકારીઓએ ન તો સમયસર જમીન સંપાદિત કરી અને ન તો કાયદા મુજબ 10 વર્ષની અંદર ડેવલપમેન્ટ પ્લાનના પુનઃરીક્ષણની કાર્યવાહી શરૂ કરી હતી.


હાઈકોર્ટે નોંધ્યું કે કાયદાની કલમ 21 મુજબ ડેવલપમેન્ટ પ્લાનનું પુનઃરીક્ષણ ઓછામાં ઓછું દર દસ વર્ષે શરૂ થવું ફરજિયાત છે. જો આ સમયમર્યાદાનું પાલન ન થાય તો જમીનમાલિકને કલમ 20(2) હેઠળ કાનૂની હક પ્રાપ્ત થાય છે.

# અમદાવાદમાં મહિનામાં કૂતરાઓ કરડવાના 22 હજાર કેસ, વાંદરાના કરડવાની ઘટના પણ વધી

## વર્ષ 2025માં શ્વાન કરડવાના 77,000થી વધુ કેસ હતા, 2026માં 21 ટકાનો વધારો

**અમદાવાદ**

શ્વાનને પકડવા અને સ્ટરીલાઈઝ્ડ કરવા સહિતના પ્રયત્નો છતાં અમદાવાદમાં શ્વાન કરડવાના કેસમાં વધારો નોંધાયો હોવાનું આંકડાઓ અને અહેવાલો જણાવે છે. મનપાના આંકડાઓ દર્શાવે છે કે 2025 માં શ્વાન કરડવાના 77,000 થી વધુ કેસ નોંધાયા હતા, એટલે કે દિવસદીઠ સરેરાશ 211 કેસ નોંધાતા હતા, આ વર્ષે પરિસ્થિતિ વધુ ખરાબ થઈ ગઈ હોય તેમ જણાઈ રહ્યું છે. મનપાએ 26 એપ્રિલથી 26



જૂન વચ્ચે 22,500 શ્વાન કરડવાના કેસ નોંધ્યા છે, એટલે કે રોજ સરેરાશ 250 કેસ નોંધાયા છે. 2025ના સમયગાળા કરતા 26 મે અને 26 જૂન, 2026 વચ્ચે શ્વાન કરડવાના કેસોમાં 21% નો વધારો થયો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર માત્ર શ્વાન નહીં, અન્ય પ્રાણીઓના કરડવાના અન્ય કેસોમાં પણ વધારો નોંધાયો હતો. વાંદરાના કરડવાના બનાવોમાં 44.7%નો વધારો થયો છે, જ્યારે બિલાડીના કરડવાના બનાવોમાં 155.7%નો વધારો થયો છે. સુપ્રીમ કોર્ટે તાજેતરમાં સમગ્ર ભારતમાં શ્વાન કરડવાની ઘટનાઓ અંગેના નવેમ્બર 2025ના તેના આદેશમાં ફેરફાર કરવાનો ઈનકાર કર્યા પછી આ મુદ્દો ફરી એકવાર રાષ્ટ્રીય સ્તરે ચર્ચામાં આવ્યો છે.

# અમદાવાદમાં ઝડપાયેલા બ્લડ પ્લાઝમા ભેળસેળ થયાનો ખુલાસો - કૌભાંડના તાર મહારાષ્ટ્ર સુધી

## 8 બ્લડ બેંકોમાં પ્લાઝમા મોકલાયા, ટ્રાન્સફ્યુઝન અને આરોગ્ય વિભાગની ટીમો સક્રિય

**અમદાવાદ**

અમદાવાદ ગ્રામ્ય પોલીસના સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપ (SOG) દ્વારા ઝડપાયેલા બ્લડ પ્લાઝમા કૌભાંડમાં મોટો ખુલાસો થયો છે. SOGના જણાવ્યા અનુસાર, મુખ્ય આરોપી દિનેશ ચૌધરી પાસેથી જપ્ત કરવામાં આવેલા બ્લડ યુનિટ્સ સાથે છેડછાડ કરવામાં આવી હોવાની પુષ્ટિ થઈ છે. બી.જે. મેડિકલ કોલેજના પેથોલોજી વિભાગના રિપોર્ટમાં સ્પષ્ટ થયું છે કે, આ બ્લડ નિર્ધારિત સ્ટાન્ડર્ડ (ધોરણો) મુજબનું નથી અને તેની નબળી ગુણવત્તા માનવ જીવન માટે અત્યંત જોખમી છે. આ ગંભીર બાબતને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા હવે જપ્ત કરાયેલા તમામ બ્લડનો સાયન્ટિફિક રીતે નાશ કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

આ કેસની તપાસમાં એક ચોંકાવનારી હકીકત એ સામે આવી છે કે, આરોપી આ નબળી ગુણવત્તાવાળું બ્લડ મહારાષ્ટ્રની વિવિધ બ્લડ બેંકોમાં સપ્લાય કરતો હતો. હાલમાં મહારાષ્ટ્રની આશરે 8 જેટલી બ્લડ બેંકો અને તેના સંચાલકો પોલીસ તપાસના ઘેરામાં આવ્યા છે; જેમાં વાશિમ, અહમદનગર, ધૂલે, નાશિક, ભુસાવલ, છત્રપતિ સંભાજીનગર અને જાલનાની બ્લડ બેંકોનો સમાવેશ થાય છે અને ત્યાં તપાસ શરૂ કરી દેવામાં આવી છે. જોકે, આ સમગ્ર પ્રકરણમાં રાહતની વાત એ છે કે, અત્યાર સુધીની તપાસમાં ગુજરાતની કોઈપણ હૉસ્પિટલ કે બ્લડ બેંકમાં આ જોખમી બ્લડ સપ્લાય થયું હોવાનું પોલીસના ધ્યાનમાં આવ્યું નથી.

# દેશભરમાં મંજૂર થયેલા 12માંથી 6 સેમિકન્ડક્ટર પ્રોજેક્ટ ગુજરાતમાં

## અડધા પ્રોજેક્ટ્સ રાજ્યમાં, 1.70 લાખ કરોડનું રોકાણ

**ગાંધીનગર**

વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સની શરૂઆત થઈ ચૂકી છે. આ અંતર્ગત સેમિકન્ડક્ટર ક્ષેત્રમાં ઉત્પાદન (મેન્યુફેક્ચરિંગ) અને તેના વિકાસને વેગ આપવા માટે એક ખાસ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ભારત સરકારના 'ઈન્ડિયા સેમિકન્ડક્ટર મિશન'ના ડાયરેક્ટર ડૉ. મનિષકુમાર હુડા પણ ખાસ હાજર રહ્યા હતા. ડાયરેક્ટરે જણાવ્યું હતું કે, 'ભારતમાં અત્યાર સુધીમાં સેમિકન્ડક્ટર ઉત્પાદન માટે કુલ 12 પ્રોજેક્ટ્સને મંજૂરી આપવામાં આવી છે, જેમાંથી 6 પ્રોજેક્ટ્સ એકલા ગુજરાતમાં જ સ્થાપવામાં આવી રહ્યા છે. આ સફળતા પાછળનું મુખ્ય કારણ એ છે કે ગુજરાતે અન્ય રાજ્યોની સરખામણીએ સેમિકન્ડક્ટર ક્ષેત્રમાં રોકાણકારોને આકર્ષવા માટે ઘણી વહેલી પોલિસી (નીતિ) બનાવી દીધી હતી. હાલમાં દેશભરમાં આ ક્ષેત્રે આશરે 1.70 લાખ કરોડ રૂપિયાનું મોટું રોકાણ થઈ ચૂક્યું છે. આગામી સમયમાં ભારતમાં બીજા 6 નવા પ્રોજેક્ટ્સ શરૂ થાય તેવી પૂરી સંભાવના છે.

# નિકોલમાં શિક્ષકે કોઈ કારણ વગર વિદ્યાર્થીને લાફો માર્યો, કાનનો પડદો ફાટી જતાં ફરિયાદ

**અમદાવાદ**

નિકોલમાં ચાણક્ય સ્કૂલમાં ધોરણ 10માં અભ્યાસ કરતો નૈતિક(નામ બદલ્યું છે) પીટીના પિરિયડ દરમિયાન મેદાનમાં અન્ય મિત્રો સાથે બેઠો હતો, ત્યારે એક શિક્ષકે તેને કોઈ પણ કારણ વગર જોરદાર લાફો મારી દીધો હતો. આ ઉગ્ર પ્રહારના કારણે વિદ્યાર્થીના ડાબા કાનમાં બહેરાશ આવી ગઈ હતી. તબીબી તપાસ દરમિયાન તબીબોએ કાનનો પડદો ફાટી ગયો હોવાની તેમજ લોહી અને સોજો આવી ગયા હોવાની પુષ્ટિ કરી છે, જેના કારણે ભવિષ્યમાં ઓપરેશન કરાવવાની પણ નોબત આવી શકે છે. આ ગંભીર મામલે બાળકના પિતા રમેશભાઈએ ન્યાય મેળવવા અને અન્ય કોઈ બાળક સાથે આવું ન થાય તે માટે કૃષ્ણનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

# એરપોર્ટ ઉપર બેંગકોકથી ફૂડ પેકેટની આડમાં લવાતો 4 કરોડનો ગાંજો પકડાયો

## આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ સિન્ડિકેટની શંકા, 22 પોટલીઓ મળી

**અમદાવાદ**

અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર 1 જુલાઈના રોજ એક શંકાસ્પદ મુસાફર પર નજર રાખવામાં આવી હતી. આ મુસાફર બેંગકોકથી થાઈ એરવેઝની ફ્લાઈટ નંબર TG-343 દ્વારા અમદાવાદ આવ્યો હતો. ઈન્ટેલિજન્સ આધારિત પ્રોફાઈલિંગના આધારે અધિકારીઓએ તેને અટકાવી સઘન તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન બેગની તલાશી લેવામાં આવી, ત્યારે અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા હતા. બેગની અંદર રાખેલા ફૂડ પેકેટ્સમાં છુપાવીને રાખવામાં આવેલી 22 પારદર્શક સફેદ પોલીથીન બેગ મળી આવી હતી. અધિકારીઓએ જણાવ્યું કે, ઝડપાયેલા પદાર્થનો સ્થળ પર જ ફિલ્ડ ટેસ્ટ કરવામાં આવતા તે 'હાઈડ્રોપોનિક મેરિજુઆના' હોવાનું સામે આવ્યું હતું. આ સામાન્ય ગાંજા કરતા વધુ નશીલો અને ઘાતક હોય છે, જેની બજાર કિંમત 4 કરોડ હોવાનું મનાય છે. જેને માટી વગર માત્ર પાણી અને ખાસ પોષક તત્વો (હાઈડ્રોપોનિક ટેકનિક) દ્વારા ઉગાડવામાં આવે છે.

# ગુજરાતના 107 તાલુકામાં મેઘમહેર, સુરત-વલસાડ પર મેઘરાજા ઓળઘોળ

**જામનગર**

ગુજરાતના અનેક જિલ્લાઓમાં ભલે મેઘરાજાની મોડી પધરામણી થઈ છે. લગભગ 107 તાલુકામાં મેઘમહેર નોંધાતા ગુજરાતના લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો અને ગરમીથી મહદઅંશે રાહત મેળવી હતી. જોકે સૌથી વધુ વરસાદ ગુજરાતના સુરત, વલસાડ, જૂનાગઢ અને ગીર સોમનાથ પર મેઘરાજાએ કૃપા વરસાવી હતી. સુરત અને વલસાડના વરસાદની વાત કરીએ તો છેલ્લા 24 કલાકમાં સુરતના પલસાણામાં 7.99 ઈંચ, બારડોલીમાં 7.76 ઈંચ, મહુવામાં 7.52 ઈંચ, અંબિકામાં 6.46 ઈંચ, ઉમરપાડામાં 4.72 ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. જ્યારે વલસાડના ઉમરગામમાં 7.72 ઈંચ, વાપીમાં 7.44 ઈંચ અને પારડીમાં 4.45 ઈંચ વરસાદ ખાબક્યો હતો.

# મેઘપરમાં વાહનો સાઈડમાં રાખવા મુદ્દે સશસ્ત્ર અથડામણ, 13 ઘવાયા

## જૂના વિવાદથી માથાકૂટ, બંને પક્ષ હથિયારો સાથે સામસામે

**જામનગર**

જામનગરના મેઘપર ગામે વાહનો સાઈડમાં રાખવા જેવી સામાન્ય બાબતે બે પક્ષ વચ્ચે સશસ્ત્ર અથડામણ સર્જાતા છ લોકોને ઈજાઓ પહોંચી હતી. આ મામલે મેઘપર (પડાણાં) પોલીસ મથકમાં યશપાલસિંહ દિલીપસિંહ રાઠોડ (ઉ.વ.૨૩)એ છ શખ્સો સામે સામા પક્ષે પ્રભાતસિંહ રામસંગજી કંચવા (ઉ.વ.૪૯)એ નવ શખ્સો સામે ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદમાં યશપાલસિંહે જણાવ્યુ કે, ગઈકાલે રાત્રે તે તેના મોટાભાઈ સંદીપસિંહ સાથે બે ટુ-વ્હીલર લઈને ગામની સામે આવેલી હોટલેથી પરત ઘરે આવતા હતાં. ત્યારે બાપાસીતારામની મઢુલી પાસે પહોંચ્યા ત્યારે ગામના રવિન્દ્રસિંહ કાથળજી કંચવાનો ભેટો થતાં ઉભા રહી તેની સાથે વાતચીત કરતા હતા. તે સમયે આરોપી પ્રભાતસિંહ રામસંગજી કંચવા બુલેટ લઈને આવ્યો હતો અને કહ્યું કે ‘તમારા વાહન સાઈડમાં રાખો આ ગામ તમારા બાપનું નથી, અમારા બાપનું છે.’ તેમ કહેતા તેને અમારા વાહન સાઈડમાં જ છે. કહેતા તે ઉશ્કેરાઈ જઈ હું હમણાં માણસોને લઈને આવું છું. બોલાચાલી કરી જતો રહ્યો હતો. ત્યારબાદ બંને પોતાના ઘરે જતા રહ્યા હતા અને કાકા પૃથ્વીરાજસિંહ ઉર્ફે પારસસિંહ રાઠોડને વાત કરી હતી. બાદમાં તે તેના ભાઈ સંદીપસિંહ તથા કાકા પૃથ્વીરાજસિંહ, તેનો પુત્ર પાર્થરાજસિંહ ઉર્ફે પ્રિન્સ તથા પરિવારજનો ડેલી પાસે ઉભા હતા. તે સમયે આરોપી પ્રભાતસિંહ કંચવા તેના પિતરાઈ ભાઈ દિનેશસિંહ કંચવા, જીતુભા, દિવ્યરાજસિંહ કંચવા, છત્રપાલસિંહ કંચવા અને યશપાલસિંહ કંચવા ઘરની ડેલી પાસે આવી લોખંડનો પાઈપ, ધારીયુ તથા લાકડાનો ધોકો વગેરે હથિયારો સાથે આવી હુમલો કર્યો હતો. સામાપક્ષે પ્રભાતસિંહે ફરિયાદમાં જણાવ્યું કે આરોપીઓએ સામાન્ય બાબતે બોલાચાલી કરી ગાળો ભાંડી હથિયારોથી હુમલો કરી બુલેટમાં પણ તોડફોડ કરી હતી.

# જમીન કૌભાંડમાં પૂર્વ કલેક્ટર રાજેન્દ્ર પટેલના જામીન નામંજૂર

**સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગરના પૂર્વ કલેક્ટર રાજેન્દ્ર પટેલને કથિત ભ્રષ્ટાચાર અને મની લોન્ડરિંગ કેસમાં ગુજરાત હાઈકોર્ટમાંથી કોઈ રાહત મળી નથી. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા નોંધાયેલા પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA) કેસમાં હાઈકોર્ટે રાજેન્દ્ર પટેલની નિયમિત જામીન અરજી ફગાવી દીધી છે. સુનાવણી દરમિયાન EDએ દલીલ કરી હતી કે અરજદારના મોબાઈલ ફોનમાંથી આશરે 800 જેટલા ફોટોગ્રાફ મળી આવ્યા છે, જે લાંચના વહીવટ અને ગેરકાયદે નાણાકીય વ્યવહારો પર તેમની સીધી નજર હોવાનું દર્શાવે છે. તપાસ દરમિયાન એવું પણ સામે આવ્યું છે કે પોતાની સામેના સંભવિત પુરાવાનો નાશ કરવા અને કાયદાકીય કાર્યવાહીથી બચવા માટે આરોપીએ ગૂગલ પર **“How to Reset Samsung S24 Ultra”** સર્ચ કર્યું હતું, જેને તપાસમાં મહત્વની પરિસ્થિતિજન્ય બાબત ગણાવવામાં આવી છે.

# યુવતી સમજી જેની સાથે લગ્ન કર્યા તે ‘ગે’ નીકળ્યો, ઝઘડો થતાં પતાવી દીધો

## ફેસબુક પર ‘નિશા’, ઈન્સ્ટાગ્રામ પર ‘પૂનમ’ બન્યો

**રાજકોટ**

શાપરના મસ્કાત ફાટક નજીકથી યુવતીના કપડાં અને ઘરેણા પહેરેલી કોહવાઈ ગયેલી લાશ મળી હતી. શરૂઆતમાં પોલીસને યુવતીની લાશ હોવાની શંકા ગઈ હતી. પરંતુ પોસ્ટમોર્ટમ વખતે મૃતક યુવતી નહીં પરંતુ યુવક હોવાનું જાણવા મળતાં પોલીસ ચોંકી ઉઠી હતી. જોકે લાશની સ્થિતિ જોતાં બનાવ હત્યાનો હોવાના તારણ પર પહોંચી શાપરના પીઆઈ આર.બી.રાણાએ તપાસનો દોર શરૂ કર્યો હતો. ૧૦૦ જેટલા સીસીટીવી કેમેરા જોયા બાદ આખરે ભેદ ઉકેલાતા ખુદ પોલીસ પણ ચોંકી ઉઠી હતી.

પોલીસ તપાસમાં એવું બહાર આવ્યું હતું કે, હત્યાનો ભોગ બનનારનું નામ ચંદન હતું. તે બિહારનો વતની અને 26 વર્ષનો હતો. તેણે ફેસબુકમાં નિશા કુમાર અને ઈન્સ્ટાગ્રામમાં પૂનમ નામની આઈડી બનાવી હતી. જેના દ્વારા તેનો આરોપી પિયુષ સાથે પરિચય થતાં બંનેએ એકબીજા સાથે ચેટ અને વાતો શરૂ કરી હતી. બંને વચ્ચે પ્રેમ પાંગરતા આખરે ચંદન, પિયુષને મળવા હૈદરાબાદ ગયો હતો.

ત્રણ મહિના બંને સાથે રહ્યા બાદ એક દિવસ પિયુષે, ચંદનના સેંથામાં સિંદૂર પૂરી તેની સાથે લગ્ન કરી લીધા હતા. આ પછી શરીર સંબંધની વાત કરતા ચંદને પોતાને વૈષ્ણોદેવીની મન્નત હોવાનું જણાવી મન્નત પુરી થયા બાદ શરીર સંબંધ બાંધવા દેશે તેમ કહ્યું હતું. થોડા દિવસ બાદ પિયુષને શંકા જતાં એક દિવસ તેણે રાત્રે નિંદ્રાધીન ચંદનના વસ્ત્રો ઉતારી જોતાં તે પુરુષ હોવાનું જાણવા મળતાં ચોંકી ઉઠ્યો હતો. જેને કારણે બંને વચ્ચે ઝઘડો થયા બાદ પિયુષ પોતાના વતન જતો રહ્યો હતો. છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન તેણે ચંદનથી પીછો છોડાવવા ત્રણેક રાજ્યો બદલાવ્યા હતા. આમ છતાં તેનું લોકેશન મેળવી ચંદન તેની પાસે પહોંચી જતો હતો. એટલું જ નહીં તેની સાથે રહેવાની જીદ કરી ઝઘડા ઉપરાંત તેના ગુપ્ત ભાગ ઉપર પાટા મારતો હતો.


Imperial PEST CONTROL
Serving Since 2006.
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week
All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs, Silver Fish, Spiders & Fleas, Carpenter Ants. Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon, Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
Free Estimates & Written Guarantee
First Time Customer gets 10% Off on your first home service *Mention this offer while booking
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820



First Flight FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ
Brampton (West) 519, Ray lawson boulevard , Unit-3, Brampton ON L6Y 0N2 Chandni Chowk Plaza, ATN Wireless Board Door Open Last Unit Ours Phone 647-657-9631 ------: MON-FRI : ------ 11.00 AM to 7.00 PM : SAT-SUN : 1.00 PM to 6.00 PM
Scarborough 880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex, Phone 647-657-9631 905-673-9631 ------: MON-THU : ------ 2.00 PM to 7.00 PM FRIDAY WEEKLY OFF : SAT-SUN : 11.00 AM to 6.00 PM
we are back to Great Punjab 2980 DREW ROAD, UNIT 135 NEXT TO SWEET MASTER --------: MON - FRI :-------- 10 AM TO 7 PM --------: SAT-SUN :-------- 11AM TO 6PM
Bovaird
2260 BOVAIRD DR., EAST UNIT 121 " RAJDHANI RESTAURANT PLAZA, NEXT TO DENTAL CLINIC" BRAMPTON, ON L6R3J5
CONTACT : 647-657-9631 / 905-673-9631
MON - FRI - 12 PM TO 7 PM, SAT - SUN - 11 AM TO 6 PM
MONDAY WEEKLY OFF
૬૪૭-૭૬૧-૧૩૧૭ www.firstflightcanada.com



સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS
Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.
Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)
Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh
GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)


Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# 575 કરોડના ડ્રગ્સ કેસમાં 19 આરોપીને 20-20 વર્ષની કેદ

## દેશની આંતરિક સુરક્ષા અને યુવાધનને બરબાદ કરવાના પાકિસ્તાની ડ્રગ્સ માફિયાઓના મનસૂબા પર પાણી ફેરવતો ભુજની અદાલતનો ચુકાદો

ભુજ

ભુજની ખાસ અદાલતે જખૌ દરિયાઈ માર્ગેથી ભારતમાં કુલ રૂપિયા 575 કરોડની કિંમતનું હેરોઇન ડ્રગ્સ ઘુસાડવાના ત્રણ અલગ-અલગ ગુનાઓમાં સંડોવાયેલા 18 પાકિસ્તાની અને 1 અફઘાન નાગરિક સહિત કુલ 19 આરોપીઓને અદાલતે 20-20 વર્ષની સખત કેદની સજા ફટકારી છે. ચુકાદો આપતી વખતે એક અત્યંત ગંભીર ટિપ્પણી કરતા અદાલતે જણાવ્યું હતું કે, આરોપીઓએ ભારતના યુવાધનને નશાના માર્ગે ધકેલવા જે કૃત્ય કર્યું છે તે કોઈ સામાન્ય ગુનો નથી, પ્રથમ કેસ ( 6જાન્યુઆરી, 2020) માં ગુજરાત એટીએસની ગુપ્ત બાતમીના આધારે



કોસ્ટગાર્ડ અને ભુજ એસ.ઓ.જી.ની ટીમે જખૌના દરિયામાં દરોડો પાડી પાકિસ્તાનના કાપર ક્રીક વિસ્તારમાંથી બોટ લઈને આવેલા 5 પાકિસ્તાની નાગરિકોને ઝડપી લીધા હતા. તેમની પાસેથી રૂપિયા 175 કરોડની કિંમતનું આશરે 35 કિલો હેરોઇન મળી આવ્યું હતું. આ કેસમાં પકડાયેલા ઇસ્માઇલ મોહમદ જામ, અનીશ ઇશા ભટી, અબુબકર હાસમ કુંગરા અને અશરફ ઉસ્માન ભટી સહિતના પાકિસ્તાનીઓને સજા ફટકારવામાં આવી છે.

બીજા કેસની વાત કરવામાં આવે તો, (15 એપ્રિલ, 2021)માં પાકિસ્તાનના હેદરી પોર્ટ પરથી બોટમાં હેરોઈન ભરીને જખૌ દરિયા કિનારે ડિલિવરી આપવાની ફિરાકમાં રહેલી વધુ એક શંકાસ્પદ પાકિસ્તાની બોટને સુરક્ષા એજન્સીઓએ આંતરી હતી. આ બોટમાંથી મુર્તઝા, યામીન, મુસ્તફા, નસરૂલ્લા, હુસૈન, સાલેમામદ, મહમંદ યાસીન અને રફીક આમદ નામના 8 પાકિસ્તાની નાગરિકોને રૂપિયા 150 કરોડના 30 કિલો હેરોઇનના જથ્થા સાથે કસ્ટડીમાં લેવાયા હતા.

તૃતીય કેસ (8 ઓક્ટોબર, 2022)માં હૈદરી પોર્ટથી જખૌ દરિયાઈ સરહદમાં ઘુસણખોરી કરી રહેલી વધુ એક બોટમાંથી અલી મોહમદ, મમતાજ હારુન, શેર મોહમદ, મોતીયા ઇદ્રીશ, ઇબ્રાહીમ યુસુફ અને જાહીદ અબ્દુલ્લા નામના 6 પાકિસ્તાનીઓને રૂપિયા 250 કરોડના 50 કિલોગ્રામ હેરોઇન સાથે દબોચી લેવાયા હતા. આ કેસની તપાસ દરમિયાન આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ નેટવર્કના તાર અફઘાનિસ્તાન સાથે જોડાયા હોવાનું ખુલ્યું હતું, જેને પગલે અફઘાન નાગરિક 'હેકમતુલ્લા નુરુઉલ્લાહ'ની પણ ધરપકડ કરવામાં આવી હતી.

# સાયલાના હોળીધારમાં બે જૂથ વચ્ચે અથડામણ સર્જાતાં 9 લોકોને ઈજા

## ધારીયા જેવા હથિયારો વડે હિચકારો હુમલો કરાયો હતો

સુરેન્દ્રનગર

હોળીધાર વિસ્તારમાં એક જ જ્ઞાતિના બે જૂથો વચ્ચે સામાન્ય બાબતે બોલાચાલી થયા બાદ મામલો બિચક્યો હતો. જોતજોતામાં બંને પક્ષો આમને-સામને આવી ગયા હતા. ઉશ્કેરાયેલા બંને જૂથના લોકોએ એકબીજા પર લાકડીઓ, ધોકા અને ધારીયા જેવા ઘાતક હથિયારો વડે હિચકારો હુમલો કરી દીધો હતો. આ હિંસક મારામારીની ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે અફરાતફરી અને તંગદિલીનો માહોલ સર્જાયો હતો. આ લોહિયાળ સંઘર્ષમાં બંને પક્ષના થઈને કુલ 9 લોકોને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. ઘટનાની જાણ થતાં જ સાયલા પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો અને પરિસ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો. પોલીસે તમામ ઈજાગ્રસ્તોને તાબડતોબ સારવાર અર્થે સાયલાની સરકારી હોસ્પિટલ ખાતે ખસેડ્યા હતા. જો કે, ઈજાગ્રસ્તો પૈકી 3 લોકોની તબિયત વધુ ગંભીર જણાતા તેઓને પ્રાથમિક સારવાર આપીને વધુ સારવાર અર્થે સુરેન્દ્રનગરની હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યા છે.

# ભાવનગરમાં ખેડૂતવાસમાં ગાળો બોલવા મુદ્દે ઘર્ષણ થતાં તલવાર અને ધારિયા વડે હુમલો

## પાંચથી વધુ લોકો ઘાયલ, ઘોઘારોડ પોલીસે બંને પક્ષની સામસામી ફરિયાદ નોંધી

ભાવનગર

શહેરના ઘોઘારોડ પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળ આવેલા ખેડૂતવાસ મનાભાઈના ચોક મફતનગરમાં ગત રાત્રિના સાડા અગિયાર વાગ્યાના સુમારે ગાળો બોલવા અને રાડો પાડવા જેવી નજીવી બાબતે બે જૂથો વચ્ચે સશ ધીંગાણું ખેલાયું હતું. આ હિંસક અથડામણમાં તલવાર, ધારિયા, લોખંડની ફરસો, પાઈપ અને પથ્થરો વડે સામસામો જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં બંને પક્ષના પાંચથી વધુ વ્યક્તિઓને ગંભીર ઈજાઓ પહોંચતા સર ટી. હોસ્પિટલમાં સારવાર હેઠળ ખસેડવામાં આવ્યા છે.

ખેડૂતવાસમાં આવેલ મફતનગરમાં રહેતા મહેશભાઈ બુધાભાઈ ગોહેલના ઘર પાસે ગોપાલ ઉર્ફે ઢેચુ અને તેના ભાઈઓ ગાળો બોલતા હતા. મહેશભાઈના પિતા બુધાભાઈએ ગાળો બોલવાની ના પાડતા તમામ ગોપાલ ઉર્ફે ઢેચુ કિશોરભાઈ વાઘેલા,રોહીત ઉર્ફે ડાબેરી કિશોરભાઈ વાઘેલા,કાળો કિશોરભાઈ વાઘેલા, જગદીશ ઉર્ફે જગી ભનુભાઈ મકવાણા,ચેતન ભનુભાઈ મકવાણા,રવી ઉર્ફે કાળો રમેશભાઈ ડાભી, સુનીલ રમેશભાઈ ડાભી, નિલેશ ઉર્ફે ભાજી વિજયભાઈ પરમાર, કાળા વિજયભાઈ પરમારએ એકસંપ થઈ તલવાર અને ધારિયા જેવા હથિયારો વડે હુમલો કર્યો હતો. જેમાં મહેશભાઈને ગરદન-પીઠના ભાગે અને તેમના ભાઈ અલ્પેશને માથામાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. જ્યારે સામા પક્ષે ગોપાલ ઉર્ફે ઢેચુ વાઘેલાએ વળતી ફરિયાદ નોંધાવી છે.

# બ્રાસપાટના 3 ઉદ્યોગકારો સાથે 4.44 કરોડની છેતરપિંડી : વેપારીનો ટ્રાન્સફર વોરંટથી કબજો

## આરોપીએ ફરિયાદી, બે વેપારીઓને વ્યવસાયિક સંબંધો કેળવી વિશ્વાસમાં લીધા હતા

જામનગર

જામનગરના દરેડ જીઆઈડીસી વિસ્તારમાં આવેલા એક ઉદ્યોગ સાથે સંકળાયેલા વેપારી સામે રૂ.4.44 કરોડની આર્થિક છેતરપિંડી અને વિશ્વાસઘાતની ફરિયાદ નોંધાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. આરોપીએ ફરિયાદી તથા અન્ય બે વેપારીઓ સાથે વ્યવસાયિક સંબંધો કેળવી વિશ્વાસમાં લીધા હતા. વેપાર દરમિયાન ફરિયાદીના લેણા પેટે બાકી નીકળતા રૂ.2,04,50,723ની રકમ ચૂકવી નહોતી. ઉપરાંત જીતેન્દ્રભાઈ ગોવિંદભાઈ ડોબરિયા પાસેથી બ્રાસ સ્ક્રેપનો માલ આપવા માટે એડવાન્સ પેટે રૂ.25 લાખ લીધા હોવા છતાં માલ સપ્લાય કર્યો નહોતો. આ ઉપરાંત દિનેશભાઈ વેજાણંદભાઈ કનારા પાસેથી વેપારી વ્યવહારોના રૂ.2.14 કરોડ બાકી રાખી કુલ રૂ.4.44 કરોડની રકમની વ્યાપારીક નાણાકીય ઉચાપત અને વિશ્વાસઘાત કર્યો હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. બાદમાં આરોપી પોતાના ધંધાના સ્થળ તેમજ રહેણાંકને તાળા મારી ફરાર થઈ ગયો હતો. આરોપી આનંદભાઈ મોઢવાડીયા સામે અગાઉ પણ સમાન પ્રકારનો ગુનો નોંધાયો હોવાનું અને તે ગુનામાં જેલ હવાલે કરાયો હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે. હાલ આ ગુનાની તપાસ કરી રહેલા પંચકોશી 'બી' ડિવિઝનના પોલીસ ઇન્સ્પેક્ટરની ટીમે જામનગર જિલ્લા જેલમાંથી ટ્રાન્સફર વોરંટના આધારે આરોપીનો કબજો મેળવી વધુ પૂછપરછ શરૂ કરી છે.

# જેતપુરના રણુજા ધામ મંદિરના મહંતે અસહ્ય પીડાથી કંટાળી આપઘાત કર્યો

રાજકોટ

જેતપુરના બોરડી સમઢિયાળા અને ખારચિયા ગામ વચ્ચે આવેલા પ્રસિદ્ધ રણુજા ધામ મંદિરના મહંત કરસનદાસ બાપુએ આપઘાત કરી લેતા સમગ્ર પંથકના સેવકો અને શ્રદ્ધાળુઓમાં ભારે અરેરાટી સાથે શોકની લાગણી વ્યાપી ગઈ છે. મહંત કરસનદાસ બાપુએ મંદિરની સામે જ આવેલી એક વાડીના કૂવામાં પડતું મૂકીને આપઘાત કર્યો હતો. આ ઘટનાની જાણ થતાં જ મોટી સંખ્યામાં ગ્રામજનો, મંદિરના સેવકો અને ભક્તો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. પોલીસને ઘટનાસ્થળેથી મહંત કરસનદાસ બાપુએ લખેલી એક સુસાઇડ નોટ મળી આવી છે, જેમાં તેમણે પોતાના જીવનના છેલ્લા 47 વર્ષનો ઉલ્લેખ કર્યો છે.

મૂળ મીઠાપુરના વતની અને વરીયા કુંભાર જ્ઞાતિમાં જન્મેલા મહંતે લખ્યું છે કે, '47 વર્ષ પહેલાં હું પોતાનો પરિવાર છોડી સંન્યાસી બન્યા હતા અને છેલ્લા 45 વર્ષથી રણુજા ધામ મંદિરની સેવા-પૂજા કરતા હતા. આ સમય દરમિયાન મે મારા પરિવાર સાથે કોઈ સંપર્ક રાખ્યો નહોતો.' સુસાઇડ નોટ અનુસાર, આપઘાત પાછળનું મુખ્ય કારણ કેન્સરની ગંભીર બીમારી છે. મહંત છેલ્લા 10 વર્ષથી કેન્સર જેવી જીવલેણ બીમારી સામે ઝઝૂમી રહ્યા હતા.

# જામનગરમાં પ્રાથમિક શાળામાં વિદ્યાર્થિનીએ વોશરૂમ જવાનું કહેતાં આચાર્યએ લાફા ઝીંક્યા

જામનગર

ધોરણ 6માં અભ્યાસ કરતા વિદ્યાર્થી ધ્રુવ પ્રવીણભાઈ પાંડાવદરાને વોશરૂમ જવાની મંજૂરી માંગવા બદલ શાળાના આચાર્ય રામભાઈ સોલંકીએ કાન પર બે લાફા ચોડી દીધા હતા. શાળાના એક શિક્ષક રજા પર હોવાથી આચાર્ય રામભાઈ સોલંકી ક્લાસમાં અભ્યાસ કરાવી રહ્યા હતા. તે દરમિયાન વિદ્યાર્થીએ વોશરૂમ જવા માટે આચાર્યને ત્રણ વખત પૂછ્યું હતું, પરંતુ કોઈ જવાબ ન મળતાં તેણે આચાર્યનું ધ્યાન દોરવા તેમના ઘૂંટણ પર હાથ અડાડ્યો હતો. ઉશ્કેરાઈ ગયેલા આચાર્યએ માસૂમ બાળકને કાન પર બે લાફા મારી દીધા હતા. ગભરાઈ ગયેલા બાળકે ઘરે કોઈને વાત ન કરી, પણ કાનમાં અસહ્ય દુખાવો થતાં આખરે પિતાને આપવીતી જણાવી હતી.

# મુન્દ્રામાં ખેતરોમાં ગેરકાયદે વીજલાઈનો નાખવા મુદ્દે હોબાળો

## ખેડૂતો-કોંગ્રેસ દ્વારા ટી-પોઇન્ટ પર ચક્કાજામ, હળવદના 22 ગામનું જેતપરના ખેડૂત આંદોલનને સમર્થન

ભુજ

મુન્દ્રા તાલુકાના સ્થાનિક ખેડૂતોની સંમતિ વિના તેમના ખેતરોમાંથી ગેરકાયદેસર રીતે હાઈટેન્શન વીજ ટ્રાન્સમિશન લાઈનો નાખવાના વિરોધમાં ખેડૂતો અને કોંગ્રેસ દ્વારા ટી-પોઇન્ટ નજીક ઉગ્ર વિરોધ પ્રદર્શન સાથે ચક્કાજામ કરવામાં આવ્યો હતો. આ આંદોલનના કારણે હાઈવે પર ટ્રકો અને અન્ય વાહનોની કતારો લાગી ગઈ હતી. જો કે, સંબંધિત કંપનીના ઉચ્ચ અધિકારીઓ દ્વારા મૌખિક અને લેખિત ખાતરી મળ્યા બાદ આશરે એક કલાકે ચક્કાજામ સમેટાયો હતો અને વાહન વ્યવહાર પૂર્વવત થયો હતો.

મુન્દ્રા પંથકમાં ખેડૂતોના અધિકારો અને જમીનો પર બળજબરીથી થઈ રહેલા કામો અંગે લાંબા સમયથી અજંપાભરી સ્થિતિ પ્રવર્તી રહી છે. ગત સાંજના અરસામાં મોટી સંખ્યામાં સ્થાનિક ખેડૂતો, કોંગ્રેસના અગ્રણીઓ અને કાર્યકરો રંગોલી ગેટ અને ટી-પોઇન્ટ વચ્ચેના મુખ્ય માર્ગ પર એકત્રિત થયા હતા અને સૂત્રોચ્ચાર સાથે રસ્તા પર બેસી ગયા હતા.

બીજી તરફ હળવદ તાલુકા મામલતદાર કચેરી ખાતે પણ 22 જેટલા ગામના ખેડૂતો જેતપર ગામે ચાલતા ખેડૂત આંદોલનના સમર્થનમાં રજૂઆત કરવા પહોંચ્યા હતા અને અને પહેલા ઉપવાસ કરી રહેલા ખેડૂતોના પારણા કરાવવામાં આવે અને ખેડૂતોની માંગણી સંતોષવામાં આવે તેવી માંગ કરી હતી.

### જામનગરમાં ખેડૂતોના સમર્થનમાં કોંગ્રેસનો વિરોધ

જામનગરમાં ખેડૂતોના પ્રશ્નોને લઈને કોંગ્રેસ દ્વારા આજે વિરોધ રેલીનું આયોજન કરાયું હતું. ખેડૂતો પર અત્યાચાર બંધ કરો સહિતના બેનરો અને સૂત્રોચ્ચારો સાથે કોંગ્રેસના મહિલાઓ સહિતના આગેવાનો અને કાર્યકરો કલેક્ટર કચેરી સુધી પહોંચી આવેદનપત્ર આપવા નીકળ્યા હતા. ખેતરમાં વિજ પોલના મુદ્દે 'જય જવાન જય કિસાન'ના સૂત્રોચ્ચાર સાથેની રેલી આગળ વધતી હતી ત્યારે પોલીસે કાયદો-વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે રેલીને નિર્ધારિત સ્થળે રોકી હતી.

સ્વદેશ

FRIDAY, 03 JULY 2026





## હેરાફેરી થ્રી સાથે મારે લેવાદેવા નથી : પ્રિયદર્શન

મુંબઈ : ફિલ્મ નિર્દેશક પ્રિયદર્શને સ્પષ્ટતા કરી છે કે તેઓ ‘હેરાફેરી થ્રી’ સાથે કોઇ રીતે સંકળાયેલાં નથી અને કાનૂની વિવાદો તથા અન્ય બાબતો જોતાં આ ફિલ્મ બનશે કે કેમ તે અનિશ્ચિત છે. જો કે , નિર્માતા ફિરોઝ નડિયાદવાલાએ જણાવ્યું હતું કે ફિલ્મની યોજના યોગ્ય દિશામાં આગળ વધી રહી છે. દરમ્યાન પ્રિયદર્શને જણાવ્યું હતું કે ફિરોઝ જે કહે છે તે સાચું છે. હું હાલ ‘હેરાફેરી થ્રી’ સાથે સંકળાયેલો નથી. પણ મારી જાણ મુજબ કાનુની અવરોધો અને અંગત સમસ્યાઓને કારણે ‘હેરાફેરી થ્રી’ કદી બનીને રજૂ થઇ શકશે નહીં. હું તેની સાથે સંકળાયેલો હોઉં કે નહીં તેનું કશું મહત્વ નથી.

## ક્રિતીએ કબીર સાથે નવા ફોટા મૂકી બ્રેક અપની અફવા ફગાવી



મુંબઈ : ક્રિતી અને બોય ફ્રેન્ડ કબીર દહિયા વચ્ચે બ્રેક અપની અફવા તાજેતરમાં ફેલાઈ હતી. હવે ક્રિતીએ પણ છેલ્લા છ મહિનાના ફોટા એક સાથે સોશ્યલ મિડિયા પર મૂક્યા તેમાં કબીર સાથે નવા ફોટા પોસ્ટ કરી પોતાની સ્ટાઈલથી બ્રેક અપની અફવા નકારી છે. કબીર અને ક્રિતી અનેકવાર જાહેરમાં એકસાથે જોવા મળ્યા છે. કબીરે આ વર્ષની શરૂઆતમાં યોજાયેલાં ક્રિતીની બહેન નુપૂરના લગ્નમાં પણ હાજરી આપી હતી. એક વાઈરલ પોસ્ટ પર દાવો કરવામાં આવ્યો છે કે કબીર બીજી એક છોકરી સાથે દેખાયો છે. આ વિડિયો વાઈરલ થવાની સાથે નેટીઝન્સમાં ચર્ચા ફાટી નીકળી હતી કે કબીર અને ક્રિતી વચ્ચે બ્રેક અપ થઇ ગયું છે કે શું? પણ સાચી વાત એ હતી કે કબીર જેવા જ દેખાતાં માણસનો ઈન્સ્ટા પરનો સ્ક્રિન શોટ લઈને આ ખોટો દાવો કરવામાં આવ્યો હતો.

## શ્રદ્ધા કપૂર બોયફ્રેન્ડ રાહુલ મોદી સાથે ફિલ્મ જોવા પહોંચી



મુંબઈ : શ્રદ્ધા કપૂર અને રાહુલ મોદી ફરી એકવાર સાથે ફિલ્મની મોજ માણતાં ઝડપાઈ ગયા છે. બંને જણાં સાથે હોય તેવી અનેક તસવીરો ફરે છે પણ તેમના સંબંધો બાબતે તેમણે કદી કોઈ ફોડ પાડયો નથી. તાજેતરમાં તેઓ ‘વેલકમ ટુ ધ જંગલ’ ફિલ્મ થિયેટરમાં બેસી જોતાં હોય તેવો વિડિયો વાઈરલ બન્યો હતો.

આ વિડિયો થિયેટરની અંદર કોઈ સાથી દર્શકે શૂટ કર્યો હોય તેમ લાગે છે. આ વિડિયો સોશ્યલ મિડિયા પર વાઈરલ થતાં શ્રદ્ધાના ચાહકો જાતજાતની કોમેન્ટ કરી રહ્યા છે. ૨૦૨૪ની શરૂઆતમાં શ્રદ્ધા અને રાહુલ પહેલીવાર સાથે જોવા મળ્યા ત્યારથી તેમના સંબંધો વિશે જાતજાતની અટકળો ચાલી રહી છે.

થોડા મહિના અગાઉ રાહુલે લખેલી અને નિર્દેશિત કરેલી એક જાહેરાતના શ્રદ્ધાએ વખાણ કર્યા હતા. આ જાહેરાતમાં અનીત પદ્દાએ કામ કર્યું હતું.



## શર્વરી : ‘સેફ’ રમવામાં નહીં, દિલની વાત સાંભળવામાં સમજદારી છે

શર્વરી માટે ‘મૈં વાપસ આઉગા’ ફિલ્મોગ્રાફીમાં માત્ર એક ઉમેરો નથી, પરંતુ તેનાથી ઘણું વિશેષ છે. જે ક્ષણે તેણે ઈમ્તિયાઝ અલીની આ ફિલ્મની પટકથા સાંભળી, તે જ ક્ષણે આ સફરનો હિસ્સો બનવાનું નક્કી કરી લીધું હતું. તેને ડર હતો કે ક્યાંક આ સુવર્ણ તક એના હાથમાંથી સરી ન જાય. શર્વરીના મતે, આવી દમદાર લાગણીસભર ફિલ્મને ના પાડવી એના માટે અશક્ય હતી. ‘મૈં વાપસ આઉગા’નું પશ્ચાદભૂ અખંડ ભારતના ભાગલા સમયના પંજાબ પર આધારિત છે. વાત બે પ્રેમીઓની છે. ઈતિહાસની ભીષણ ઉથલપાથલ વચ્ચે તેમનો સંબંધ કેવા વળાંકો લે છે તે આ ફિલ્મમાં આલેખાયું છે. ફિલ્મમાં શર્વરી વેદાંગ રૈનાની સામે મુખ્ય ભૂમિકામાં છે. મોટી રાજકીય કટોકટીઓ વચ્ચે પણ પ્રણય પાંગરી શકે છે અને પાંગરી ચૂકેલો પ્રેમ અધૂરો પણ રહી શકે છે, તે વાત આ ફિલ્મના કથાનકનું કેન્દ્ર છે. હોમવર્કના ભાગરુપે શર્વરીએ પોતાની મમ્મી સાથે અમૃતસરના ‘પાર્ટીશન મ્યુઝિયમ’ની મુલાકાત લીધી હતી. આ મુલાકાતને કારણે ઐતિહાસિક વાતાવરણને નજીકથી અનુભવવામાં ઘણી મદદ મળી.

શર્વરીની કાર્યશૈલીની સૌથી મોટી વિશેષતા એ છે કે તે પોતાની પસંદગી પર બોલિવુડની રૂઢિગત અપેક્ષાઓને હાવી થવા નથી દેતી. નવોદિત કલાકારોને બોક્સ ઓફિસની દ્રષ્ટિએ ‘સેફ’ પ્રોજેક્ટ્સ પસંદ કરવાની સલાહ અપાતી હોય છે, પણ શર્વરી પોતાની આંતરસ્ફૂરણાને જ પ્રાધાન્ય આપે છે. શર્વરી માને છે કે ફિલ્મ નિર્માણનો અનુભવ અને સેટ પર દિગ્દર્શક તથા સહ-કલાકારો સાથે વિતાવેલા મહિનાઓ અંતિમ પરિણામ જેટલા જ કિંમતી છે. તે સર્જનાત્મક પ્રક્રિયા દરમિયાન બંધાતા સંબંધોના મૂલ્યને સુપેરે સમજે છે. ઘણીવાર શૂટિંગ પૂરું થયા પછી પણ પોતાના કિરદારમાંથી બહાર નીકળવું એના માટે અઘરું બની જાય છે, કારણ કે તે એ કાલ્પનિક વિશ્વમાં ઓતપ્રોત થઈ ચૂકી હોય છે.

શર્વરીને ‘મૈં વાપસ આઉગા’નું રોમેન્ટિક ગીત ‘મસ્કારા’ ખૂબ પસંદ છે. પ્રમોશન દરમિયાન એણે એક વીડિયો સોશિયલ મિડીયા પર શેર કર્યો હતો, જેમાં એ કાળા રંગના પોશાકમાં સજ્જ થઈને, પિયાનો પાસે બેસીને વેદાંગ રૈનાના પાત્ર સાથે આ ગીત પર પર્ફોર્મ કર્યું હતું. એના ચાહકોને આ વીડિયો જોઈને મજા પડી ગઈ હતી. વેદાંગ રૈના અને નિલંજના ઘોષના કંઠે ગવાયેલું આ ગીત યુવા પ્રેમના ભાવોને આબેહૂબ ઝીલે છે. ફિલ્મમાં શર્વરીનું પાત્ર જિયા અત્યંત રમતિયાળ, ઉર્જાવાન અને ચંચળ છે. તે પોતાની લાગણીઓ વ્યક્ત કરતી વખતે ગભરાટભરી ઉત્તેજનાને આત્મવિશ્વાસ અને આકર્ષણમાં ફેરવી નાખે છે. તેની સામે, વેદાંગનું પાત્ર ખૂબ શાંત છે, શરમાળ છે. બંને પાત્રોના અભિગમમાં રહેલો આ ફિલ્મનું એક ઈન્ટરેસ્ટિંગ પાસું છે. છેલ્લાં થોડાં વરસોમાં શર્વરીની કારકિર્દીનો ગ્રાફ સતત ઉપર તરફ ગતિ કરતો રહ્યો છે. તેણે ફિલ્મ ઉદ્યોગમાં સહાયક દિગ્દર્શક તરીકે પ્રારંભ કર્યો હતો. સંજય લીલા ભણસાલી જેવા દિગ્ગજ ડિરેક્ટર સાથે એણે ‘બાજીરાવ મસ્તાની’ના જુનિયર આસિસ્ટન્ટ ડિરેક્ટર તરીકે કામ કર્યું હતું. લવ રંજન સાથે પણ કામ કર્યું હતું. ૨૦૨૦માં કબીર ખાનની વેબ સીરિઝ ‘ધી ફરગોટન આર્મી - આઝાદી કે લિયે’થી અભિનય ક્ષેત્રે પદાર્પણ કર્યું હતું. તે પછી યશરાજની ‘બંટી ઔર બબલી-ટુ’માં મુખ્ય ભૂમિકામાં જોવા મળી. ૨૦૨૪ની હિટ હોરર-કોમેડી ફિલ્મ ‘મુંજ્યા’ દ્વારા તેણે દેશભરના પ્રેક્ષકોનું ધ્યાન આકષત કર્યું.

‘મૈં વાપસ આઉગા’ સાથે શર્વરી હવે કરીઅરના મહત્ત્વના તબક્કામાં પ્રવેશી ચૂકી છે. આ ફિલ્મમાં એને નસીરુદ્દીન શાહ જેવા પાવરહાઉસ કલાકારનો સાથ મળ્યો છે. અલબત્ત, નસીર સાથે શર્વરીએ સીન શૂટ કરવાના નહોતા, કેમ કે શર્વરીનું પાત્ર નસીરના કિરદારના સ્મરણોમાં વસે છે. આ ફિલ્મ ઈમ્તિયાઝ અલીની આગલી કેટલીક ફિલ્મો જેટલી ધમાકેદાર ભલે ન હોય, ભલે તેનો ફર્સ્ટ હાફ નબળો હોય, પણ સમગ્રપણે આ ફિલ્મ અસરકારક સાબિત થઈ છે. લોકોને નસીરુદ્દીન શાહ, દિલજિત દોસાંજ અને વેદાંગ રૈનાની સાથે સાથે શર્વરીનું પર્ફોર્મન્સ પણ ખૂબ ગમ્યું છે. ચાલો, ‘મૈં વાપસ આઉગા’ તો રિલીઝ થઈ ગઈ. હવે શું? શર્વરી ત્રણ મહત્ત્વની કહી શકાય તેવી ફિલ્મોમાં દેખાવાની છે - યશરાજ બેનરની ‘આલ્ફા’, સૂરજ બડજાત્યાની ‘યહ પ્રેમ મોલ લિયા’ અને અલી અબ્બાસ ઝફરની એક ફિલ્મ. તેની ફિલ્મોની વૈવિધ્યસભર યાદી દર્શાવે છે કે તેને એક જ પ્રકારની ભૂમિકાઓ કરતા રહેવામાં રસ નથી. બહોત અચ્છે, શર્વરી.


## જેનિફર લૉરેન્સ હવે પ્રોડયુસર બનશે

ઓસ્કાર વિજેતા અમેરિકન અભિનેત્રી જેનિફર લોરેન્સ તેની આગામી રોમેન્ટિક કોમેડી ફિલ્મ ‘વન મંથ માર્ક’માં અભિનય કરશે અને નિર્માતા પણ બનશે. એપલ ઓરિજિનલ ફિલ્મ્સે 40થી વધુ દાવેદારો વચ્ચે સ્પર્ધા બાદ આ ફિલ્મના રાઈટ્સ ખરીદ્યા છે. આ ફિલ્મમાં એક મહિલા જે એક મહિનાથી વધુ સંબંધમાં ટકી શકતી નથી અને એક પુરુષ જે ક્યારેય એક મહિનાથી વધુ સંબંધ વિના રહ્યો નથી, તેમની વાર્તા છે. અહેવાલ તો એવા છે કે ઓસ્કાર વિજેતા અમેરિકન અભિનેત્રી જેનિફર લોરેન્સ પોતાની આગામી રોમેન્ટિક કોમેડી ફિલ્મ ‘વન મંથ માર્ક’માં અભિનય પણ કરશે અને આ ફિલ્મની એક પ્રોડયુસર પણ બનશે. એપલ ઓરિજિનલ ફિલ્મ્સ સાથેનો લોરેન્સનો આ ચોથો પ્રોજેક્ટ છે. ચાલીસથી વધુ દાવેદારો વચ્ચેની તીવ્ર હરીફાઈ બાદ એપલે આ ફિલ્મના રાઈટ્સ ખરીદ્યા છે. સાચુ-ખોટું જિસસ જાણે, પણ આ ફિલ્મની સ્ક્રિપ્ટને અત્યારથી જ હોલિવુડ ઈતિહાસની સૌથી લોકપ્રિય સ્ક્રિપ્ટ્સમાંની એક માનવામાં આવે છે. સોફી બુરઈન લિખિત આ ફિલ્મનું નિર્માણ ચેનન એન્ટરટેન્મેન્ટ અને લોરેન્સની પોતાની પ્રોડક્શન કંપની સાથે મળીને કરશે. સ્ટાર અને નિર્માતા તરીકેની આ બેવડી ભૂમિકા કેમેરા પાછળ લોરેન્સના વધતા પ્રભાવને દર્શાવે છે. ફિલ્મ માટે હજી સુધી કોઈ દિગ્દર્શકની સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. ‘વન મંથ માર્ક’ની વાર્તા સંબંધોની અનોખી પેટર્ન પર આધારિત છે. આ કથા બે વિરોધાભાસી પાત્રોની આસપાસ ફરે છે. એક એવી મહિલા છે, જે કોઈપણ સંબંધમાં એક મહિનાથી વધુ ટકી નથી શકતી, અને એક એવો પુરુષ જે ક્યારેય એક મહિનાથી વધુ સમય સંબંધ વિના રહ્યો નથી. બિલકુલ જુદા અભિગમ ધરાવતી આ બે વ્યક્તિઓ વચ્ચે આ ટકરાવ ન થાય તો જ નવાઈ, પણ આ ટકરાવમાંથી જ હ્યુમર અને ટેન્શન બન્ને ઊભાં થાય છે. આ ફિલ્મ ટિપિકલ રોમેન્ટિક ફિલ્મો જેવી કદાચ નહીં હોય.










હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા ક્લેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ, પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news

## કરોડોનો તાલીમ ખર્ચ બચાવવા મોડલ ડિસ્ટિલેશન એટેકથી સુપર પાવર AIનું ક્લોનિંગ શરૂ

# ચીન દ્વારા ડેટાચોરી : એઆઈ વર્લ્ડમાં જંગના ભણકારા

**પ્રાંસગિક**
**ધવલ શુક્લ**

2026ના વર્ષમાં આખી દુનિયામાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ થકી કામગીરીની શરૂઆત થઈ ચુકી છે. પરંતુ સાથે સાથે એક નવી જ સમસ્યા સામે આવી છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના કારણે માણસોની નોકરી જતી રહેશે, રોજગારી ઘટી જશે તેવી ચિંતા હતી. પરંતુ હજુ તેવી કોઈ મોટી અસર થઈ નથી. તેને બદલે હાલમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ દ્વારા એકબીજા ઉપર હુમલા થઈ રહ્યા છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સિસ્ટમના એકબીજા ઉપરના હુમલાને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ કેનિબલિઝમ અથવા તો એઆઈ કેનિબલિઝમ નામ આપવામાં આવ્યું છે. ટેક્નોલોજીની દુનિયામાં હવે યુદ્ધના પડઘમ સંભળાઈ રહ્યા છે.

હાલ તો અમેરિકા અને ચીન આ ક્ષેત્રમાં સામ સામે છે. યુએસની દિગ્ગજ અને અત્યંત શક્તિશાળી પ્લેટફોર્મ ગણાતી એઆઈ કંપની એન્થ્રોપિકે ચીની કંપનીઓ સામે મોરચો માંડ્યો છે. અમેરિકી કંપનીએ ચીની કંપનીઓ સામે સાઈબર ક્રાઈમ બાદ એઆઈ કેનિબલિઝમનો આરોપ મૂક્યો છે. જેમાં ચીનની એઆઈ કંપનીઓ દ્વારા અમેરિકન એઆઈ કંપની એન્થ્રોપિકને ટાર્ગેટ કરાતુ હોવાના આરોપો છે. આ અંગે સત્તાવાર ફરિયાદ પણ નોંધાવવામાં આવી છે. એન્થ્રોપિકની ફરિયાદમાં એવો ઉલ્લેખ છે કે, ચીનની ટેક જાયન્ટ અલીબાબાની **'Qwen AI'** લેબ દ્વારા ક્લોડ એઆઈ ઉપર હુમલા કરાયા છે. ચીની કંપની ક્વેન એઆઈ દ્વારા ક્લોડ એઆઈના વ્યાપકપણે ઉપયોગમાં લેવાતા મોડલ્સમાંથી વિવિધ સ્કિલ્સ ચોરવા માટે અત્યાર સુધીનો સૌથી મોટો 'એડવર્સિરીયલ ડિસ્ટિલેશન એટેક' કરવામાં આવ્યો છે. અમેરિકી કંપનીના આ નિવેદનને પગલે ટેક્નોલોજી વિશ્વમાં ભૂકંપ આવ્યો છે.

એડવર્સરીયલ ડિસ્ટિલેશન એટેક નામની નવીન ટેકનિકમાં વધુ શક્તિશાળી એઆઈ મોડલ પાસેથી સતત કોઈ મુદ્દે જવાબો માંગી તેનું ક્લોનિંગ કરવામાં આવે છે. એક કિસ્સામાં અલીબાબાના એઆઈ મોડલ. દ્વારા ક્લોડ પ્લેટફોર્મને મોટા પાયે પ્રશ્નો પૂછીને હાઈલી ક્લાસિફાઈડ અને ઈફેક્ટિવ જવાબો અને આઉટપુટ એકત્રિત કરાયા હતા. એડવર્સરીયલ ડિસ્ટિલેશન એટેકમાં મજબૂત પ્લેટફોર્મ પાસેથી



વિગતો મેળવીને તેનો ઉપયોગ નબળા અથવા ઓછી ક્ષમતા ધરાવતા ક્લોન એઆઈ મોડલ્સને તાલીમ આપવા અથવા તેને સુધારવા માટે કરવામાં આવે છે.

આ પદ્ધતિ હુમલાખોરોને મોડલના કોડિંગની વિગતો વિના અથવા આર્કિટેક્ચરની સીધી ઍક્સેસ વિના મૂળ તાલીમ ખર્ચના ખૂબ જ નાના હિસ્સામાં અદ્યતન લાર્જ લેંગ્વેજ મોડલ્સની તાર્કિક ક્ષમતા, કોડિંગ અને એજન્ટિક બિહેવિયર જેવી અદ્યતન ક્ષમતાઓની નકલ કરી આપે છે. તેના દ્વારા હુમલાખોર કંપની કરોડો રૂપિયા બચાવી શકે છે. નોંધનીય છે કે, યુએસ સેનેટમાં એન્થ્રોપિક દ્વારા અલીબાબાના એઆઈ પ્લેટફોર્મ સામે ફરિયાદ કરાઈ હતી. તે અંગે હવે સુનાવણી ચાલી રહી છે. ખાસ વાત એ છે કે, આ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ઉપર આગામી યુએસ સેનેટની સુનાવણી પહેલાં એન્થ્રોપિકે ૧૦ જૂનના રોજ સેનેટ કમિટી ઓન બેન્કિંગ, હાઉસિંગ અને અર્બન અફેર્સના યુએસ સેનેટર્સ ટિમ સ્કોટ અને એલિઝાબેથ વોરેનને એક પત્ર મોકલ્યો હતો. પત્રમાં આક્ષેપ છે કે, અલીબાબાની એઆઈ વિંગ ક્વેન એઆઈ દ્વારા ક્લોડ મોડલ ઉપર લાખો 'એઆઈ ડિસ્ટિલેશન' હુમલા કરાયા હતા. તેના કારણે ક્લોડની કામગીરીને વ્યાપક અસર થઈ રહી છે અને તેના ઉપર ડેટાચોરીનું મોટું જોખમ ઉભુ થયું છે.

ચિંતાજનક બાબત એ છે કે, એન્થ્રોપિક દ્વારા લખવામાં આવેલા પત્રમાં એવો દાવો કરાયો છે કે, અલીબાબા અને તેની **Qwen AI** લેબ સાથે જોડાયેલા ઓપરેટરોએ ક્લોડ મોડલ્સ સાથે ૨.૮૮ કરોડથી વધુ સંવાદો કરવા માટે આશરે ૨૫,૦૦૦ નકલી એકાઉન્ટ્સનો ઉપયોગ કર્યો હતો. આ સંવાદો ૨૨ એપ્રિલ અને ૫ જૂન ૨૦૨૬ વચ્ચે એઆઈ મોડલને સબમિટ કરવામાં આવેલી પ્રતિક્રિયાઓ અને પ્રોમ્પ્ટ્સના સ્વરૂપમાં હતા. એન્થ્રોપિકે આ હુમલાને ક્લોડની ક્ષમતાઓને ગેરકાયદે ચોરી કરવાના પ્રયાસ તરીકે ગણાવ્યા છે અને તેને કંપની સામે અત્યાર સુધીનો સૌથી મોટો ડિસ્ટિલેશન એટેક કહ્યો છે. આ એટેકને પગલે હવે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ વર્લ્ડ ચીની કંપનીઓ સામે રેડઝોન ઊભો થાય અથવા તો તપાસના આદેશ આપવામાં આવી શકે છે. મહત્વની વાત એ છે કે, એન્થ્રોપિક ઉપર ચીની એઆઈ કંપનીઓ દ્વારા આ પહેલો ડિસ્ટિલેશન હુમલો કરાયો છે તેવું નથી. ભૂતકાળમાં એન્થ્રોપિક ઉપર ચીની કંપનીઓ દ્વારા ઘણી વખત એઆઈ ડિસ્ટિલેશન એટેકના કિસ્સા બન્યા છે.

આ જ વર્ષે ફેબ્રુઆરી ૨૦૨૬માં એન્થ્રોપિકે જણાવ્યું હતું કે, ડીપસીક તરફથી આશરે ૧,૫૦,૦૦૦ સંવાદો, મૂનશોટ એઆઈ તરફથી ૩૪ લાખથી વધુ સંવાદો અને મિનિમેક્સ તરફથી આશરે ૧.૩ કરોડ સંવાદો નોંધ્યા હતા. આ અભિયાનો અલીબાબાના કથિત ૨.૮ કરોડ સંવાદો કરતા નોંધપાત્ર રીતે નાના હતા. તેમ છતાં આ વર્ષે જ ચીની એઆઈ કંપનીઓ અને પ્લેટફોર્મ દ્વારા અમેરિકી એઆઈ કંપનીઓમાં ઘુસવાના અને તેનું ક્લોનિંગ કરવાના સક્રિય પ્રયાસો કરાયા છે. કંપનીએ તો ત્યાં સુધી કહ્યું કે, લાંબા ગાળાના અને જટિલ કાર્યો કરવાની ક્લોડની ક્ષમતા તેમજ તેની અદ્યતન વિચારવાની ક્ષમતાને પણ નિશાન બનાવવામાં આવી હતી. ક્લોડનો દાવો છે કે, ચીની કંપનીઓ દ્વારા આ ક્ષમતાઓનું ક્લોનિંગ કરીને અમેરિકા કરતા વધારે સક્ષમ એઆઈ પ્લેટફોર્મ વિકસાવવાની કવાયત કરવામાં આવી રહી છે. ચીની કંપનીઓ સતત અમેરિકાની ટોચની એઆઈ કંપનીઓ ઉપર સાઈબર એટેક અને ડિસ્ટિલેશન એટેક કરી રહી છે. જોવા જેવી વાત એ છે કે, એન્થ્રોપિક દ્વારા પત્ર મોકલવામાં આવ્યાના થોડા સમય બાદ ૧૨ જૂનના રોજ, યુએસ ડિપાર્ટમેન્ટ ઑફ કોમર્સે કંપનીના સૌથી નવા એઆઈ મોડલ્સ, 'માયથોસ' અને 'ફેબલ' ના ઍક્સેસ પર પ્રતિબંધો મૂકી દીધા હતા. આ નિર્ણય પાછળ ચીન અને અન્ય કેટલાક દુશ્મન અને વિરોધી દેશોમાં સૈન્ય અને ગુપ્તચર સંસ્થાઓ દ્વારા તેનો ઉપયોગ થવાની શકયતા વર્ણવાઈ છે.

ત્યારબાદ એન્થ્રોપિકે તે મોડલ્સની વૈશ્વિક ઍક્સેસ બંધ કરી દીધી હતી. તે જ સમયે, અન્ય કેટલીક ચીની કંપનીઓની સાથે અલીબાબાને પણ યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ ડિફેન્સની ચીની સૈન્ય કંપનીઓની યાદીમાં ઉમેરવામાં આવી હતી. જો કે, અલીબાબા હાલમાં તે ડેઝિગ્નેશનને પડકારી રહી છે. એન્થ્રોપિકે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ક્ષેત્રે યુએસના પ્રભુત્વને બચાવવા માટે સરકાર અને ઉદ્યોગ વચ્ચે સંકલિત વ્યવસ્થા થકી લેવાતા પગલાં મોટા જોખમની ગુપ્ત માહિતીની વહેંચણી અને કડક દંડની માંગણી કરી છે.

આમ તો આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના ઈતિહાસમાં ડેટા સ્ક્રેપિંગ નવું નથી, પરંતુ 'એડવર્સરીયલ ડિસ્ટિલેશન એટેક' એ બૌદ્ધિક સંપદાની ચોરીનું અત્યંત આધુનિક અને ચિંતાજનક સ્વરૂપ છે. નિષ્ણાતોના મતે આ માત્ર વ્યાપારી નુકસાનનો મુદ્દો નથી, પરંતુ વૈશ્વિક સુરક્ષા માટે મોટો ખતરો છે. જો કોઈ પ્રતિબંધિત દેશ આ પદ્ધતિથી અમેરિકાના સ્વાયત્ત સૈન્ય નિર્ણયો લઈ શકે તેવા એજન્ટિક મોડલ્સનું ક્લોનિંગ કરી લે, તો સાયબર યુદ્ધ અને ડિજિટલ સાર્વભૌમત્વનું સંતુલન સંપૂર્ણપણે ખોરવાઈ શકે છે.

**અલીબાબાએ નકલી એકાઉન્ટ બનાવી ક્લોડ એઆઈની સ્માર્ટનેસ ચોરી કર્યાનો એન્થ્રોપિકે આરોપ મુક્યો છે, એટલું જ નહીં, યુએસ સેનેટમાં ફરિયાદ કરવા ઉપરાંત અર્બન અફેર્સના યુએસ સેનેટર્સ ટિમ સ્કોટ અને એલિઝાબેથ વોરેનને પત્ર મોકલી ચિંતા દર્શાવી છે**

# નાક પરના બ્લેકહેડ્સથી છો પરેશાન? અપનાવો આ ટીપ્સ

નાક પર દેખાતા નાના-નાના કાળા ડાઘ એટલે કે બ્લેકહેડ્સ ચહેરાની સુંદરતા બગાડે છે. નાક આપણા ચહેરાના મુખ્ય ભાગ છે, જ્યાં ઓઈલ ગ્રંથિઓ સૌથી વધુ સક્રિય હોય છે. જ્યારે ત્વચાના ખુલ્લા છિદ્રોમાં વધારાનું સીબમ (ઓઈલ), મૃત ત્વચા કોષો અને પ્રદૂષણની ગંદકી જમા થાય છે, ત્યારે હવાના સંપર્કમાં આવતા જ તે ઓક્સિડાઈઝ થઈને કાળા પડી જાય છે. વધુ પડતો તણાવ, પ્રદૂષણ અને ખોટા મેકઅપ કે સનસ્ક્રીનનો ઉપયોગ આ સમસ્યાને વધારે છે. જો તમે પણ નાક પરના બ્લેકહેડસથી પરેશાન છો તો આ ટીપ્સ અજમાવો. તેનાથી ત્વચાના છિદ્રો ખુલશે અને ચહેરો ચમકદાર થશે.



### બ્લેકહેડ્સથી મુક્તિ મેળવવા ટ્રાય કરો 5 સ્ટેપ્સ

■ **હળવા ફેસવોશથી ક્લીન્સિંગ :** સૌથી પહેલા તમારા ચહેરાને કોઈ માઈલ્ડ (હળવા) ફેસવોશથી સાફ કરો. નાકની આસપાસના ભાગને હળવા હાથે મસાજ કરીને ધોઈ લો. જોરથી ઘસવાનું ટાળો. આનાથી ત્વચા પર જમા થયેલું વધારાનું તેલ અને ધૂળ-ગંદકી સરળતાથી નીકળી જશે.

■ **ફેસ સ્ટીમિંગ એટલે કે વરાળ લો :** વરાળ સીધી બ્લેકહેડ્સને ગાયબ નથી કરતી, પરંતુ તે ત્વચા અને છિદ્રોને નરમ બનાવવાનું કામ કરે છે. એક વાસણમાં ગરમ પાણી લઈ ૫ થી ૭ મિનિટ માટે ચહેરા પર વરાળ લો. ત્યારબાદ સોફ્ટ ટુવાલ વડે હળવા હાથે ચહેરો લૂછી લો.

■ **સેલિસિલિક એસિડ પ્રોડક્ટ્સનો ઉપયોગ :** ત્વચારોગ વિજ્ઞાનીઓ બ્લેકહેડ્સ માટે સેલિસિલિક એસિડને શ્રેષ્ઠ માને છે. તમે ૦.૫% થી ૨% સાંદ્રતા ધરાવતું ફેસવોશ અથવા સીરમ વાપરી શકો છો. તે છિદ્રોની અંદર ઉતરીને ઓઈલ અને ડેડ સ્કીનને સાફ કરે છે. (નોંધ: ચહેરા પર લગાવતા પહેલા હાથ પર પેચ ટેસ્ટ જરૂર કરો).

■ **ક્લે માસ્ક :** જો તમારી ત્વચા વધુ પડતી તૈલી (Oily Skin) હોય, તો માટીનો માસ્ક બેસ્ટ ઓપ્શન છે. અઠવાડિયામાં એક કે બે વાર તેને નાક અને ચહેરા પર લગાવો અને સુકાઈ ગયા બાદ સાદા પાણીથી ધોઈ લો. આ ત્વચાનું એક્સેસ ઓઈલ કંટ્રોલ કરશે.

■ **જેન્ટલ એક્સ્ફોલિયેશન :** કઠોર સ્ક્રબ ત્વચા પર બળતરા પેદા કરી શકે છે. તેના બદલે, હળવા AHA અથવા BHA ધરાવતા કેમિકલ એક્સ્ફોલિયેટર પ્રોડક્ટ્સનો ઉપયોગ કરો. તેને અઠવાડિયામાં માત્ર ૧ થી ૨ વખત જ લગાવવું પૂરતું છે.

### બ્લેકહેડ્સ દૂર કરવામાં આટલું ધ્યાનમાં રાખો

તમે ઉપર જણાવેલ સ્ટેપ્સથી જ્યારે નાક પરના બ્લેક હેડસ દૂર કરો ત્યારે કેટલીક બાબતો ધ્યાનમાં જરૂર રાખવી જોઈએ. ક્યારેય પણ તમારા નખ અથવા અણીદાર પિનથી બ્લેકહેડ્સને દબાવીને કાઢવાનો પ્રયાસ ન કરો. બજારમાં મળતી બ્લેકહેડ સ્ટ્રીપ્સનો વારંવાર ઉપયોગ કરવાનું ટાળો. ચહેરો સાફ રાખવાના ચક્કરમાં દિવસમાં ઘણી બધી વખત મોઢું ધોવાનું બંધ કરો. ત્વચા પર ખૂબ જ સખત કે જોરથી સ્ક્રબ (Scrub) ન ઘસો. એકસાથે ઘણા બધા કેમિકલયુક્ત કે એક્ટિવ સ્કિનકેર પ્રોડક્ટ્સ ચહેરા પર ન લગાવો.




### હાનિકારક યુવી કિરણોથી રક્ષણ

ઉનાળા દરમિયાન સનસ્ક્રીનનો ઉપયોગ ત્વચાને કઠોર સૂર્યપ્રકાશ અને અલ્ટ્રાવાયોલેટ કિરણોથી બચાવવા માટે ભલામણ કરવામાં આવે છે. સનસ્ક્રીન ત્વચા માટે રક્ષણાત્મક સ્તર તરીકે કામ કરે છે અને તેને હાનિકારક યુવી કિરણોથી રક્ષણ આપે છે. સનસ્ક્રીન ખૂબ મોંઘી છે. જેના કારણે લોકો તેને ત્વચાને સફેદ કરવા માટેની ક્રીમ સમજી લે છે. ઘણા માને છે કે નિયમિત સનસ્ક્રીન લગાવવાથી રંગ નિખારશે.

### UVA અને UVB કિરણો ત્વચાને નુકસાન

સનસ્ક્રીનનું પ્રાથમિક કાર્ય ત્વચાને સૂર્યના હાનિકારક યુવી કિરણોથી બચાવવાનું છે. UVA અને UVB કિરણો ત્વચાને નુકસાન પહોંચાડી શકે છે, જેના કારણે સનબર્ન, ટેનિંગ, અકાળ કરચલીઓ અને અન્ય ત્વચા સમસ્યાઓ થાય છે. સનસ્ક્રીન ત્વચા પર એક રક્ષણાત્મક સ્તર બનાવે છે, જે આ કિરણોની અસરો ઘટાડવામાં મદદ કરે છે. લોકોની ત્વચાના સ્વર અને વ્યવસાય પર આધાર રાખીને, ત્વચાને મહત્તમ રક્ષણ આપવા માટે વિવિધ SPF સાથે સનસ્ક્રીનનો ઉપયોગ કરવાની ભલામણ કરવામાં આવે છે.

### ટેનિંગ ઘટાડવામાં મદદ

સનસ્ક્રીન ત્વચાને આછું કરવા માટે નથી. તે કોઈ બ્યુટી ક્રીમ નથી જે ત્વચાના સ્વરમાં ફેરફાર કરે છે. સનસ્ક્રીનનો નિયમિત ઉપયોગ ટેનિંગ ઘટાડે છે, જેનાથી તે સ્પષ્ટ દેખાય છે. આ જ કારણ છે કે લોકો તેને ગોરી ક્રીમ સમજવાની ભૂલ કરે છે. સનસ્ક્રીન ટેનિંગ દૂર કરે છે અને ત્વચાના સ્વરને સરખું કરે છે. આનાથી લોકોને એવું લાગી શકે છે કે તેમની ત્વચા સ્પષ્ટ અથવા તેજસ્વી બની ગઈ છે. નિષ્ણાતોના મતે, જ્યારે ત્વચા લાંબા સમય સુધી સૂર્યપ્રકાશમાં રહે છે. ત્યારે શરીર વધુ મેલાનિન ઉત્પન્ન કરે છે. મેલાનિન એ રંગદ્રવ્ય છે જે ત્વચાને તેનો રંગ આપે છે અને તેને સૂર્યથી રક્ષણ આપે છે.

MOTEL for SALE

NIRAJ PANCHOLI, REALTOR®
Mechanical Engineer (Ahmedabad, India)
Cell: 647-866-2790
Email: ncpancholi@gmail.com
Website: www.niraj-pancholi.c21.ca
Multiple Awards Winner Since 2011
Selling Businesses, Commercial & Residential Properties Since 2011
Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings



MOTEL KING: Specializing in Selling Motels, Proven Records of SOLD over 50 Motels & Hotels in ONTARIO
Licensed to work in ALBERTA as well – Property visit can be scheduled during my trip to Alberta

90+ Room Franchise Hotel – Indoor Corridor, Fully Renovated and Upgraded in WINDSOR – Asking $7,200,000
Close to Hwy 401 and USA Border, Easy Operation, 3.5 Acres of Commercial Lot – potential for future development
Exclusive Listing: Buyer must have a 40% - 50% down payment. For more info NDA and Buyer Rep Agreement to sign

43 Room Motel + Restaurant (241 Pizza) + 2 Apt on 6 Acre Commercial Lot in Cochrane, ON – Asking $3,900,000
Both businesses are money making and run through the employees – Absentee Owner since 2019. Great NOI and EBITA

17 Room Motel in Huntsville - $2.3M
Absentee Owner since last 4 years
Great income and NOI
Renovated Rooms, Located in the downtown,
Everything is at a walking distance

54 Room Hotel & Restaurant - $4.9M
Located in 1000 Islands/Gananoque
Year round profitable operation. Well maintained property. Clsoe to Hwy 401, Casino and 1000 Island Crusie Line. Excellent NOI / EBITA – Great investment. About 40% Down require.

21 Room Motel & Restaurant in Gravenhurst
Asking $1,499,000
All rooms are occupied by the long-term people paying monthly. 3 Acres of lot, Municipality services. Selling AS IS
Ideal for builder or contractor

4 Small Motels for Sale in Northern Ontario – About 1-2 hours from Sudbury & North Bay
12 to 18 Rooms – Asking $875,000 to $1,300,000. About 15% to 25% down payment require.
Call for more info. Buyer to sign NDA first.

Motels and Hotels in ALBERTA: Small Motels and Franchise Hotels are available
Call for more info. Buyer to sign NDA for reviewing the financials on any property

Motel Jobs AND Working Partner Opporunity (min $200,000 to invest)
Ontario & Alberta
Front Desk, Housekeeping, General work
Must speak good English for front desk
(must be on WP, PR or Citizen)
Accommodation + Competitive Salary

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1, ONTARIO Office: 905-366-8100
Brilliant Realty , 1135 64 Ave SE #202, Calgary, T2H 2J7, ALBERTA – Direct Contact: 647-866-2790

# મિસિસાગા વેલી પાર્કમાં સનાતની પંચાલ સમાજની ચોથી વાર્ષિક સમર પિકનિક

## ૧૫૦થી વધુ સ્નેહીજનોએ પરંપરાગત વાનગીઓ અને રમતો સાથે મજા માણી, સમાજમાં એકતા અને સકારાત્મકતા જાળવી રાખવા અનુરોધ

### નવયુવકો, ન્યૂ કમર સ્ટુડન્ટ્સ અને સિનિયર સિટીઝન્સના સંગમે પિકનિકના માહોલને જોમ અને ઉત્સાહથી તરબોળ કર્યો

**ટોરોન્ટો**

ભારતથી દૂર કેનેડાના ઓન્ટેરિયો રાજ્યમાં વસતા સનાતની હિન્દુ પંચાલ સમાજ દ્વારા સતત ચોથા વર્ષે 'સમર પિકનિક'નું ભવ્ય અને સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. મિસિસાગાના પ્રખ્યાત મિસિસાગા વેલી પાર્ક ખાતે યોજાયેલા સ્નેહમિલન કાર્યક્રમમાં ૧૫૦થી વધુ કૉમ્યુનિટી મેમ્બરોએ ઉત્સાહભેર હાજરી આપીને સમગ્ર વાતાવરણને આનંદ અને ઉલ્લાસથી ગુંજતું કરી દીધો હતું. આ વર્ષની પિકનિકમાં ખાસ કરીને નવયુવક-યુવતીઓ તથા નવા આવેલા વિદ્યાર્થીઓ (ન્યૂ કમર સ્ટુડન્ટ્સ) તેમજ સિનિયર સિટીઝન્સને વિશેષ પ્રાધાન્ય આપવામાં આવ્યું હતું.









કાર્યક્રમની શરૂઆત કમિટી મેમ્બરો પરાગ પંચાલ, ભાવિન પંચાલ, મિલાપ પંચાલ, અનિલેશ પંચાલ અને કૃણાલ રસાણિયા દ્વારા પાછલાં ત્રણ વર્ષોની સિદ્ધિઓ અને સમાજના સહયોગની પ્રશંસા સાથે કરવામાં આવી હતી. પંચાલ કૉમ્યુનિટી કેનેડાના મુખ્ય કર્તાહર્તા અને પ્રમુખ પરાગ પંચાલે સનાતની હિન્દુ પંચાલ સમુદાયના ભવ્યાતિભવ્ય સમર્થન બદલ આભાર પ્રગટ કરી ચોથા સફળ વર્ષ માટે સૌને અભિનંદન પાઠવ્યા હતા.

ઉપસ્થિત મહેમાનોના પરિચય બાદ નાના બાળકો અને સિનિયર સિટીઝન્સ માટે નીતનવી રસપ્રદ રમતોનું આયોજન કરાયું હતું. તમામ સ્નેહીજનોએ આ રમતોમાં ભારે જોશ સાથે ભાગ લીધો હતો. રસાકસીભરી રમતોના અંતે વિજેતાઓને કમિટી મેમ્બરો તરફથી આકર્ષક પ્રાઈઝીસ અને ગિફ્ટ વાઉચર્સ આપી પ્રોત્સાહિત કરાયા હતા.

પિકનિકમાં વતન જેવો જ માહોલ ઊભો કરવા માટે દેશી અને સ્વાદિષ્ટ વ્યંજનોનો અદ્ભુત રસથાળ પીરસવામાં આવ્યો હતો. કેનેડાની ધરતી ઉપર વડોદરાનું પ્રખ્યાત 'સેવ ઉસળ', શિયાળાની યાદ અપાવતું સ્વાદિષ્ટ 'ઊંધિયું', આઈસ કેન્ડી, તરબૂચ અને આઈસક્રીમની જયાફતો માણતા-માણતા સૌ પ્રવાસીઓ મંત્રમુગ્ધ બન્યા હતા અને હોંશે-હોંશે દેશી વાનગીઓનો લ્હાવો લીધો હતો.

દિવસના સમાપન સમયે સંસ્થાના પ્રમુખ પરાગ પંચાલે વાર્ષિક સમર પિકનિક ૨૦૨૬ને યાદગાર અને સફળ બનાવવા બદલ તમામ મહેમાનો, સ્પોન્સરો અને ખડેપગે સેવા આપનાર સ્વયંસેવકો સાવન, પાર્થ, પવન, અર્થ અને સિદ્ધાર્થ પંચાલનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે સનાતની હિન્દુ પંચાલ સમાજમાં એકતા, વૃદ્ધિ અને સકારાત્મકતા જાળવી રાખવાની પ્રતિબદ્ધતા દોહરાવી હતી.

અંતમાં, આગામી વર્ષોમાં આનાથી પણ વધુ ભવ્ય કાર્યક્રમોમાં ફરી મળવાની આશા સાથે પિકનિકને પૂર્ણ થયેલી જાહેર કરાઈ હતી. પંચાલ કૉમ્યુનિટી કેનેડા દ્વારા ગ્રેટર ટોરોન્ટો એરિયા (GTA)માં વસતા તમામ જ્ઞાતિબંધુઓને સંગઠન સાથે જોડાવા માટે હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે, જે માટે તેઓ સંસ્થાના ફેસબુક પેજ: Panchal Community (GTA) Canadaનો સંપર્ક કરી શકાશે.

# કેનેડા-સાઉદી વચ્ચે સંબંધો મજબૂત કરવા કવાયત, વડાપ્રધાન માર્ક કાર્ની પ્રવાસ ખેડશે

## બે દેશ વચ્ચેના વ્યાપારી અને વ્યૂહાત્મક સંબંધોને નવી ગતિ મળવાની આશા

**ઓટાવા**

કાર્નીના કાર્યાલય દ્વારા જારી કરાયેલા સત્તાવાર નિવેદન અનુસાર આ પ્રવાસ દરમિયાન તેઓ સાઉદી અરેબિયાના વાસ્તવિક શાસક ગણાતા ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન સાથે દ્વિપક્ષીય બેઠક યોજશે. વડાપ્રધાન કાર્ની અને ક્રાઉન પ્રિન્સ બિન સલમાન વચ્ચે આ પ્રથમ રૂબરૂ મુલાકાત હશે.

કાર્ની આગામી સપ્તાહે તુર્કીના અંકારા ખાતે યોજાનારી નાટો સમિટમાં ભાગ લેશે. આ વૈશ્વિક સમિટ પૂર્ણ કર્યા બાદ તેઓ 8થી 10 જુલાઈ દરમિયાન દ્વિપક્ષીય વાટાઘાટો માટે સાઉદી અરેબિયા પહોંચશે. વડાપ્રધાનની આ મુલાકાત રાજકીય રીતે અત્યંત સંવેદનશીલ માનવામાં આવી રહી છે, કારણ કે ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન પત્રકાર જમાલ ખાશોગીની હત્યાના ગંભીર આરોપોનો સામનો કરી રહ્યા છે. 'વોશિંગ્ટન પોસ્ટ' અને 'વોલ સ્ટ્રીટ જર્નલ'ના અહેવાલો અનુસાર, CIAએ પુરાવાઓ અને ટેપ કરાયેલા ફોન કોલ્સના આધારે તારણ કાઢ્યું હતું કે આ હત્યા ક્રાઉન પ્રિન્સની મંજૂરી વિના શક્ય જ નહોતી. આ વિવાદો છતાં, આર્થિક દ્રષ્ટિએ આ મુલાકાત કેનેડા માટે ખૂબ મહત્વની છે. ગલ્ફ (અખાતી) ક્ષેત્રમાં સાઉદી અરેબિયા એ કેનેડાનો બીજો સૌથી મોટો વેપારી ભાગીદાર દેશ છે. વર્ષ 2025માં બંને દેશો વચ્ચે કુલ 3.5 બિલિયન ડોલરનો દ્વિપક્ષીય વેપાર નોંધાયો હતો. આ પ્રવાસથી બંને દેશો વચ્ચેના વ્યાપારી અને વ્યૂહાત્મક સંબંધોને નવી ગતિ મળવાની આશા સેવાઈ રહી છે.

# ચીને કેનેડાના વટાણાના સ્ટાર્ચ ઉપર 73.5%નો આકરો પ્રારંભિક ટેરિફ લાદ્યો

**ઓટાવા**

કેનેડા અને ચીન વચ્ચે ચાલી રહેલો વેપાર વિવાદ વધુ વકર્યો છે. ચીન સરકારે મંગળવારે કેનેડાથી આયાત થતા વટાણાના સ્ટાર્ચ પર 73.5% પ્રારંભિક ટેરિફ લાદવાની જાહેરાત કરી હતી. ચીનના વાણિજ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે, ૧૦ મહિના કરતાં વધુ સમય સુધી ચાલેલી તપાસમાં જાણવા મળ્યું છે કે, કેનેડિયન વટાણાના સ્ટાર્ચને ચીની બજારમાં "ડમ્પ" કરવામાં આવી રહ્યો છે, જેના કારણે ચીનના સ્થાનિક ઉદ્યોગોને મોટું નુકસાન થઈ રહ્યું છે. આથી કામચલાઉ એન્ટિ-ડમ્પિંગ પગલાંના ભાગરૂપે આ આકરો ટેરિફ લાદવામાં આવ્યો છે.

આ વેપાર યુદ્ધની શરૂઆત ગયા વર્ષે ઓગસ્ટમાં થઈ હતી, જ્યારે ઓટાવા (કેનેડા સરકાર) દ્વારા ચાઈનીઝ ઈલેક્ટ્રિક વાહનો (EV)ની આયાત પર ટેરિફ લાદવામાં આવ્યા હતા. તેના વળતા પ્રહારમાં ચીને તે જ દિવસે કેનેડિયન કેનોલા પર પ્રારંભિક એન્ટિ-ડમ્પિંગ ડ્યુટી લાદીને આ તપાસ શરૂ કરી હતીય જે હવે વટાણાના સ્ટાર્ચ સુધી પહોંચી ગઈ છે. મંગળવારના આ નિર્ણયથી સ્પષ્ટ થાય છે કે બંને દેશો વચ્ચે હજુ પણ તણાવ યથાવત છે. આ નવો ટેરિફ કેનેડા માટે એટલા માટે મોટો આંચકો છે.

# વાનકુવરમાં AI ડેટા સેન્ટરોના નિર્માણ સામે ઉગ્ર વિરોધ સાથે કૂચ

## પાણીની ભારે તંગી વચ્ચે ટેલસ અને ફેડરલ સરકારની ભાગીદારીવાળા પ્રોજેક્ટ્સ અટકાવવા પ્રચંડ માંગ : પર્યાવરણવાદીઓએ ગંભીર ચિંતા વ્યક્ત કરી

**વાનકુવર**

વાનકુવર શહેરમાં આયોજિત બે નવા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ડેટા સેન્ટરોના નિર્માણ સામે સ્થાનિક નાગરિકો અને પર્યાવરણવાદીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. શનિવારે સેંકડો લોકોએ રસ્તા પર ઉતરીને આ પ્રોજેક્ટનો ઉગ્ર વિરોધ કર્યો હતો. પ્રદર્શનકારીઓએ વાનકુવર આર્ટ ગેલેરીથી સિટી હોલ સુધી એક વિશાળ કૂચ યોજી હતી, જેમાં ટેલસ કંપની અને ફેડરલ સરકાર વચ્ચેની ભાગીદારી હેઠળ આકાર લઈ રહેલા આ પ્રોજેક્ટ્સને તાત્કાલિક રોકવાની હાકલ કરવામાં આવી હતી.

### 90 ટકા ઓછો પાણી વપરાશ અને વેસ્ટ એનર્જીનું રિસાયકલિંગ થશે : કંપનીનો દાવો

વિરોધની વચ્ચે પ્રોજેક્ટ સાથે સંકળાયેલી કંપનીએ બચાવ કરતા દાવો કર્યો છે કે, આ નવી સુવિધાઓ ૯૮ ટકા સ્વચ્છ હાઇડ્રો પાવર પર ચાલશે. તેમજ પરંપરાગત ડેટા સેન્ટરોની સરખામણીમાં ૯૦ ટકા જેટલા ઓછા પાણીનો ઉપયોગ કરશે. કંપનીએ વધુમાં જણાવ્યું હતું કે, આ સેન્ટરોમાંથી ઉત્પન્ન થતી વેસ્ટ એનર્જી (કચરો ઉર્જા)ને રિસાયકલ કરીને અંદાજે ૧,૫૦,૦૦૦ ઘરોને ગરમ રાખવા માટે પૂરતી ઉર્જા પૂરી પાડવામાં આવશે.

પ્રદર્શનમાં સામેલ ગ્રીનલી વેલ્શે જણાવ્યું હતું કે, "AI કંપનીઓ જે વચનો આપી રહી છે અને તેના બદલામાં પર્યાવરણને જે કિંમત ચૂકવવી પડશે, તે જોતાં આ સોદો કોઈપણ સંજોગોમાં યોગ્ય નથી. શહેરમાં પ્રસ્તાવિત બે ડેટા સેન્ટરોમાંથી એક માઉન્ટ પ્લેઝન્ટમાં ભૂતપૂર્વ 'હૂટસુટ' મુખ્યાલય ખાતે આ વર્ષના અંત સુધીમાં કાર્યરત થવાની યોજના છે. જ્યારે બીજી વિશાળ સુવિધા વર્ષ ૨૦૨૯ સુધીમાં ૧૫૦ વેસ્ટ જ્યોર્જિયા સ્ટ્રીટ ખાતે શરૂ કરવાનું આયોજન છે. પરંતુ, ઈન્ટરનેશનલ એનર્જી એજન્સીના તાજેતરના અહેવાલે ચિંતામાં વધારો કર્યો છે, જે મુજબ વર્ષ ૨૦૨૩માં વૈશ્વિક સ્તરે ડેટા સેન્ટરો દ્વારા આશરે ૧૪૦ અબજ લિટર પાણીનો વપરાશ કરવામાં આવ્યો હતો. મેટ્રો વાનકુવર વિસ્તાર હાલમાં જ સ્ટેજ-૩ના કડક પાણી પ્રતિબંધો હેઠળ હોવાથી પ્રદર્શનકારીઓનું કહેવું છે કે આવા સંજોગોમાં આટલો મોટો પ્રોજેક્ટ સ્થાપવો બિલકુલ યોગ્ય નથી. અન્ય એક પ્રદર્શનકારી હાચેએ માંગ કરી હતી કે, આ ડેટા સેન્ટરો ખાનગી હિતોના બદલે જાહેર અથવા સમુદાયની માલિકી હેઠળ સંચાલિત થવા જોઈએ. આ ઉપરાંત પાણી અને વીજળીના વપરાશની કાર્યક્ષમતા અંગે કડક અને વૈજ્ઞાનિક નિયમો લાગુ કરવા જોઈએ.

બીજી તરફ, આ પ્રોજેક્ટ્સને બ્રિટિશ કોલંબિયા (બી.સી.) સરકારનો ટેકો છે. સરકારે જાન્યુઆરી મહિનામાં જ પોતાની 'AI ડેટા સેન્ટર પાવર પોલિસી' રજૂ કરી હતી, જેમાં કંપનીઓ માટે બી.સી. હાઈડ્રો પાવર મેળવવા સ્પર્ધાત્મક પ્રક્રિયામાંથી પસાર થવું ફરજિયાત કરાયું છે. પ્રીમિયર ડેવિડ એબીએ સ્પષ્ટતા કરતા કહ્યું કે, "પર્યાવરણીય અસરો ચોક્કસપણે ચિંતાનો વિષય છે, અને આ ડેટા સેન્ટરો પાણીના મોટા ગ્રાહક ન બને તે સુનિશ્ચિત કરવું એ અમારું મુખ્ય હિત છે.

# ધોળકાના આઠ ગામોએ આંદોલન ઉપાડ્યું પાઈપલાઈન રોડ સાઈડમાં નાખવા માંગ

## ભજન-કીર્તન કરી વિરોધ, ખેડૂતોના હિતમાં નિર્ણય ન લેવાયો તો આંદોલન ઉગ્ર બનશે

**ધોળકા**

ધોળકાના સરગવાળા ગામમાં ગુજરાત સ્ટેટ પેટ્રોલ લિમિટેડ(GSPL) કંપનીની ગેસ પાઈપલાઈનની કામગીરી સામે સ્થાનિક ખેડૂતોનો આક્રોશ ફાટી નીકળ્યો છે. પૂરતા વળતર અને યોગ્ય સહમતિ વિના જ ખેતરોમાં ગેરકાયદે રીતે જેસીબી મશીનો ઉતારી દેવાતા ગ્રામજનોમાં રોષ જોવા મળી રહ્યો છે. આ વિરોધ પ્રદર્શનમાં આઠથી



વધુ ગામના ખેડૂતો વિરોધમાં જોડાયા હતા. જેમાં મહિલાઓએ હાથમાં તાળીઓ પાડી, રામધૂન અને ભજન-કીર્તન કરીને અનોખી શૈલીમાં વિરોધ નોંધાવ્યો છે. ધોળકાના સરગવાળામાં GSPL ગેસ પાઈપલાઈન સામે ભોળાદ, સરગવાળા, અરણેજ, કોઠ ,ભાયલા ,ગાંગડ, સમાણી, જવારજ ગામના ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સમગ્ર મામલે છેલ્લા પાંચ દિવસથી ખેતરમાં મંડપ બાંધીને વિરોધ નોંધાવી રહેલા ખેડૂતોનું કહેવું છે કે, 'ગેસની પાઈપલાઈન પસાર થવાથી ઊભા પાકને તો નુકસાન થવાની સાથે ભવિષ્યમાં જમીનના ઉપયોગ, ખોદકામ કે કૂવા-બોર બનાવવા પર કાયમી પ્રતિબંધ આવી જશે.'

# ભૂગર્ભજળની સ્થિતિ ચિંતાજનક 3 જિલ્લામાં સૌથી વધુ વપરાશ થયો

## ગુજરાતમાં પાણી માટે વલખા મારવાની નોબત

**અમદાવાદ**

ગાંધીનગર, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં જમીનમાંથી સૌથી વધુ પ્રમાણમાં પાણી ખેંચવામાં આવી રહ્યું છે, જ્યારે તેની સરખામણીએ ડાંગ, પંચમહાલ અને ભરૂચ જિલ્લામાં ભૂગર્ભ જળનો વપરાશ ઘણો ઓછો છે. ગુજરાતમાં ભૂગર્ભ જળનો ધૂમ વપરાશ થઈ રહ્યો છે. સરકારી જાહેરાતો છતાં, જમીનમાં પાણી રિસાયકલ કે રિચાર્જ કરવા કરતાં પાણી ખેંચવાનું પ્રમાણ ઘણું વધારે છે. ચોમાસા દરમિયાન જેટલું પાણી જમીનમાં ઉતરે છે, તેના કરતાં બમણું પાણી બોરવેલ અને કૂવાઓ દ્વારા ખેંચી લેવામાં આવે છે. ભૂગર્ભ જળના આ આડેધડ અને બેફામ વપરાશના કારણે કુદરતી જળ સ્રોતો સુકાઈ રહ્યા છે.

સરકારી આંકડા પ્રમાણે, રાજ્યમાં સૌથી ચિંતાજનક સ્થિતિ ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતના કેટલાક જિલ્લાઓની છે. ખાસ કરીને મહેસાણા, ગાંધીનગર, પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં ભૂગર્ભ જળ ખેંચવાનું પ્રમાણ સૌથી વધુ નોંધાયું છે.

# આણંદમાં યુવક પર પૂર્વ પત્ની અને તેના પરિવારે કર્યો હુમલો

**આણંદ**

આણંદના મોલમાં કામ કરતા સલીમ ખાન પઠાણ પર તેની પૂર્વ પત્ની અને તેના પરિવારજનો દ્વારા જીવલેણ હુમલો કરવામાં આવ્યો હોવાની ચોંકાવનારી ઘટના બહાર આવી હતી. સલીમ ખાન જ્યારે મોલમાં આવેલ તેના સ્ટોર પર ફરજ પર હતા, ત્યારે તેની પૂર્વ પત્ની મહેજબીન તેના પિતા અને ભાઈ સાથે ત્યાં પહોંચી હતી. આ લોકોએ સલીમને સ્ટોરમાંથી ઘસડીને બહાર કાઢ્યો હતો અને લાકડાના બેટ તથા હેલમેટ વડે તેના પર નિર્દયતાથી હુમલો કર્યો હોવાનો આક્ષેપ થયો હતો.

હુમલામાં ગંભીર રીતે ઘાયલ થયેલા સલીમને તાત્કાલિક જનરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાંથી તેની નાજુક હાલતને ધ્યાનમાં રાખીને વધુ સારવાર માટે તેને એક ખાનગી હોસ્પિટલમાં રિફર કરવામાં દાખલ કરવામાં આવ્યા હોવાનું જણાવ્યું હતું. પીડિતના જણાવ્યા અનુસાર, મહેજબીન સાથે તેનો છૂટાછેડા થઈ ગયા હોવા છતાં, તે અને તેનો પરિવાર છૂટાછેડાના પૈસાની માગણી કરી તેના પર સતત દબાણ કરી રહ્યા હતા. સલીમ ખાને આરોપ લગાવ્યો હતો કે હુમલાખોરોએ તેને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી અને તેની સોનાની ચેઈન તેમજ મોબાઈલ ફોન પણ લૂંટી લીધા હતા

# વિધવાને લગ્નની લાલચ આપીને દુષ્કર્મ, લાખો રૂપિયાની ઠગાઈ, મેરેજના દિવસે જ મિત્ર ફરાર

## પ્રેમજાળ પાથરી અમદાવાદ બોલાવ્યા બાદ મેરેજના દિવસે જ ફોન બંધ કરી યુવક ગાયબ

**અમદાવાદ**

હૈદરાબાદથી અમદાવાદ રહેવા આવેલી એક 36 વર્ષીય વિધવા મહિલા ફેસબુક પર સંપર્કમાં આવેલા યુવકની પ્રેમજાળમાં ફસાઈ હતી. આરોપીએ મહિલાને પોતાની પત્ની સાથે છૂટાછેડા થવાના છે તેવી માહિતી આપીને લગ્નની લાલચ આપીને અમદાવાદ બોલાવી હતી. અહીં આરોપીએ પીડિત મહિલા સાથે અલગ-અલગ જગ્યાએ શારીરિક સંબંધો બાંધ્યા હતા. ત્યારબાદ ધંધામાં રોકાણના બહાને મહિલા પાસેથી 19.91 લાખ રૂપિયા રોકડા અને સોનાના દાગીના મળી પડાવી લીધા હતા. લગ્નના દિવસે કોર્ટમાંથી આરોપી અચાનક ફરાર થઈ જતાં અને ફોન બંધ કરી દીધો હતો. આ ઉપરાંત તેના ભાઈએ મહિલાના દાગીના એક ફાઈનાન્સ કંપનીમાં ગિરો મૂકી દીધા હતા અને પાછા આપ્યા નહોતા. જે અંગે પીડિતાએ નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

સોશિયલ મીડિયા પર અજાણ્યા લોકો સાથેની મિત્રતા કેટલી હદ સુધી ઘાતક સાબિત થઈ શકે છે, તેનો વધુ એક ચોંકાવનારો કિસ્સો અમદાવાદમાં સામે આવ્યો છે. હૈદરાબાદથી અમદાવાદ રહેવા આવેલી એક 36 વર્ષીય વિધવા મહિલા ફેસબુક પર સંપર્કમાં આવેલા મહેસાણાના યુવકની પ્રેમજાળમાં ફસાઈ હતી. આરોપીએ મહિલાને લગ્નની ખોટી લાલચ આપી અલગ-અલગ જગ્યાએ દુષ્કર્મ આચર્યું હતું. આટલું જ નહીં, ધંધાના બહાને મહિલા પાસેથી 19.91 લાખ રૂપિયા રોકડા અને 18 તોલા સોનાના દાગીના પડાવી લીધા હતા.

# રોજગાર મોડેલ ફ્લોપ : રાજ્યમાં ફક્ત 1 હજાર ઉમેદવારોએ 'પ્રધાનમંત્રી ઈન્ટર્નશીપ' સ્વીકારી

## ઓછું સ્ટાઈપેન્ડ અને સ્થળાંતર પણ નડ્યું

**અમદાવાદ**

કેન્દ્ર સરકારે દેશના 1 કરોડ યુવાનોને રોજગારી અને કૌશલ્ય વિકાસના અવસરો આપવાના લક્ષ્ય સાથે 'પીએમ ઈન્ટર્નશીપ યોજના' શરૂ કરી હતી. આ યોજના હેઠળ આગામી પાંચ વર્ષમાં યુવાનોને તૈયાર કરવાનો પ્લાન હતો. જોકે, ગુજરાતમાં આ યોજનાના આંકડા ખૂબ જ નિરાશાજનક રહ્યા છે. રાજ્યમાં કુલ 11,690 ઈન્ટર્નશીપની તકો જાહેર કરવામાં આવી હતી, જેમાંથી માત્ર 4,541 ઉમેદવારોને ઓફર મળી હતી અને તેમાંથી પણ માત્ર 1,019 યુવાનોએ જ ઈન્ટર્નશીપનો સ્વીકાર કર્યો છે. આ આંકડા સ્પષ્ટ કરે છે કે આ સરકારી યોજના યુવાનો સુધી યોગ્ય રીતે પહોંચવામાં અને તેમને આકર્ષવામાં નિષ્ફળ સાબિત થઈ છે.

આ યોજનાના આંકડા દર્શાવે છે કે અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ભરૂચ અને કચ્છ જેવા મોટા ઔદ્યોગિક જિલ્લાઓમાં આશરે 60%થી 70% જેટલી ઈન્ટર્નશીપની તકો આપવામાં આવી હતી. તેમ છતાં, આ જ જિલ્લાઓમાં સૌથી વધુ રિજેક્શન અને સૌથી ઓછો જોઈનિંગ રેશિયો જોવા મળ્યો છે. ઉદ્યોગો હોવા છતાં યુવાનો આ તકો કેમ ઝડપી રહ્યા નથી તેનો જવાબ સ્પષ્ટ છે: ઓછું સ્ટાઈપેન્ડ, આકર્ષક સ્થાનિક રોજગારી, કોર્સ અને ઉદ્યોગોની જરૂરિયાતો વચ્ચેનો તફાવત તેમજ લાંબા અંતરનું સ્થળાંતર મુખ્ય અવરોધો બન્યા છે. બીજી તરફ, દાહોદ, નર્મદા, છોટાઉદેપુર, ડાંગ અને અરવલ્લી જેવા પછાત જિલ્લાઓમાં આ યોજનાની સ્થિતિ વધુ ચિંતાજનક છે. આ પછાત અને આદિવાસી જિલ્લાઓમાં ઈન્ટર્નશીપની તકો, વિદ્યાર્થીઓની અરજીઓ અને જોડાણ ખૂબ જ નહિવત રહ્યું છે.

# ચૈતર વસાવાના સમર્થનમાં નર્મદામાં આદિવાસી સમાજ દ્વારા ભવ્ય સભા

**અમદાવાદ**

રાજપીપળા સેશન્સ કોર્ટે ડેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા સહિત 9 લોકોને વન કર્મી પર હુમલા કેસમાં 7 વર્ષની સજા અને 25 હજારનો દંડ ફટકાર્યો હતો. આ મુદ્દે 'આપ' ભાજપ સરકાર પર ચૈતર વસાવાને ખોટી રીતે ફસાવવામાં આવ્યા હોવાના આક્ષેપો કરી રહી છે.

ચૈતર વસાવાના સમર્થનમાં આદિવાસી સમાજ નર્મદા દ્વારા "સામાજિક જનસમર્થન સભા"નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 'આપ'ના પ્રદેશ અધ્યક્ષ ઈસુદાન ગઢવી, ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા અને પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયા સહિત રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રના આદિવાસી સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ "સામાજિક જનસમર્થન સભા"માં આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે, ચૈતર વસાવાનો ગુનો એ હતો કે એમણે જળ, જંગલ અને જમીન મુદ્દે સરકાર સામે બાથ ભીડી. જ્યાં સુધી ચૈતર વસાવા છે ત્યાં સુધી કોઈ કંપનીઓની તાકાત નથી કે જંગલની જમીનો પડાવી શકે. તેમણે કહ્યું હતું કે ચૈતર વસાવાને વધારે સમય સુધી જેલમાં રહેવા દઈશું નહીં.

# કેન્સર નિષ્ણાત અને પદ્મશ્રી એવોર્ડ વિજેતા ડો. પંકજ એમ. શાહનું નિધન

**અમદાવાદ**

તબીબી ક્ષેત્રે ૫૦ વર્ષથી વધુનો બહોળો અનુભવ ધરાવતા દેશના જાણીતા મેડિકલ ઓન્કોલોજિસ્ટ (કેન્સર નિષ્ણાત) અને હેમેટોલોજિસ્ટ પદ્મશ્રી ડો. પંકજ એમ. શાહનું નિધન થયું છે. તેઓ ગુજરાત કેન્સર સોસાયટીના વાઈસ પ્રેસિડેન્ટ તરીકે સેવા આપી રહ્યા હતા. આ ઉપરાંત, તેઓ અમદાવાદની ઝાયડસ હોસ્પિટલ ખાતે ઓન્કોલોજિસ્ટ તરીકે કાર્યરત હતા અને ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ ખાતે મેડિકલ ઓન્કોલોજીના પ્રોફેસર એમિરિટસ તરીકે જોડાયેલા હતા. તબીબી જગતમાં તેમના અમૂલ્ય પ્રદાન બદલ ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૮માં તેમને દેશના ચોથા સર્વોચ્ચ નાગરિક સન્માન 'પદ્મશ્રી'થી નવાજવામાં આવ્યા હતા.

# ગુજરાતમાં ડોલ્ફિન ક્રૂઝ પ્રોજેક્ટ માળિયે ચઢાવાયો

## પ્રોજેક્ટથી સ્થાનિક રોજગારી અને પ્રવાસનને મોટો વેગ મળવાની આશા હતી

**અમદાવાદ**

ગુજરાતની દરિયાઈ જૈવવિવિધતાને વિશ્વ સમક્ષ ઉજાગર કરવા માટે ડોલ્ફિન ટુરિઝમ વિકસાવવાનું નક્કી કરાયું હતું. પ્રવાસીઓ લક્ઝરી બોટ કે ક્રૂઝ મારફતે ડોલ્ફિનને તેના કુદરતી નિવાસસ્થાનમાં ઉછળતી-કૂદતી જોઈ શકે તેવો આ આખો રોડમેપ હતો. આ પ્રોજેક્ટથી સ્થાનિક રોજગારી અને પ્રવાસનને મોટો વેગ મળવાની આશા હતી, પરંતુ વાઈબ્રન્ટ સમિટ પૂરી થતાં જ આ વાતો પણ ભુલાઈ ગઈ છે. ગુજરાતના દરિયાકાંઠે ૬૦૦થી વધુ ડોલ્ફિન નોંધાયેલી છે. ખાસ કરીને દેવભૂમિ દ્વારકા



જિલ્લાનું શિવરાજપુર અને પોશિત્રા ડોલ્ફિન નિહાળવા માટેના સર્વશ્રેષ્ઠ સ્પોટ માનવામાં આવે છે. ઓખાથી લઈને નવલખી સુધીના દરિયાઈ પટ્ટામાં સૌથી વધુ ડોલ્ફિન જોવા મળે છે. મોટી સંખ્યામાં ડોલ્ફિન હોવા છતાં ટુરિઝમ તરીકે વિકાસ કરવામાં સરકારી તંત્ર-ટુરિઝમ કોર્પોરેશન સદંતર નિષ્ફળ રહ્યું છે. સૌથી આશ્ચર્યજનક બાબત એ છે કે, આ પ્રોજેક્ટની વર્તમાન સ્થિતિ વિશે વન વિભાગ કે પ્રવાસન વિભાગ હરફ સુદ્ધાં ઉચ્ચારતા નથી. કાયમી સંરક્ષણ અને પ્રવાસન વધારવાના સરકારી દાવાઓ વચ્ચે આખો પ્રોજેક્ટ હાલ સરકારી ફાઈલોમાં ધૂળ ખાઈ રહ્યો છે, જેને પગલે પ્રકૃતિપ્રેમીઓ અને પ્રવાસીઓમાં ભારોભાર નારાજ છે. ગુજરાતના દરિયાઈ વિસ્તારમાં મુખ્યત્વે ઈન્ડો-પેસિફિક હમ્પબેક ડોલ્ફિન તેમજ બોટલનોઝ ડોલ્ફિન એમ બે પ્રકારની ડોલ્ફિન સૌથી વધુ જોવા મળે છે.

# ઓહાયોની મોટેલમાં આગ લાગતાં નડિયાદના દંપતી અને દીકરીનું મોત

## ક્લેવલેન્ડથી દક્ષિણમાં આશરે 96 કિલોમીટર દૂર આવેલી મોટેલમાં બનેલી આ ઘટનામાં અન્ય કોઈ વ્યક્તિને ઈજા થઈ નહીં

**અમદાવાદ**

અમેરિકામાં ઓહાયોના વુસ્ટર ખાતે આવેલી એક મોટેલમાં મધ્યરાત્રિએ અચાનક ભીષણ આગ ફાટી નીકળી હતી. આ દુર્ઘટનામાં સોસાયટીમાં રહેતા અને ત્યાં જ નોકરી કરતા મૂળ ખેડા જિલ્લાના નડિયાદના વતની સુથાર પરિવારના ત્રણ સભ્યો જીવતા ભૂંજાયા છે.

મળતી માહિતી મુજબ, નડિયાદના વતની હિતેશ સુથાર, તેમના પત્ની હીના સુથાર અને તેમની ૨૦ વર્ષની દીકરી ઈશાની અમેરિકાના ઓહાયોમાં વુસ્ટર ખાતે આવેલી 'ઈકોનો લોજ' નામની મોટેલમાં રહેતા હતા. હિતેશ આ જ મોટેલમાં કામ કરતા હતા અને પરિવાર સાથે



ત્યાં જ ક્વાર્ટર્સમાં રહેતા હતા. સ્થાનિક સમય અનુસાર, મધ્યરાત્રિએ આશરે ૧:૩૦ વાગ્યે જ્યારે આખો પરિવાર ગાઢ નિદ્રામાં હતો, ત્યારે મોટેલમાં અચાનક ભયાનક આગ ફાટી નીકળી હતી. જાતજાતામાં આગે એટલું રૌદ્ર સ્વરૂપ ધારણ કરી લીધું કે મોટેલના ધાબામાંથી પ્રચંડ જ્વાળાઓ અને ધુમાડાના ગોટેગોટા નીકળવા લાગ્યા હતા.

આગની લપેટો વચ્ચે રૂમમાં ફસાયેલા હિતેશ અને તેમના પરિવારે બચવા માટે મોટેલના રીસેપ્શન પર ફોન કરીને મદદ માંગી હતી. ત્યાંથી તેમને સલાહ આપવામાં આવી હતી કે તેઓ બાથરૂમમાં જતા રહે અને નળ ચાલુ રાખીને ત્યાં જ આશરો લે. આ સલાહ મુજબ, આગ અને ઝેરી ધુમાડાથી બચવા માટે સુથાર પરિવારે પોતાની જાતને બાથરૂમની અંદર બંધ કરી દીધી હતી.

પરંતુ, કમનસીબે આગ એટલી વિકરાળ હતી કે તેના પર કાબૂ મેળવવામાં ભારે સમય લાગ્યો હતો. ફાયર બ્રિગેડની ટીમોએ મોટેલના પાછળના ભાગમાં ફસાયેલા લોકોને બચાવવા માટે ભારે જહેમત ઉઠાવી અને અનેક પ્રયાસો કર્યા, પરંતુ ત્યાં સુધીમાં મોડું થઈ ગયું હતું. બાથરૂમની અંદર ધુમાડો ભરાઈ જવાના કારણે શ્વાસ રૂંધાવાથી પતિ-પત્ની અને દીકરીનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. ક્લેવલેન્ડથી દક્ષિણમાં આશરે ૯૬ કિલોમીટર દૂર આવેલી મોટેલમાં બનેલી આ ઘટનામાં અન્ય કોઈ વ્યક્તિને ઈજા થઈ હોવાના અહેવાલ નથી. બે વર્ષ પહેલાં જ ઉજળા ભવિષ્યની આશા સાથે અમેરિકા ગયેલા સુથાર પરિવારના ત્રણેય સભ્યોના એકસાથે આકસ્મિક મોતના પગલે નડિયાદમાં રહેતા તેમના સગા-સંબંધીઓ આઘાતમાં છે.

# ઈસનપુરમાં પત્નીના નામે બેંક ખાતું ખોલાવી ગેમિંગ સ્કેમના બહાને લાખોનું સાયબર ફ્રોડ

## NCCRP પોર્ટલ પર 3 રાજ્યોમાંથી ફરિયાદ મળતા સાયબર ક્રાઈમ સ્ક્વોડે રેકેટનો ભાંડો ફોડ્યો

**અમદાવાદ**

ઈસનપુર વટવા રોડ પર જેઠાભાઈની વાવ પાસે આવેલી ગાયત્રી નગરમાં રહેતા ધર્મેન્દ્રસિંગ જાગેન્દ્રસિંગ પંજાબી નામના શખ્સે તેની ઓછું ભણેલી પત્ની હરજીતકૌરના નામે બેંક ઓફ બરોડા, ઘોડાસર બ્રાન્ચમાં ખાતું ખોલાવ્યું હતું. આશરે બે-ત્રણ વર્ષ પહેલાં ધર્મેન્દ્રસિંગની મુલાકાત વાસણામાં રહેતા એક યુવક અને તેના મિત્ર પૃથ્વી સાથે થઈ હતી. બંનેએ ધર્મેન્દ્રસિંગને લાલચ આપી હતી કે, 'અમે ગેમિંગના રૂપિયા ટ્રાન્સફર કરવા માટે બેંક એકાઉન્ટ શોધી રહ્યા છીએ, જેમાં જે રકમ આવશે તેના ૧૦ ટકા તમને કમિશન પેટે મળશે'. કમિશનની લાલચમાં આવીને ધર્મેન્દ્રસિંગે તેની પત્નીના ખાતાની વિગતો આ ઠગોને સોંપી દીધી હતી. ૨૭ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ આ બેંક ખાતામાં અલગ-અલગ ટ્રાન્ઝેક્શન દ્વારા લાખો રૂપિયા જમા થયા હતા. ધર્મેન્દ્રસિંગે વાસણાના યુવક અને પૃથ્વીની હાજરીમાં બેંકમાં જઈને ચેક દ્વારા રૂ. ૯,૯૦,૦૦૦ રોકડા ઉપાડીને આ બંનેને સોંપી દીધા હતા અને પોતાનું કમિશન મેળવી લીધું હતું. આ સાયબર ફ્રોડ અંગે દેશના ૩ અલગ-અલગ રાજ્યોમાંથી નેશનલ સાયબર ક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલ પર ફરિયાદો નોંધાઈ હતી, જેના આધારે આ એકાઉન્ટ ફ્રીઝ કરવામાં આવ્યું હતું. પોલીસે ઘોડાસર બેંક ઓફ બરોડામાં તપાસ કરી હરજીતકૌરના ઘરની ભાળ મેળવી હતી. ઘરના સર્ચ દરમિયાન પૂછપરછ કરતા ધર્મેન્દ્રસિંગે ગુનાની તમામ કબૂલાત કરી લીધી હતી.

# કેસોમાં આરોપી નિર્દોષ છૂટે તો પોલીસ અને સરકારી વકીલો સામે થશે તપાસ

## કેસોની સમીક્ષા માટે ચાર સભ્યોની સમિતિ રચાશે

**ગાંધીનગર**

ગુજરાત સરકારના ગૃહ વિભાગ દ્વારા એક અત્યંત મહત્વપૂર્ણ અને ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો છે. હવે રાજ્યમાં ફોજદારી કેસોમાં આરોપીઓ નિર્દોષ છૂટવાના કિસ્સાઓમાં તપાસ કરનાર પોલીસ અધિકારીઓ અને પબ્લિક પ્રોસિક્યુટરની ભૂમિકાની સમીક્ષા કરવામાં આવશે. જા તપાસ કે પ્રોસિક્યુશનમાં બેદરકારી કે ક્ષતિ જાવા મળશે, તો જવાબદાર અધિકારીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. ગૃહ વિભાગ દ્વારા આ અંગે સત્તાવાર ઠરાવ બહાર પાડવામાં આવ્યો છે. આ નિર્ણયનો મુખ્ય હેતુ કેસોની તપાસમાં પારદર્શિતા લાવવાનો અને ન્યાય પ્રક્રિયામાં થતા વિલંબ કે ખામીઓને અટકાવવાનો છે. અગાઉ ઘણા ગંભીર કેસોમાં યોગ્ય પુરાવાના અભાવે અથવા તપાસની ખામીઓને કારણે આરોપીઓ નિર્દોષ છૂટી જતા હતા, જેનાથી ન્યાય પ્રક્રિયા પર સવાલ ઉઠતા હતા. હવે આ નવી વ્યવસ્થાથી તપાસ પ્રક્રિયા વધુ ગંભીરતાથી કરવામાં આવશે. આ મામલાની ગંભીરતાને જાતા દરેક કેસની ઝીણવટભરી સમીક્ષા કરવા માટે એક ચાર સભ્યોની સમિતિની રચના કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

# પ્રાંતિજ અને હિંમતનગરની બેંકોમાં ખાતા ખોલાવી ઠગાઈ, ૧૬ સામે ફરિયાદ

**હિંમતનગર**

પ્રાંતિજ અને હિંમતનગરમાં ખાતાધારકોના બેન્ક એકાઉન્ટ નંબર જાણી લઈ ૧૬ જણાએ ૭૩થી વધુ લોકો સાથે છેતરપિંડી કરી હોવાની ફરિયાદ મંગળવારે સાયબર પોલીસ મથકમાં નોંધાતાં પોલીસે ઠગ ટોળકીના ચાર જણાને ઝડપી પૂછપરછ હાથ ધરતાં સાયબર ઠગો દ્વારા અંદાજે રૂ. ૫.૦૪ કરોડથી વધુની રકમનું ફ્રોડ કર્યા હોવાનું માલૂમ પડ્યું છે.આ અંગે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના પીએસઆઈ તથા પીઆઈએ જણાવ્યું હતું કે, છેલ્લા કેટલાક સમયથી પ્રાંતિજ અને તલોદના મળી ૧૬ જણાએ સાયબર ફ્રોડ આચરવાના આશયથી ૭૩થી વધુ લોકોનો સંપર્ક કરી તેમના આધાર પૂરાવા લઈને કેનેરા બેન્ક, પંજાબ નેશનલ બેન્ક, આઈડીબીઆઈ બેન્ક, ઈન્ડસન્ડ બેન્ક તથા યુકો બેન્કમાં ૧૪ જણાના કહેવાથી ખાતા ખોલાવી દીધા હતા. અન્ય બે જણાએ આ વિગતો સિન્ડીકેટ બેન્કના કેટલાક ખાતેદારોને મોકલી આપી હતી.આ ગેન્ગે એનસીસીઆરપી પોર્ટલમાં નોંધાયેલા ૭૩ લોકો સાથે ઓનલાઈન છેતરપિંડી કરી હતી તેમજ સોશિયલ મીડિયાના માધ્યમથી સાયબર ફ્રોડ કરીને અવાર નવાર ખાતામાં લેવડ-દેવડ કરી અંદાજે રૂ. ૩૨ લાખથી વધુની રકમ ૧૫ જણાના બેન્ક એકાઉન્ટમાં જમા કરાવી દીધા હતા.

# રાજસ્થાન-MPના સરપંચોનું ગરીબ બાળકો અમદાવાદ ખસેડીને ભીખ મંગાવવાનું રેકેટ

**અમદાવાદ**

શહેરની ક્રાઈમ બ્રાન્ચ અને અમદાવાદ મહાનગરપાલિકાએ સહિયારા પ્રયાસો કરી અમદાવાદના ટ્રાફિક સિગનલ્સ, મોલ્સ કે જાહેર સ્થળો પર ભીખ માગતા બાળકોને રેસ્ક્યુ કરવાનું એક અભિયાન હાથ ધર્યું હતું. જોકે આ અભિયાન દરમિયાન એક ભયાનક કહી શકાય તેવી હકીકત બહાર આવ્યાનું સૂત્રોએ જણાવ્યું હતું.

અધિકારીઓના જણાવ્યા અનુસાર તેમના ધ્યાનમાં આવ્યું હતું કે રાજસ્થાન અને મધ્ય પ્રદેશના અમુક ગામના સરપંચ અથવા ગ્રામપ્રમુખ જ ગરીબ ઘરના બાળકોને ગુજરાત લાવી ભીખ મંગાવવાના કામમાં લગાડી રહ્યા છે.

પોલીસે અત્યાર સુધીમાં આ રેકેટ દ્વારા શહેરમાં કથિત રીતે તસ્કરી કરાયેલા 276 બાળકોની ઓળખ કરી છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે બાળકોને સરકારી પ્રાથમિક શાળાઓમાં દાખલ કરવામાં આવશે અને તેમને ભોજન, આશ્રય અને પુનર્વસન પૂરું પાડવામાં આવશે, જ્યારે માત્ર પૈસા માટે નિર્દોષ બાળકોનું શોષણ કરનારાઓ સામે ફોજદારી કેસ કરવામાં આવશે, તેમ પણ જણાવ્યું હતું.

અધિકારીઓએ આપેલી માહિતી અનુસાર ભિખારીઓ મોટેભાગે એક ઓર્ગેનાઈઝડ નેટવર્કનો ભાગ હોય છે. મોટાભાગના બાળકો ખૂબ જ ગરીબ પરિવારમાંથી આવ્યા હોય છે અને તેમનાં માતા-પિતા જ તેમને ભીખ માગવા મોકલે છે, જેથી આવક થાય. આવું રેકેટ ગામડામાં શરૂ થાય છે જ્યાં સરપંચની મદદ લેવામાં આવે છે. તેઓ આવા ગરીબ પરિવારના બાળકો વિશે રેકેટ ચલાવનારાઓને જણાવે છે.

ગુજરાતમાં રેકેટ ચલાવનારા સરપંચને બાળકો લાવવા માટે પૈસા આપે છે. જેમાંથી અમુક રકમ સરપંચ બાળકોના માતા-પિતાને આપે છે. આ સાથે બાળકોની ભીખની કમાણીમાંથી પણ તેમનો લગભગ 20 ટકા જેટલો હિસ્સો હોય છે,

# મૈત્રી કરાર તૂટ્યા બાદ પૈસાની લેતી-દેતીના બહાને મહિલાને ઘરે બોલાવી દુષ્કર્મ આચર્યું

## અમદાવાદમાં લંપટ ભૂવાજીની હવાનિયત :પોલીસે ભુવાજી અર્પિત દેસાઈની ધરપકડ કરી

**અમદાવાદ**

આજથી આશરે સાત વર્ષ પહેલાં એક વિધવા મહિલા પોતાની વ્યક્તિગત સમસ્યાઓના નિવારણ માટે ઈસનપુર વિસ્તારમાં રહેતા ભુવાજી અર્પિત દેસાઈ (ઉંમર વર્ષ ૩૦) પાસે આવી હતી. આ મુલાકાત બાદ બંને વચ્ચે સામાન્ય મિત્રતા થઈ હતી, જે સમય જતાં પ્રેમ સંબંધમાં પરિણમી હતી. ત્યારબાદ બંનેએ પરસ્પર સંમતિથી વર્ષ ૨૦૨૧માં મૈત્રી કરાર કર્યા હતા અને સાથે રહેવા લાગ્યા હતા.

આ સમયગાળા દરમિયાન ભુવાજી મહિલાને પોતાના ઘરે તેમજ અલગ-અલગ હોટલોમાં લઈ જઈને તેની સાથે શારીરિક સંબંધો બાંધતો હતો. મૈત્રી કરારના ચાર વર્ષ વીત્યા બાદ મહિલાને જાણવા મળ્યું હતું કે ભુવાજી અર્પિત દેસાઈના અન્ય સ્ત્રીઓ સાથે પણ સંબંધો છે. આ બાબત સામે આવતા વિધવા મહિલાએ તેની સાથેનો મૈત્રી કરાર કાયદેસર રીતે તોડી નાખ્યો હતો. સંબંધો ચાલુ હતા તે દરમિયાન મહિલાએ ભુવાજીને આર્થિક જરૂરિયાત હોવાથી ટુકડે-ટુકડે કુલ રૂ. ૩ લાખ આપ્યા હતા, જેની સામે અર્પિત ૧૫,૦૦૦ રૂપિયા કરીને મહિલાને પરત પણ ચૂકવતો હતો. દરમિયાન, પીડિતાએ પોલીસનો સંપર્ક કરી સમગ્ર મામલે ફરિયાદ નોંધાવી હતી. ઈસનપુર પોલીસે આ અંગે ગુનો નોંધી આરોપી અર્પિત દેસાઈની ધરપકડ કરી આગળની તપાસ હાથ ધરી છે.

# સુરતમાં હત્યા : 4 મિનિટ સુધી વૃદ્ધને આડેધડ ફટકા વરસાવ્યા

**સુરત**

સુરત શહેરમાંથી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ તેમજ માનવતાને શર્મસાર કરતી એક અત્યંત સનસનીખેજ અને હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. શહેરના જહાંગીરપુરા વિસ્તારમાં વહેલી સવારે એક અજાણ્યા સાઈકો જેવા યુવકે અસહાય વૃદ્ધ પર લાકડાના ફટકા વડે ઘાતકી હુમલો કરી તેમની નિર્મમ હત્યા નિપજાવી છે. આ ચોંકાવનારી ઘટનાના લાઈવ દ્રશ્યો નજીકમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ જતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. આ હિચકારી ઘટના જહાંગીરપુરા વિસ્તારમાં વહેલી સવારે બની હતી. સીસીટીવી ફૂટેજમાં જાઈ શકાય છે કે એક ક્રૂર અને અજાણ્યો યુવક રસ્તા પર ૬૦ વર્ષીય વૃદ્ધ બાબુભાઈ સાવંત પર તૂટી પડ્યો હતો. આ નરાધમે સતત ૪ મિનિટ સુધી માસૂમ વૃદ્ધ પર લાકડાના ફટકા વડે આડેધડ અને અરેરાટીભર્યા ઘા ઝીંક્યા હતા. હુમલા બાદ ગંભીર રીતે લોહિયાળ હાલતમાં બાબુભાઈને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ટૂંકી સારવાર દરમિયાન તેમણે દમ તોડી દીધો હતો.

# રામગઢમાં બ્રેક ફેલ થતાં ટ્રેલરે 12 વાહનો અડફેટે લીધા, 20ને ઈજા

## અકસ્માતમાં એક કારનો કચ્ચરઘાણ, ઘટના બાદ હાઈવે પર ભારે અફરાતફરી, હાઈવે પર અનેક કિલોમીટર લાંબો ટ્રાફિક જામ સર્જાયો હતો



**રાંચી**

ઝારખંડના રામગઢ જિલ્લામાં રાંચી-પટના નેશનલ હાઈવે પર આવેલા ચુટ્ટુપાલૂ ઘાટી વિસ્તારમાં બુધવારે ભયાનક રોડ અકસ્માત સર્જાયો હતો. ઘાટીમાંથી નીચે ઉતરી રહેલા એક સ્પીડમાં જતાં ટ્રેલરની બ્રેક ફેલ થઈ ગઈ હતી. કંટ્રોલ બહાર ગયેલા આ ટ્રેલરે રસ્તા પર જતાં અન્ય વાહનોને જોરદાર ટક્કર મારી હતી, જેમાં એકસાથે 12 વાહનો વચ્ચે ભયાનક અકસ્માત થયો હતો. આ ઘટનામાં 20થી વધુ લોકો ઘાયલ થયા છે.

ઘટનાને નજરે જોનારાઓએ કહ્યું કે, ટ્રેલરની બ્રેક ફેલ થતાં જ ચાલકે વાહન પરથી કાબૂ ગુમાવ્યો હતો. આ અનિયંત્રિત ટ્રેલરે રસ્તા પર આગળ જઈ રહેલી કાર, કન્ટેનર અને અન્ય ગાડીઓને એક પછી એક ટક્કર મારી હતી. ટક્કર એટલી જોરદાર હતી કે, એક કાર તો ટ્રેલર અને કન્ટેનરની વચ્ચે છુંદાઈ ગઈ હતી. અકસ્માત થતાં જ હાઈવે પર અફરાતફરી અને ચીસાચીસ મચી ગઈ હતી.

ઘટનાની જાણ થતાં જ રામગઢ પોલીસ અને વહીવટી તંત્રની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી. પોલીસે સ્થાનિક લોકોની મદદથી તાત્કાલિક રાહત અને બચાવ કામગીરી શરૂ કરી હતી. અકસ્માતગ્રસ્ત વાહનોમાં ફસાયેલા લોકોને બહાર કાઢીને એમ્બ્યુલન્સ દ્વારા નજીકની હોસ્પિટલ ભેગા કરાયા હતા. ઘાયલ થયેલા 20થી વધુ લોકોમાંથી અમુકની હાલત નાજુક હોવાનું જાણવા મળ્યું છે. અકસ્માતને કારણે રાંચી-પટના નેશનલ હાઈવે પર ટ્રાફિક પૂરેપૂરો ઠપ થઈ ગયો હતો અને વાહનોની લાંબી લાઈનો લાગી ગઈ હતી.

# ભાજપે TMC કાર્યાલય, મારા પર ઈંડા રીંગણા ફેંક્યા હતા : મહુઆ મોઈત્રા

**બંગાળ**

પશ્ચિમ બંગાળના નાદિયા જિલ્લાના TMC સાંસદ મહુઆ મોઈત્રાએ બીજેપી સમર્થકો પર ગંભીર આરોપ લગાવ્યા છે. તેમનો દાવો છે કે અખિલ ભારતીય તૃણમૂલ કોંગ્રેસના પાર્ટી કાર્યાલયમાં તેમની પર ઈંડા અને રીંગણા ફેંકવામાં આવ્યા હતા.

મહુઆ મોઈત્રાએ કહ્યું કે પોલીસ મોડી પહોંચી. ત્યાં હાજર લોકો પણ કોઈ કાર્યવાહી કરી રહ્યા ન હતા. ફેસબુક લાઈવ સેશનમાં તેમણે આરોપ લગાવ્યો કે કાયદો અને વ્યવસ્થા જાળવવાની પોતાની જવાબદારી નિભાવવાને બદલે પોલીસ ફક્ત તમાશો જોતી રહી. આ ઘટના અંગે ભાજપ તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર પ્રતિક્રિયા આવી નથી. જ્યારે હાલમાં કલકત્તામાં હાઈકોર્ટે પશ્ચિમ બંગાળમાં રાજનૈતિક વિરોધિઓ કે વિવિધ મામલે આરોપીઓ પર ઈંડા ફેંકવાની ઘટનાઓને લઈને કડક ટિપ્પણીઓ કરી છે. મંગળવારે આ મામલે જાહેર હિતની અરજી પર સુનાવણી કરતા કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ તપબ્રત ચક્રવર્તી અને ન્યાયાધીશ પાર્થ સારથી ચેટરજીની બનેલી ડિવિઝન બેન્ચે રાજ્ય સરકારને નિર્દેશ આપ્યો કે ઈંડા ફેંકવાની દરેક ઘટના માટે પોલીસ ફરજિયાતપણે FIR નોંધે.

# જયપુરમાં અનામત મુદ્દે આંદોલન : સ્થિતિ વણસતા પોલીસે ટીયર ગેસના ગોળા છોડ્યા

## અનેક પોલીસ કર્મીઓને ઈજા પહોંચી, ઘણા પ્રદર્શનકારીઓને કસ્ટડીમાં લેવાયા

**જયપુર**

જયપુરમાં વિચરતી અને વિમુક્ત જ્ઞાતિઓને 10 ટકા અનામત આપવાની માંગ સાથે એક મહાપંચાયતનું આયોજન કરવામાં આવ્યું હતું. અહીંની સભા સમાપ્ત થયા બાદ પ્રદર્શનકારીઓએ અચાનક મુખ્ય પ્રધાન આવાસ તરફ કૂચ કરવાની જાહેરાત કરતાં જ વાતાવરણ તંગ બની ગયું અને પ્રદર્શનકારીઓ રાજધાનીના રસ્તાઓ પર ઉતરી આવ્યા હતા. તંગ પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે પોલીસ અને પ્રદર્શનકારીઓ વચ્ચે ભારે ઝપાઝપી થઈ હતી. જોતજોતામાં મામલો એટલો બિચક્યો કે પ્રદર્શનકારીઓએ પોલીસ પર પથ્થરમારો શરૂ કરી દીધો હતો.

ભીડને વિખેરવા માટે પોલીસે શરૂઆતમાં હળવો બળપ્રયોગ કર્યો હતો, પરંતુ સ્થિતિ કાબૂ બહાર જતાં આખરે ટીયર ગેસના ગોળા છોડવાની ફરજ પડી હતી. સૂત્રો દ્વારા મળતી જાણકારી પ્રમાણે જયપુરના વિદ્યાધર નગર વિસ્તારમાં આ મહાપંચાયતનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં લોકો એકઠા થયા હતા.

પોલીસે તેમને રસ્તામાં જ રોકવાની કોશિશ કરી, પરંતુ તેઓ આગળ વધવા પર મક્કમ રહ્યા હતા. પોલીસ અને પ્રદર્શનકારીઓ વચ્ચેની બોલાચાલી અચાનક હિંસક ઝડપમાં ફેરવાઈ ગઈ હતી. પ્રદર્શનકારીઓ તરફથી કરવામાં આવેલા પથરાવમાં કેટલાક પોલીસકર્મીઓને ઈજાઓ પહોંચી હોવાના અહેવાલ છે. પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરીને ઘણા પ્રદર્શનકારીઓને કસ્ટડીમાં લીધા હતા.

# બેંગલુરુમાં ડે-કેરમાં બાળકોને વૉશિંગ મશીનમાં નાંખ્યા, ટોઈલેટ જેટથી સ્પ્રે કર્યું, પાંચની ધરપકડ

## બાળકો પર ઈજાના નિશાન દેખાતા વાલીઓમાં રોષ ફેલાયો, પોલીસ કાર્યવાહી

**બેંગ્લોર**

કર્ણાટકના બેંગલુરુ શહેરમાં એક જાણીતી IT કંપનીના કેમ્પસમાં આવેલા શિશુ ગૃહ એટલે કે ડે-કેર સેન્ટરમાં માસૂમ બાળકો પર ક્રૂર અત્યાચાર ગુજારાતો હોવાનો ખુલાસો થયો છે. અહીં બાળકોને સજાના ભાગરૂપે વૉશિંગ મશીનમાં પૂરીને ચાલુ કરવાની તેમજ બાથરૂમમાં બંધ કરી દેવા જેવી અમાનવીય હરકતો કરાતી હતી. આ મામલે પોલીસે ડે-કેરના 5 આયાની ધરપકડ કરીને તપાસ હાથ ધરી છે.



કેટલાક બાળકોના વર્તનમાં અચાનક આવેલા ફેરફાર અને તેમના શરીર પરના ઈજાના નિશાનો જોઈને વાલીઓને શંકા ગઈ હતી. જ્યારે વાલીઓએ ડે-કેર મેનેજમેન્ટ પાસે સીસીટીવી ફૂટેજની માંગણી કરી, ત્યારે આ સમગ્ર કાળી કરતૂત સામે આવી હતી. ફૂટેજમાં સ્ટાફ મેમ્બર્સ માસૂમ બાળકો સાથે નિર્દયતાથી વર્તતા અને તેમને હેરાન કરતા સ્પષ્ટ જોવા મળ્યા હતા. આ ઘટના બાદ વાલીઓમાં ભારે રોષ ફાટી નીકળ્યો હતો. વાલીઓની ફરિયાદના આધારે સ્થાનિક પોલીસે ત્વરિત પગલાં ભરીને ડે-કેર સેન્ટરના 5 જવાબદાર સ્ટાફ મેમ્બર્સ સામે ગુનો દાખલ કર્યો છે.

# કસ્ટડી ડેથ મુદ્દે મહારાષ્ટ્રના 9 પોલીસ કર્મચારીઓને આજીવન કેદની સજા

**મુંબઈ**

મહારાષ્ટ્રની વાશિમ જિલ્લા અદાલતે પોલીસ કસ્ટડીમાં થયેલી હત્યાના 15 વર્ષ જૂના કેસમાં ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. કોર્ટે એક પૂર્વ પોલીસ અધિકારી સહિત 9 પોલીસકર્મીઓને આજીવન કેદની સજા ફટકારી છે. આ ઘટના 10 મે-2011ના રોજ રિસોડ પોલીસ સ્ટેશનમાં બની હતી, જ્યાં પોલીસે પારધી સમાજના બેચા પવાર નામના યુવકને પૂછપરછના બહાને રાત્રે 3 વાગ્યે ઘરેથી ઉઠાવ્યો હતો અને પોલીસ સ્ટેશનમાં ક્રૂરતાપૂર્વક માર મારીને તેની હત્યા કરી દીધી હતી. મૃતક યુવક પર કોઈ ગુનાહિત રેકોર્ડ નહોતો અને તેના લગ્નને માંડ 1 વર્ષ થયું હતું. પુત્રના મોત બાદ ન્યાય માટે પહોંચેલા વૃદ્ધ માતા-પિતાની ફરિયાદ નોંધવાનો પોલીસ અધિકારીએ સ્પષ્ટ ઈનકાર કરી દીધો હતો. યુવકના મોતને પગલે ભારે વિરોધ પ્રદર્શનો થયા હતા. બાદમાં પોસ્ટમોર્ટમ અને મેડિકલ તપાસમાં ખુલાસો થયો કે યુવકના શરીરના અનેક હાડકાં તૂટી ગયા હતા. ઊંડાણપૂર્વક તપાસ કરીને કોર્ટમાં મજબૂત ચાર્જશીટ રજૂ કરી, જેમાં પોલીસ સ્ટેશનની અંદર યુવક પર ગુજારવામાં આવેલા થર્ડ ડિગ્રી અત્યાચારના પુરાવા આપવામાં આવ્યા હતા.

# તમિલનાડુના રાજકારણમાં ભૂકંપ: AIADMKના અનેક દિગ્ગજો TVK'માં જોડાશે

**હૈદરાબાદ**

મહાબલીપુરમના એક આલીશાન રિસોર્ટમાં આ વિધિવત પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. આ કાર્યક્રમમાં AIADMKના માત્ર એક-બે નહીં, પરંતુ ઓછામાં ઓછા 5 પૂર્વ મંત્રીઓ અને 15 પૂર્વ ધારાસભ્યો સહિત સેંકડો સક્રિય કાર્યકરો સત્તાવાર રીતે TVK પક્ષનું સદસ્યપદ ગ્રહણ કરશે. આ ઘટનાક્રમને પગલે વિજયની પાર્ટી તમિલનાડુમાં એક મજબૂત વિરોધ પક્ષ તરીકે ઉભરી શકે છે. જે દિગ્ગજ નેતાઓના નામ TVKમાં સામેલ થવા માટે ચર્ચામાં છે, તેમાં પૂર્વ મંત્રી સી. વિજય ભાસ્કર, એમ.આર. વિજય ભાસ્કર, એમ એસ એમ આનંદન અને એસ. વલારમથી જેવા અતિ મહત્વના ચહેરાઓનો સમાવેશ થાય છે.

# દાન ચોરી બાદ મંદિર ટ્રસ્ટના કથિત જમીન ખરીદી કેસમાં એસઆઈટી ચંપત રાયની પણ પૂછપરછ કરશે

## અસલી ચોરો વિશે પરચી ખોલીશ તો મને જ પતાવી દેવાશે : બાબા બાગેશ્વરના દાવાથી ખળભળાટ

**અયોધ્યા**

રામ મંદિર દાન ચોરી કેસમાં તપાસ તેજ કરવામાં આવી છે. જેમાં રોકડની દાન ચોરી બાદ હવે ટ્રસ્ટ દ્વારા કથિત જમીન ખરીદીની પણ તપાસ કરવામાં આવી રહી છે. આ કથિત જમીન ખરીદી કેસમાં એસઆઈટીએ અનિલ મિશ્રા અને ગોપાલ રાયની પૂછપરછ કરી છે. તેની બાદ હવે ચંપત રાયની પૂછપરછ કરવામાં આવશે.

એસઆઈટી ચોક્કસ જમીન પ્લોટની ખરીદીને લગતા આરોપો અંગે ચંપત રાયની પૂછપરછ કરશે. તેમને વાસ્તવિક મૂલ્ય કરતા અનેક ગણા વધુ ભાવે અનેક પ્લોટ ખરીદવા પાછળના કારણો પૂછવામાં આવશે.

આ ઉપરાંત એસઆઈટી દ્વારા દાનની રોકડ ચોરીની કુલ રકમ, તેમાં સામેલ વ્યક્તિઓ અને આ ચોરી કેટલા સમયથી થઈ રહી છે રામ મંદિર દાન ચોરીની ઘટના અંગે ટ્રસ્ટ હવે વિભાજિત દેખાય છે. જેમાં ટ્રસ્ટની અંદર વિરોધાભાસી નિવેદનો સામે આવી રહ્યા છે. જેમાં રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના ટ્રસ્ટી મહંત દિનેન્દ્ર દાસ મહારાજે જણાવ્યું હતું કે સમગ્ર ભૂલ પ્રશાસક ગોપાલ રાવનો છે. મહંત કમલ નયન દાસે અગાઉ ટિપ્પણી કરી હતી કે સામેલ દરેક વ્યક્તિ અપ્રમાણિક છે.

બીજી તરફ બાગેશ્વર ધામના પ્રમુખ પંડિત ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીએ મંદિરમાં ચોરી મુદ્દે ચોંકાવનારો દાવો કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, જો તેઓ પોતાના દિવ્ય દરબારની પર્ચી ખોલીને એ તમામ મોટા અને વગદાર નામોનો ખુલાસો દુનિયા સામે કરી દેશે, તો તેમને જાનથી મારી નાખવામાં આવશે એટલે કે તેમને સીધા નષ્ટ કરી દેવામાં આવશે. તેમના આ નિવેદન બાદ અયોધ્યાથી લઈને દેશભરના ધાર્મિક અને રાજકીય વહીવટી વર્તુળોમાં ભારે ખળભળાટ મચી ગયો છે.

# વેનેઝુએલાથી ભારત આવેલા નાવિકના મૃતદેહમાંથી કિડની, ફેફસા, લિવર, હૃદય સહિત અનેક અંગ ગુમ

## અંગો ગુમ હોવાની જાણકારી પીએમ રિપોર્ટમાં સામે આવી, પરિવારે સરકાર પાસે મદદ માગી

**નવી દિલ્હી**

વેનેઝુએલામાં એક ભારતીય નાગરિકનો મૃતદેહ ભારત આવ્યો છે, જોકે આ મૃતદેહમાંથી લગભગ તમામ અંગોને કાઢી લેવામાં આવ્યા છે. જેને પગલે પરિવારે અનેક સવાલો ઉઠાવ્યા છે. ઉત્તર પ્રદેશના દેવરિયા જિલ્લાના રહેવાસી ૩૩ વર્ષીય રાકેશ ચૌહાણનો મૃતદેહ ભારત પહોંચતા સૌ કોઈ ચોંકી ઉઠયા હતા, તેના શરીરમાંથી હૃદય, ફેફસા, મગજ બધુ જ ગાયબ છે.

કંપનીએ સપ્તાહમાં જ મૃતદેહ ભારત



પહોંચાડવાની ખાતરી આપી હતી પરંતુ દેવરિયા સુધી રાકેશનો મૃતદેહ પહોંચવામાં એક મહિનાથી વધુનો સમય લાગી ગયો. મૃતદેહનું ડોક્ટરો દ્વારા પરીક્ષણ કરાતા તેઓ ચોંકી ગયા હતા, ડોક્ટરોએ પોસ્ટ મોર્ટમ રિપોર્ટ જાહેર કર્યો છે જે મુજબ મૃતદેહમાંથી મગજ, હ્યદય, બન્ને ફેફસા, લીવર, કિડની, પેટ અને આંતરડા સહિતના અંગો ગુમ છે. હવે શરીરના તમામ અંગો ગુમ હોવાથી ખરેખર મૃત્યુ કેવી રીતે થયું તેને લઈને કોઇ ચોક્કસ તારણ નથી મળી રહ્યું. હાલમાં કેટલાક સંગઠનો દ્વારા ભારતના હાઇ કમિશન, વેનેઝુએલાના અધિકારીઓ પાસેથી સમગ્ર મામલે ખુલાસાની માગણી કરવામાં આવી છે.

# ત્ર્યંબકેશ્વર મંદિરમાં મળી આવ્યું દુર્લભ શિવલિંગ, શ્રાવણ પહેલાં અદ્ભુત સંયોગ

**નાસિક**

નાશિકના પવિત્ર એવા ત્ર્યંબકેશ્વર મંદિરમાં એક દુર્લભ શિવલિંગ જોવા મળ્યું હતું. આ શિવલિંગ ત્યાં આવેલા અમૃતકુંડની સાફ સફાઈ દરમિયાન મળી આવ્યું હતું. અધિકારીઓના જણાવ્યા અનુસાર હાલમાં ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ વિભાગ દ્વારા સંરક્ષણ અભિયાન ચાલી રહ્યું છે. એ જ સમયે અમૃતકુંડની સાફ સફાઈ થઈ રહી હતી. સાફ સફાઈ બાદ કુંડમાંથી સંપૂર્ણપણે પાણીનો નિકાલ કરતા તળિયાના ભાગે એક અતિ પ્રાચીન શિવલિંગ મળી આવ્યું હતું. અમૃતકુંડના તળિયામાં પ્રાચીન શિવલિંગ મળ્યા બાદ આ પવિત્ર સ્થળની ધાર્મિક મહત્વતા વધુ મજબૂત બની છે. જેના લીધે ભાવિક ભક્તોના પ્રવેશ પર પણ પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

# બેંગ્લુરુમાં ભયાનક દુર્ઘટના, પથ્થરની ખાણમાં ખડક ધસી પડતાં 9 શ્રમિકના દટાઈ જતા મોત

## 40 ફૂટની ઊંચાઈએથી ભેખડો પડી, બચવાની તક જ ન મળી, બચાવ કામગીરી શરૂ

**બેંગ્લોર**

કર્ણાટકની રાજધાની બેંગલુરુના દક્ષિણ તાલુકાના મડાપટના વિસ્તારમાંથી એક અત્યંત દુઃખદ ઘટના સામે આવી છે. અહીં ગુરુવારે સવારે એક પથ્થરની ખાણમાં કામ કરી રહેલા શ્રમિકો પર અચાનક એક વિશાળ ભેખડ ધસી પડી હતી. આ ગમખ્વાર અકસ્માતમાં 9 મજૂરોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા છે. પોલીસના જણાવ્યા અનુસાર, મૃતક શ્રમિકો બિહાર અને અસમના રહેવાસી હતા અને અહીં રોજમદાર તરીકે કામ કરી પોતાનું ગુજરાન ચલાવતા હતા.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, જ્યારે આ દુર્ઘટના ઘટી ત્યારે તમામ શ્રમિકો ખાણમાં પથ્થર તોડવાનું કામ કરી રહ્યા હતા. તે જ સમયે એક વિશાળ પથ્થર તેમની ઉપર આવી પડ્યો અને તેઓ મલબા નીચે દબાઈ ગયા હતા. એક પ્રત્યક્ષદર્શી શ્રમિકના જણાવ્યા મુજબ, ઘટના સમયે ત્યાં આશરે 18 જેટલા મજૂરો કામ કરી રહ્યા હતા. આ પથ્થર અંદાજે 40 ફૂટની ઊંચાઈએથી નીચે પડ્યો હતો. ભેખડ એટલી ઊંચાઈ પરથી પડી કે શ્રમિકોને ત્યાંથી ભાગવાની કે બચવાની કોઈ તક જ ન મળી.

આ અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ થયેલા શ્રમિકોને તાત્કાલિક નજીકની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. જોકે, ઘાયલોની ચોક્કસ સંખ્યા અંગે હજુ સત્તાવાર પુષ્ટિ થઈ નથી, પરંતુ પ્રાથમિક માહિતી મુજબ અનેક મજૂરોને ગંભીર ઈજાઓ પહોંચી છે.

# જો PM, CM કે કોઈ મંત્રી 30 દિવસ સુધી કસ્ટડીમાં રહેશે તો જશે ખુરશી

## નવા કાયદાની તૈયારી, JPC લોકસભા સ્પીકરને સોંપશે રિપોર્ટ

**નવી દિલ્હી**

હવે જો મંત્રીઓ, કે CM 30 દિવસ સુધી કસ્ટડીમાં રહેશે તો તેમને ખુરશી ગુમાવવાનો વારો આવી શકે છે. ગંભીર ગુનાઓમાં સતત 30 દિવસ સુધી કસ્ટડીમાં રાખવામાં આવેલા મંત્રીઓને પદ પરથી હટાવવાની જોગવાઈ કરતું બિલ ટૂંક સમયમાં આવશે. આ મામલે 130માં બંધારણ સુધારા વિધેયકની સમીક્ષા કરી રહેલી સંયુક્ત સંસદીય સમિતિ 17 જુલાઈએ લોકસભા સ્પીકરને પોતાનો અહેવાલ સોંપી શકે છે. આ બિલ સંસદના આગામી ચોમાસું સત્રમાં રજૂ કરવામાં આવશે, જે 20 જુલાઈથી શરૂ થવાની સંભાવના છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગયા વર્ષે ઑગસ્ટ મહિનામાં આ બિલ રજૂ કર્યું હતું, જે બાદ અપરાજિતા સારંગીની અધ્યક્ષતામાં 31 સભ્યોની JPCની રચના કરવામાં આવી હતી.

વડાપ્રધાન, મુખ્યમંત્રી કે અન્ય કોઈ મંત્રી પર 5 વર્ષ કે તેથી વધુની સજા થઈ શકે, તેવા ગંભીર ગુનાનો આરોપ હોય અને તેઓ સતત 30 દિવસ સુધી કસ્ટડીમાં રહે, તો તેમને પદ પરથી હટાવી દેવામાં આવશે.

# કેતન અગરવાલ મર્ડર કેસ : સિયા ગોયલનો પોલીગ્રાફ ટેસ્ટ કરાશે

**પૂણે**

મહારાષ્ટ્રના પુણેમાં ચર્ચાસ્પદ કેતન અગ્રવાલ હત્યા કેસમાં મહત્વપૂર્ણ અપટેડ સામે આવ્યું છે. પુણે ગ્રામ્ય પોલીસના જણાવ્યા મુજબ આરોપી સિયા ગોયલે પોલીગ્રાફ (લાઈ ડિટેક્ટર) ટેસ્ટ માટે સંમતિ આપી છે. પોલીસનું માનવું છે કે આ ટેસ્ટ દ્વારા કેસ સાથે જોડાયેલા કેટલાક મહત્વપૂર્ણ તથ્યો અને સંભવિત રહસ્યો સામે આવી શકે છે.

સિયા ગોયલના વકીલે જણાવ્યું કે સિયાએ ગુરુવારે લોનાવાલા ગ્રામ્ય પોલીસ સમક્ષ પોલીગ્રાફ ટેસ્ટ માટે લેખિત મંજૂરી આપી છે. મળતી માહિતી મુજબ આગામી થોડા દિવસોમાં આ ટેસ્ટ કરવામાં આવી શકે છે. આ દરમિયાન સિયાના પિતા પ્રવીણ ગોયલે પણ સ્પષ્ટ નિવેદન આપ્યું છે કે કેસમાં જે કોઈ દોષિત હશે તેને કડક સજા મળવી જોઈએ. તેમણે કહ્યું કે જો તેમની પુત્રી સિયા પણ ગુનેગાર સાબિત થાય તો તેને પણ કાયદા મુજબ સખત સજા મળવી જોઈએ. તેમણે પોલીસની કાર્યવાહી પર સંતોષ વ્યક્ત કર્યો અને નિષ્પક્ષ તપાસની માગ કરી હતી. તપાસ દરમિયાન પોલીસે સિયાને તે સ્થળે પણ લઈ ગઈ હતી, જ્યાં કથિત રીતે કેતન અગ્રવાલની હત્યાનું કાવતરું ઘડાયું હતું.

# બેંગલુરુમાં ઈસરો મુખ્યાલયને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીનો ઈ-મેઈલ, સુરક્ષા એજન્સી એલર્ટ

## સુરક્ષા એજન્સીઓને જાણ કરી દેવામાં આવી અને આખું પરિસર ખાલી કરાવ્યું

**બેંગ્લોર**

બેંગલુરુમાં આવેલા ઈસરોના મુખ્યાલયને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હોવાનું પ્રકાશમાં આવ્યું છે. બોમ્બની ધમકી મળતાની સાથે આ વિસ્તારમાં ભયનો માહોલ છવાઈ ગયો હતો. સૂત્રોના જણાવ્યાં પ્રમાણે આ ધમકી ઈ-મેઈલ દ્વારા મોકલવામાં આવી છે. બોમ્બની ધમકી બાદ સુરક્ષા એજન્સીઓને જાણ કરી દેવામાં આવી અને આખું પરિસર ખાલી કરાવી દેવામાં આવ્યું હતું. સુરક્ષા એજન્સીઓ દ્વારા તપાસ શરૂ કરી દેવામાં આવી છે. આ મામલે ઈસરોના વૈજ્ઞાનિકો અને કર્મચારીઓમાં પણ ભયનો માહોલ છવાઈ ગયો હતો.

પોલીસ અને બોમ્બ સ્ક્વોડ દ્વારા સમગ્ર પરિસરમાં તપાસ કરવામાં આવી છે. પરંતુ હજી સુધી કોઈ શંકાસ્પદ વસ્તુ કે બોમ્બ અંગે કોઈ જાણકારી મળી નથી. પરંતુ આ ધમકી ઈસરોના મુખ્ય કાર્યાલયને મળી હોવાથી સુરક્ષા એજન્સીઓ દ્વારા ગંભીરતાથી તપાસ કરવામાં આવી રહી છે. દેશની મહત્વપૂર્ણ કડી કહી શકાય તેવા વૈજ્ઞાનિક સંસ્થાનને બોમ્બની ધમકી મળી હોવાના કારણે સુરક્ષા વ્યવસ્થાને લઈને પણ અનેક સવાલો થઈ રહ્યાં છે. પરંતુ હજી સુધી કોઈ શંકાસ્પદ વસ્તુ નથી મળી તેના કારણે રાહતનો શ્વાસ લેવાયો છે. ઈસરો મુખ્યાલયને બોમ્બની ધમકી મળતી ત્યારે અધિકારીઓ દ્વારા તરત જ ઈમર્જન્સી પ્રોટોકોલ લાગુ કરી દેવામાં આવ્યો અને આખા પરિસરને ખાલી કરાવી દેવામાં આવ્યું હતું.

# અમરનાથ યાત્રા શરૂ, હર હર મહાદેવના નાદ સાથે ભક્તોનો પ્રથમ જથ્થો રવાના

**નવી દિલ્હી**

જમ્મુ-કાશ્મીરમાં પવિત્ર અમરનાથ યાત્રાનો આજે, ગુરુવાર, 2 જુલાઈથી શુભ આરંભ થયો. આ પ્રસંગે સમગ્ર વાતાવરણમાં ભક્તિમય માહોલ જોવા મળ્યો. વહેલી સવારે ‘બાબા બર્ફાની’ અને ‘હર હર મહાદેવ’ના જયઘોષ સાથે શ્રદ્ધાળુઓનો પ્રથમ જથ્થો બેઝ કેમ્પ તરફ રવાના થયો હતો. જમ્મુ-કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાએ દેશવાસીઓની સુખ-સમૃદ્ધિ માટે પૂજા-અર્ચના કર્યા બાદ આ પ્રથમ જથ્થાને લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું. આ યાત્રાળુઓ આવતીકાલે શુક્રવારે બાબા બર્ફાનીના પ્રથમ દર્શન કરશે. અમરનાથ યાત્રાના પ્રથમ જથ્થામાં આજે કુલ ૪,૮૨૨ યાત્રાળુઓ ૨૫૯ વાહનો રવાના થયા હતા.

# ભારત આવતાં જહાજો હોર્મુઝમાં ગાયબ રડારમાં ન આવતાં સપ્લાય પર અસર

## અછતને લીધે દેશમાં હોસ્પિટલોમાં સપ્લાયમાં પણ અવરોધ

**નવી દિલ્હી**

સમુદ્રીય જાસૂસી ડેટા ફર્મ ‘કેપ્લર’ના આંકડા મુજબ પર્શિયન ગલ્ફમાંથી ભારત આવનારા મોટાભાગનાં વ્યાપારી જહાજો અને ઓઈલ ટેન્કર્સે ઈરાનના સંભવિત હુમલાથી બચવા પોતાની ટ્રેકિંગ સીસ્ટીમ બંધ કરી દીધી છે. સમુદ્રીય ભાષામાં તેને ‘ગોઈંગ-ડાર્ક’ કહેવામાં આવે છે.

દરેક કોમર્શિયલ જહાજ પોતાની ઓળખાણ, તત્કાલીન સ્થાન અને ડેસ્ટીનેશનની માહિતી આપવા માટે ઓટોમેટિક આઈડેન્ટીફીકેશન સીસ્ટીમ ટ્રાન્સમોન્ડર્સ હંમેશા ‘ઓન’ રાખે છે. પરંતુ આ વખતે હોર્મુઝ સ્ટ્રેઈટસમાં ખતરો એટલો બધો વધી ગયો છે કે ૧લી મેથી ૨૫ જૂન વચ્ચે ભારત આવનારાં ૭૩ જહાજોમાંથી ૪૫ જહાજોને સ્ટ્રેટસ પાર કરતી વખતે પોતાનાં ટ્રાન્સમોન્ડર્સ સંપૂર્ણ રીતે બંધ રાખતાં હતાં જે તે જહાજો ઈરાનની નજરમાં ન આવે. ભારત સાથે પનામા, લાઈબેરિયા, યુએઈ અને માર્શલ આઈલોન્ડસના ધ્વજ ફરકાવતાં જહાજો પણ સામેલ છે. ભારત માટે માલસામાન અને ક્રૂડ ઓઈલ લઈ આવતાં જહાજો હોય છે.

# બદ્રીનાથ-કેદારનાથ રૂટ પર પથ્થરો પડતાં વાહનો ફસાયા, વરસાદથી મુંબઈમાં 5ના મોત

**બેદ્રીનાથ**

ઉત્તરાખંડમાં ભારે વરસાદ ચાલુ છે. ગુરુવારે રુદ્રપ્રયાગ અને ચમોલી સહિત અનેક જિલ્લાઓમાં ભૂસ્ખલનથી રસ્તાઓ બંધ થઈ ગયા હતા. બદ્રીનાથ અને કેદારનાથ હાઈવે પર સતત પથ્થરો પડતાં રહે છે. સલામતીના પગલાં તરીકે કેદારનાથ યાત્રાને અસ્થાયી રૂપે સ્થગિત કરવામાં આવી છે. છેલ્લા 24 કલાકમાં મુંબઈ શહેર અને તેના ઉપનગરોમાં અત્યાર સુધીમાં 150 મિલીમીટરથી વધુ વરસાદ નોંધાયો છે. સતત વરસાદને કારણે મુંબઈ અને આસપાસના વિસ્તારોમાં પાંચ લોકોના મોત થયા છે. મુંબઈમાં ત્રણ અને નવી મુંબઈમાં બેના મોત થયા હતા. આ સાથે જ ભારેથી અતિ ભારે વરસાદ માટે ‘ઓરેન્જ એલર્ટ’ જારી કરાયું છે.



# સેનેગલથી હાથવેંત દૂર જીતને બેલ્જિયમે છીનવી

## ૮૮ મિનિટ સુધી સેનેગલ ૨-૦થી આગળ છતાં છેલ્લી પાંચ મિનિટમાં બેલ્જિયમે મેચનું પાસું પલટી નાખ્યું

**વોશિંગ્ટન ।** પહેલા હાફની ૨૪મી મિનિટે અને બીજા હાફની ૫૧મી મિનિટે ગોલ ફટકારી ૮૬મી મિનિટ સુધી ૨-૦થી આગળ સેનેગલની ટીમથી હાથ વેંત જીત દૂર હતી ત્યારે બેલ્જિયમ તરફથી રોમેલુ લુકાકુએ ૮૬મી મિનિટે અને યુરી ટાઈલેમાન્સે ૮૯મી મિનિટે ગોલ કરીને જીતનું જશ્ન મનાવી રહેલા સેનેગલના ફેન્સને સ્તબ્ધ કરી દીધા હતાં. સેનેગલે હાથ વેંત દૂર જીત હોવાથી મેચમાં થોડી ઢિલાશ મુકી અને ડિફેન્સ વૉલ ખોલી કે તરત જ બેલ્જિયલના સ્ટ્રાઈકર્સે આ તકનો લાભ લઈને બીજા હાફના અંતે સ્કોર ૨-૨થી બરોબર પર લાવીને ફૂટબોલ જગતને ચોંકાવી દીધું હતું. ત્યાર બાદ ૩૦ મિનિટના એક્સ્ટ્રા ટાઈમમાં શ્વાસ થંભાવી દેતી ક્ષણ ત્યારે આવી જ્યારે મેચ પેનલ્ટી શૂટઆઉટ તરફ આગળ વધી રહી હતી અને અચાનક રેફરી દ્વારા પેનલ્ટી આપતા ૧૨૦+૫મી મિનિટે યુરી ટાઈલેમાન્સે પેનલ્ટીને ગોલમાં બદલી બેલ્જિયમને ૩-૨ થી જીતાડીને મેચનું સમગ્ર ચિત્ર સંપૂર્ણ બદલી નાંખ્યું હતું. બેલ્જિયમ રાઉન્ડ ઓફ-૧૬માં પહોચ્યું છે.

# USAએ બોસ્નિયાને ૨-૦થી હરાવી ૨૦ વર્ષ બાદ નોકઆઉટમાં જીત મેળવી

**કેલિફોર્નિયા ।** ફિફા વર્લ્ડ કપ ૨૦૨૬ના રાઉન્ડ ઓફ ૩૨ મુકાબલામાં સહ-યજમાન અમેરિકાએ શાનદાર પ્રદર્શન કરતા બોસ્નિયા અને હર્ઝેગોવિનાને ૨-૦ થી હરાવીને રાઉન્ડ ઓફ-૧૬માં પોતીની જગ્યા બનાવી લીધી છે. મેચની શરૂઆતથી જ અમેરિકાએ આક્રમક રમત બતાવીને બોલ પર પોતાનું નિયંત્રણ જાળવી રાખ્યું હતું. ટીમ તરફથી ફેલારિન બાલોગુને શાનદાર ગોલ કર્યો, પરંતુ ઓફસાઇડ હોવાના કારણે તેના આ ગોલને અમાન્ય જાહેર કરવામાં આવ્યો હતો. જોકે, પહેલા હાફના ઇન્જરી ટાઇમમાં બાલોગુને ફ્રી એકવાર તક બનાવતા મલિક ટિલમેનના શાનદાર પાસ પર તેણે ડિફેન્ડરોને છકાવતા બોલને ગોલકીપર નિકોલા વાસિલજના નીચેથી નેટમાં પહોંચાડીને અમેરિકાને ૧-૦ ની લીડ અપાવી હતી. બીજા હાફમાં બોસ્નિયા અને હર્ઝેગોવિનાએ વાપસીનો પ્રયાસ કર્યો હતો. ૬૪મી મિનિટે અમેરિકાને મોટો ઝટકો લાગ્યો, જ્યારે વીએઆરની મદદથી સમીક્ષા કર્યા બાદ બાલોગુનને રેડ કાર્ડ બતાવી દેવામાં આવ્યું. આ પછી અમેરિકાને લગભગ અડધા કલાક સુધી ૧૦ ખેલાડીઓ સાથે રમવા માટે મજબૂર થવું પડયું હતું. એક ખેલાડી ઓછો હોવા છતાં અમેરિકાએ શાનદાર સંયમ બતાવ્યો અને વિરોધી ટીમને બરાબરીની કોઈ તક આપી નહીં.



## વર્લ્ડ કપમાં જીતના જશ્નની ખુશીને બદલે માતમ છવાયો મેક્સિકોની ઐતિહાસિક જીત બાદ 4 ફેન્સના કરૂણ મોત

ફિફા વર્લ્ડ કપ 2026માં ઈક્વાડોર સામે મેક્સિકોની શાનદાર જીત બાદ દેશભરમાં શરૂ થયેલો જશ્ન તે સમયે માતમમાં ફેરવાઈ ગયો જ્યારે મેક્સિકો સિટીમાં ભારે ભીડ વચ્ચે ગૂંગળામણ થવાથી 4 ફૂટબોલ ફેન્સે પોતાના જીવ ગુમાવ્યા. મેક્સિકોની ટીમે ઈક્વાડોરને 2-0થી હરાવીને રાઉન્ડ ઓફ 16માં પોતાની જગ્યા પાકી કરી લીધી હતી. આ ઐતિહાસિક જીત બાદ સમગ્ર દેશમાં ખુશીનો માહોલ હતો અને હજારોની સંખ્યામાં પ્રશંસકો રસ્તા પર ઉતરી આવ્યા હતા. પરંતુ રાજધાની મેક્સિકો સિટીમાં સર્જાયેલી અરાજકતા અને ભારે ભીડના કારણે આ ખુશી લાંબો સમય ટકી શકી નહીં. સ્થાનિક સત્તાવાળાઓના જણાવ્યા અનુસાર, આ દુર્ઘટનામાં 2 મહિલાઓ અને 2 પુરુષનું મોત નીપજ્યું છે. મૃતકોની ઉંમર 48, 44, 30 અને 19 વર્ષ હોવાનું સામે આવ્યું છે. ત્રણેય પીડિતો રસ્તા પર અલગ-અલગ જગ્યાએ બેભાન હાલતમાં પડ્યા હતા અને એક પુરુષને હોસ્પિટલમાં લઈ જતી વખતે કાર્ડિયાક અરેસ્ટ આવ્યો હતો.

## ફિફા વર્લ્ડકપમાં મોટો ઉલટફેર : ઈતિહાસમાં પહેલીવાર જર્મની પેનલ્ટી શૂટઆઉટમાં હાર્યું, પેરાગ્વેએ રચ્યો ઇતિહાસ

ફિફા વિશ્વ કપ 2026ના રાઉન્ડ ઓફ 32 માં ફૂટબોલ જગતનો સૌથી મોટો ઉલટફેર જોવા મળ્યો છે. મંગળવારે બોસ્ટન સ્ટેડિયમ ખાતે રમાયેલા હાઈ-વોલ્ટેજ મુકાબલામાં પેરાગ્વેએ 4 વખતની વર્લ્ડ ચેમ્પિયન જર્મનીને પેનલ્ટી શૂટઆઉટમાં 4-3 થી હરાવીને ટૂર્નામેન્ટમાંથી બહાર ફેંકી દીધું છે. નિર્ધારિત સમય સુધી બંને ટીમો 1-1 ની બરાબરી પર રહી હતી. જેના કારણે મેચનો ફેંસલો પેનલ્ટી શૂટઆઉટ દ્વારા કરવામાં આવ્યો હતો. ફિફા વર્લ્ડ કપના ઈતિહાસમાં જર્મનીની ટીમ આ અગાઉ ક્યારેય પણ પેનલ્ટી શૂટઆઉટમાં હારી ન હતી, પરંતુ પેરાગ્વેએ આ અજેય રેકોર્ડ તોડીને અંતિમ-16 (રાઉન્ડ ઓફ 16) માં જગ્યા બનાવી લીધી છે. મેચની શરૂઆતથી જ બંને ટીમોએ આક્રમક રમત રમી હતી. મેચની 42મી મિનિટે જુલિયો એન્સિસોએ શાનદાર ગોલ કરીને પેરાગ્વેને 1-0 ની લીડ અપાવી દીધી હતી. જો કે, બીજા હાફમાં જર્મનીએ જોરદાર વાપસી કરી હતી.

# WTT યુએસ સ્મેશ 2026 : માનવ-માનુષે વર્લ્ડ ચેમ્પિયન જાપાનની જોડીને હરાવી મોટો ઉલટફેર કર્યો

ન્યૂયૉર્ક : અમેરિકા ખાતે રમાઈ રહેલી પ્રતિષ્ઠિત ‘ડબલ્યુટીટી યુએસ સ્મેશ ૨૦૨૬’ ટૂર્નામેન્ટમાં ભારતીય પેડલર્સે શાનદાર પ્રદર્શન કરીને બેવડી સફળતા મેળવી છે. પુરુષ ડબલ્સ કેટેગરીમાં ભારતની માનવ ઠક્કર અને માનુષ શાહની જોડીએ શાનદાર રમત બતાવીને જાપાનની વર્લ્ડ ચેમ્પિયન જોડીને ૩-૧થી હરાવી મોટો ઉલટફેર કર્યો છે. જ્યારે બીજી તરફ, મહિલા ડબલ્સમાં પણ દીયા ચિતાલે અને યશસ્વિની ઘોરપડેની ભારતીય જોડીએ તાઈવાન સામે ૩-૨થી અત્યંત



રસાકસીભર્યો મુકાબલો જીતી લીધો છે. પુરુષ ડબલ્સના આ હાઈ-વોલ્ટેજ મુકાબલામાં માનવ ઠક્કર અને માનુષ શાહની બિનઅનુભવી જોડી સામે જાપાનના દિગ્ગજ સોરા માત્સુશિમા અને શુનસુકે તોગામીનો પડકાર હતો. ભારતીય જોડીએ મેચની નબળી શરૂઆત કરી હતી અને પ્રથમ ગેમ ૮-૧૧થી ગુમાવી દીધી હતી. જોકે, ત્યારબાદ ભારતીય જોડીએ શાનદાર તાલમેલ બતાવીને આગામી ત્રણેય ગેમ ૧૧-૮, ૧૧-૮ અને ૧૧-૭થી જીતી લીધી હતી. આ સાથે જ ભારતે માત્ર ૩૦ મિનિટ અને ૩૫ સેકન્ડમાં ૩-૧થી મેચ પોતાના નામે કરીને પ્રશંસકોને આશ્ચર્યચકિત કરી દીધા હતા.

# ICC રેન્કિંગ : અભિષેકને પછાડી ઈશાન કિશન નંબર-૧ બેટ્સમેન

દુબઈ । આઈસીસી દ્વારા જાહેર કરવામાં આવેલા પુરુષ ખેલાડીઓના રેન્કિંગમાં મોટો ઉલટફેર જોવા મળ્યો છે. ભારતીય વિકેટકીપર-બેટ્સમેન ઈશાન કિશને તેના જ સાથી ખેલાડી અભિષેક શર્માને પાછળ છોડીને ટી૨૦ ઈન્ટરનેશનલમાં વિશ્વના નંબર-૧ બેટ્સમેનનું સ્થાન મેળવી લીધું છે. આ સાથે જ છેલ્લા એક વર્ષથી ટોચ પર રહેલા અભિષેક શર્માનું રાજ સમાપ્ત થયું છે, જે હવે ઈશાનથી માત્ર સાત રેટિંગ પોઈન્ટ પાછળ છે. ઈશાન કિશને આ વર્ષના ટી૨૦ વર્લ્ડ કપમાં આશરે ૨૦૦ના સ્ટ્રાઈક રેટથી ૩૧૭ રન ફટકારીને આ



સિદ્ધિ મેળવી છે. તે વિરાટ કોહલી અને સૂર્યકુમાર યાદવ બાદ નંબર-૧ ટી૨૦ રેન્કિંગ મેળવનારો ચોથો ભારતીય પુરુષ બેટ્સમેન બન્યો છે.

બીજી તરફ, ટેસ્ટ રેન્કિંગમાં ઈંગ્લેન્ડના હેરી બ્રુકની જગ્યાએ ઓસ્ટ્રેલિયાનો ટ્રેવિસ હેડ તેના કરિયરમાં પ્રથમ વખત વિશ્વનો નંબર-૧ ટેસ્ટ બેટ્સમેન બન્યો છે.

# ૧૬૨ પ્રતિબંધિત કેસ સાથે ભારત ડૉપિંગ લિસ્ટમાં કેન્યાને પાછળ રાખી ટોપ ઉપર

### એથ્લેટિક્સ ઇન્ટિગ્રિટી યુનિટે જાહેર કરેલી યાદીમાં કેન્યા બીજા અને રશિયા ત્રીજા સ્થાન

નવી દિલ્હી : એથ્લેટિક્સ ઈન્ટિગ્રિટી યુનિટ (AIU) દ્વારા જાહેર કરવામાં આવેલી સત્તાવાર યાદી અનુસાર ડૉપિંગ અને સંબંધિત ગુનાઓ માટે પ્રતિબંધ ભોગવી રહેલા એથ્લેટ્સ અને સપોર્ટ સ્ટાફની વૈશ્વિક યાદીમાં ભારત ફરી એકવાર વિશ્વમાં ટોચના સ્થાને રહ્યું છે. AIU દ્વારા બહાર પાડવામાં આવેલી આ યાદીમાં સૌથી વધુ ૧૬૨ કેસ ભારતમાંથી નોંધાયા છે, જે રમતજગત માટે ચિંતાજનક બાબત છે. આ યાદીમાં ૧૪૮ કેસ સાથે કેન્યા બીજા ક્રમે અને ૬૦થી વધુ કેસ સાથે રશિયા ત્રીજા સ્થાને છે.

યાદીમાં ડૉપિંગના ગુનાઓ ઉપરાંત ટેસ્ટિંગ ટાળવું, નમૂનાઓ સાથે છેડછાડ કરવી કે ખેલાડીઓની ઉપલબ્ધતાની ખોટી માહિતી આપવા જેવા બિન-ડૉપિંગ નિયમભંગના કેસોનો પણ સમાવેશ થાય છે. ચાલુ વર્ષે એપ્રિલ મહિનામાં ભારતે કેન્યાને પાછળ છોડીને પ્રથમ સ્થાન મેળવ્યું હતું, જે જૂન અને જુલાઈની અપડેટમાં પણ યથાવત રહ્યું છે.

# લોસ એન્જલસ નાઈટ રાઈડર્સનું સ્ટેડિયમ માત્ર ૧૦૦ દિવસની અંદર બનીને તૈયાર

મુંબઈ

શાહરૂખ ખાને પોતાના એક સપનાના પૂરા થવા પર ICC ચેરમેન જય શાહનો આભાર માન્યો છે. વાસ્તવમાં તેમની માલિકી હક વાળી ટીમ લોસ એન્જલસ નાઈટ રાઈડર્સનું સ્ટેડિયમ બનીને તૈયાર થઈ ગયું છે. આ લોસ એન્જલસના પોમોનામાં બન્યું છે, જેને માત્ર ૧૦૦ દિવસની અંદર બનાવીને તૈયાર કરી દેવામાં આવ્યું. તેને અમેરિકન ક્રિકેટ માટે મોટું અને સારું પગલું માનવામાં આવી રહ્યું છે. આ જ સ્ટેડિયમમાં ઓલિમ્પિકની મેચો



પણ યોજાશે. શાહરૂખ ખાને સોશિયલ મીડિયા પર સ્ટેડિયમ તૈયાર થવાનો વીડિયો શેર કરતા કહ્યું કે આ એક સપનું હતું જે હવે હકીકતમાં બદલાઈ ચૂક્યું છે. તેમણે ખાસ કરીને જય શાહનો આભાર માન્યો, જેઓ અત્યારે ICCના ચેરમેન પદ પર છે. તેમણે કહ્યું કે આ જગ્યા માત્ર એક રમતનું મેદાન નહીં પરંતુ મનોરંજન માટે પણ હશે અને અહીં લોકો પોતાની યાદો બનાવશે.

શાહરૂખ ખાને એક્સ (X) પર લખ્યું, “જે એક સપનું હતું, તે આજે હકીકત બની ગયું છે. આપ સૌનું KKRના નાઈટ રાઈડર્સ ક્રિકેટ ગ્રાઉન્ડમાં સ્વાગત છે. આ જગ્યા માત્ર રમત માટે જ નહીં, પરંતુ મનોરંજન અને પરિવારો માટે પણ બનાવવામાં આવી છે અને એવી યાદો માટે જે હંમેશા સાથે રહેશે.

# થાઈલેન્ડમાં 11 વર્ષના બાળકે ટ્રકથી 9 બૌદ્ધ ભિક્ષુકોને કચડી નાખ્યા

## અનેક ભિક્ષુકોને ગંભીર ઈજા પહોંચી, ભિક્ષુકોનું જૂથ ઉબોન રત્યાથાની પ્રાંત સુધીની 260 કિલોમીટર લાંબી પદયાત્રા પર નીકળ્યું હતું

**બેંગકોક**

થાઈલેન્ડના ઉત્તર-પૂર્વીય વિસ્તારમાંથી એક અત્યંત ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે. ગુરુવારે એક 11 વર્ષના સગીર બાળકે પૂરપાટ ઝડપે પિકઅપ ટ્રક ચલાવીને તીર્થયાત્રા પર પગપાળા જઈ રહેલા બૌદ્ધ ભિક્ષુકોના આખા જૂથને કચડી નાખ્યું હતું. આ ભયાનક અકસ્માતમાં 9 બૌદ્ધ ભિક્ષુકોના કમકમાટીભર્યા મોત નીપજ્યા છે, જ્યારે અનેક લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે.

આ દુર્ઘટના અંગે વિગતો આપતાં મુકદહન પ્રાંતના ગવર્નર વોરયાન બૂનનારતે જણાવ્યું હતું કે, મુકદહન પ્રાંતના કુલ 35 બૌદ્ધ ભિક્ષુકોનું એક



જૂથ પવિત્ર તીર્થયાત્રા પર નીકળ્યું હતું. અકસ્માત એટલો ભીષણ હતો કે 5 ભિક્ષુકોના ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યા હતા, જ્યારે અન્ય 4 ભિક્ષુકોએ હોસ્પિટલમાં સારવાર દરમિયાન દમ તોડ્યો હતો. આ ઉપરાંત, અન્ય 13 લોકોને તાત્કાલિક અસરથી નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે, જેમાંથી ત્રણ ભિક્ષુકોની હાલત અત્યંત નાજુક હોવાનું મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે જાણવા મળ્યું છે. આ ભિક્ષુકોનું જૂથ ઉબોન રત્યાથાની પ્રાંત સુધીની 260 કિલોમીટર લાંબી પદયાત્રા પર નીકળ્યું હતું. હજુ તો યાત્રા શરૂ થયાને માંડ 30 મિનિટ જેટલો સમય થયો હતો ત્યાં જ પાછળથી કાળ બનીને આવેલી ટ્રકે તેમને અડફેટે લીધા હતા. સ્થાનિક બચાવ જૂથ દ્વારા આ ઘટનાની વીડિયો પણ શેર કરવામાં આવ્યાં છે.

ભિક્ષુકો રસ્તાની એક બાજુએ શાંતિથી લાઈનમાં ચાલી રહ્યા હતા. તે જ સમયે એક અનિયંત્રિત પિકઅપ ટ્રક રોડ પરથી નીચે ઉતરી જાય છે અને તેમને જોરદાર ટક્કર મારે છે.

અકસ્માતમાં બચી ગયેલા ભિક્ષુકોએ પોલીસને જણાવ્યું કે વાહને અચાનક સંતુલન ગુમાવ્યું હતું અને તે લહેરાતું લહેરાતું સીધું તેમની સાથે અથડાયું હતું. આટલો મોટો અકસ્માત સર્જનાર પિકઅપ ટ્રકનો ડ્રાઈવર માત્ર 11 વર્ષનો બાળક નીકળતા પોલીસ પણ ચોંકી ઉઠી છે. સ્થાનિક પોલીસે અકસ્માત સર્જનાર સગીર છોકરાને કસ્ટડીમાં લઈ લીધો છે. થાઈલેન્ડના કાયદા અનુસાર આરોપી એક બાળક હોવાથી, બાળ સુરક્ષા અધિકારીઓની હાજરીમાં જ તેની કાયદેસર પૂછપરછ કરવામાં આવશે.

# ટ્રમ્પે ટેરિફની ધમકી આપી વિશ્વના દેશો પાસેથી અનેક ડોલર પડાવ્યા

**વોશિંગ્ટન**

ટ્રમ્પે ટેરિફ નાખ્યો હોય તેવા કેટલાય દેશોમાં નવી હોટેલ, રિસોર્ટ અને સંખ્યાબંધ ડીલ્સ કરીને લાખો નહીં કરોડો ડોલરની કમાણી કરી છે. આ બધા જ રોકાણોને તેણે તે દેશમાંથી ટેરિફના જવાબમાં ડોલર ઉસેટતા મશીનમાં રૂપાંતર કરી દીધા છે. સાઉદી અરેબિયાની પ્રોપર્ટીએ જ ગયા વર્ષે ટ્રમ્પને એક અબજ ડોલર કમાઈ આપ્યા હતા. સાઉદી અરેબિયાના શાસકની નજીકના મનાતા રિયલ એસ્ટેટ ડેવલપરે આ રકમ મોકલી હતી.

રોમાનિયામાં બુખારેસ્ટ અને કતારના શાસક પક્ષની નજીકના ડેવલપરે તેમને ૫૦-૫૦ લાખ ડોલર મોકલ્યા હતા.યાદ રહે કે કતાર ઈરાન સાથેના ડીલરનું મધ્યસ્થી પણ છે. તેણે ટ્રમ્પને કિંમતી પ્લેનની ભેટ પણ આપી છે. ફ્લોરિડાના માર-એ-લાગોમાંથી જંગી કમાણી થઈ છે. તેમની આ પ્રોપર્ટીમાંથી તેમને ગયા વર્ષે ૭.૭ કરોડ ડોલરની આવક થઈ હતી. આ જ રીતે ટ્રમ્પે વિયેતનામમાં સ્થાપેલા રિસોર્ટમાંથી ગયા વર્ષે ૫૦ લાખ ડોલરની આવક મેળવી હતી. તેના પછી જ ટ્રમ્પે વિયેતનામના ડેપ્યુટી નાયબ પ્રધાન સાથે ટેરિફમાં ઘટાડાના ડીલ પર સહી કરી હતી.

# અમેરિકામાં 46 ડિગ્રી સેલ્સિયસ ગરમી, ખતરનાક હીટવેવથી હાહાકાર, 6 કરોડ લોકોને માથે આફત

## આગામી દિવસોમાં 18 રાજ્યોમાં રેકોર્ડબ્રેક ગરમી પડી શકે, હીટ એલર્ટ જાહેર કરાયું

**વોશિંગ્ટન**

અમેરિકા હાલમાં વર્ષના સૌથી ખતરનાક હીટવેવ (લૂ) નો સામનો કરી રહ્યું છે. દેશના પૂર્વીય અને મધ્ય ભાગોમાં અસહ્ય ગરમીએ જનજીવનને પ્રભાવિત કર્યું છે. કેટલાક વિસ્તારોમાં તાપમાન કરતાં પણ વધુ ખતરનાક ગરમીનો અહેસાસ થશે, જ્યાં ભેજના કારણે લોકોને 46 ડિગ્રી સેલ્સિયસ જેવી ગરમીનો અનુભવ થશે.

અમેરિકાની નેશનલ વેધર સર્વિસ એ ચેતવણી આપી છે કે આગામી દિવસોમાં



18 રાજ્યોમાં રેકોર્ડબ્રેક ગરમી પડી શકે છે. પરિસ્થિતિ એટલી ગંભીર છે કે 6 કરોડથી વધુ લોકો માટે હીટ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.


કેટલાક વિસ્તારોમાં તાપમાન 38 ડિગ્રી સેલ્સિયસથી ઉપર પહોંચી જશે. પરંતુ ખરી ચિંતા તાપમાનની નથી, પરંતુ હીટ ઇન્ડેક્સને લઈને છે. વધુ પડતા ભેજના કારણે લોકોને ગરમી 115 ડિગ્રી ફેરનહીટ એટલે કે આશરે 46 ડિગ્રી સેલ્સિયસ જેવી અનુભવાશે. દેશના પૂર્વીય બે-તૃતીયાંશ ભાગમાં ખતરનાક અને કેટલીક જગ્યાએ રેકોર્ડબ્રેક ગરમી પડવાની છે. એજન્સીના જણાવ્યા અનુસાર, આ હીટવેવ 4 જુલાઈ એટલે કે અમેરિકાના સ્વતંત્રતા દિવસવાળા લાંબા વીકેન્ડ સુધી ચાલુ રહી શકે છે.

# પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં 125 વર્ષ જૂનું ગુરુદ્વારા તોડી પડાતા ભારતમાં આક્રોશ, ચોમેરથી ફિટકાર

## પાકિસ્તાન સરકાર પાસે તપાસ અને દોષિતો સામે કડક કાર્યવાહી કરવાની માગ કરી

**પંજાબ પ્રાંત**

પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં એક સ્થાનિક બિઝનેસમેન દ્વારા 125 વર્ષ જૂના ઐતિહાસિક ગુરુદ્વારાને તોડી પાડ્યા અહેવાલો પર ભારતે આકરી પ્રતિક્રિયા આપી છે. શેખુપુરા જિલ્લાના ફરૂખાબાદ સ્થિત ઐતિહાસિક ગુરુદ્વારા સાહિબનો ભાગ તોડી પાડવામાં આવતા ભારતીય વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જાયસવાલે તેની આકરી નિંદા કરી છે. તેમણે પાકિસ્તાન સરકાર પાસે આ મામલે તપાસ અને દોષિતો સામે



કડક કાર્યવાહી કરવાની માગ કરી છે.

આ મુદ્દે વિવાદ વકર્યા બાદ પંજાબ (પાકિસ્તાન)ના અલ્પસંખ્યક બાબતોના મંત્રી રમેશ સિંહ અરોરાએ 'ગુરુદ્વારા સિંહ સભા'ની મુલાકાત લીધી હતી અને તેના તાત્કાલિક જીર્ણોદ્ધારની જાહેરાત કરી. શીખ સમુદાયના લોકોની ફરિયાદો પણ સાંભળી હતી. ઔકાફ વિભાગ પાકિસ્તાન સરકારનો એક સરકારી વિભાગ છે, જે ધાર્મિક અને સાંસ્કૃતિક મહત્વ ધરાવતી સંપત્તિ, ટ્રસ્ટો અને પૂજા સ્થાનોની દેખરેખ, સંચાલન તેમજ સુરક્ષા કરે છે. મંત્રી રમેશ સિંહ અરોરાએ કહ્યું હતું કે, 'ઔકાફ વિભાગ દ્વારા આપવામાં આવેલી પ્રારંભિક માહિતી પ્રમાણે એક સ્થાનિક બિઝનેસમેને સંબંધિત વિભાગ પાસેથી NOC લીધા વિના જ ગુરુદ્વારાને તોડી પાડ્યું હતું.'

# બેલ્જિયમમાં રહેણાંક ઇમારતમાં ભીષણ આગ લાગતાં 5નાં મોત

## 10 માળની ઈમારતને તાબડતોબ ખાલી કરાવી દેવાઈ

**એન્ટવર્પ**

શહેરના લિંકોરોવર વિસ્તારમાં આવેલી ઈમારતના આઠમા માળે સવારના સુમારે આગ લાગી હતી. આ ઈમારતમાં 200થી વધુ લોકો રહે છે. આગ ફાટી નીકળવાથી આકાશમાં ધુમાડાના વાદળો છવાઈ ગયા હતા. પોલીસના પ્રવક્તા કિમ બાસ્ટિયાન્સે જણાવ્યું કે અત્યાર સુધીમાં આ આગમાં 5 લોકોના મોત થયા છે. જ્યારે અનેક લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. જ્યારે કેટલાકને નાની-મોટી ઈજાઓ થઈ છે. દુર્ઘટનાને પગલે ૧૦ માળની ઈમારત ખાલી કરાવવામાં આવી હતી. જો કે આગ લાગવાનું કારણ તાત્કાલિક જાણી શકાયું નથી. પરંતુ બાસ્ટિયાન્સે જણાવ્યું કે આગ ગ્રાઉન્ડ ફ્લોરથી શરૂ થઈ હતી અને ફોરેન્સિક નિષ્ણાંતો ઘટનાસ્થળની તપાસ કરી રહ્યા છે. બેલ્જિયમના વડા પ્રધાન બાર્ટ ડી વેવરે જણાવ્યું કે મારી સંવેદનાઓ લિંકોરોવરમાં લાગેલી ભીષણ આગના પીડિતો અને સ્થળાંતર કરનારાઓ સાથે છે. લિંકોરોવર એન્ટવર્પના પૂર્વ ભાગમાં આવેલું છે. આ એક મોટો રહેણાંક વિસ્તાર છે.

# ભારે વરસાદ અને વાવાઝોડાથી 'કેનેડા ડે'ની ઉજવણીમાં વિઘ્ન

## અતિભારે વરસાદથી પાટનગરમાં પૂરની સ્થિતિ, રસ્તાઓ બંધ અને વીજળી ડુલ થતાં સાંજના કાર્યક્રમો અને ફટાકડા શો રદ

**ઓટાવા**

કેનેડાના પાટનગર ઓટાવામાં 'કેનેડા ડે'નિમિત્તે યોજાનારા સાંજના તમામ મુખ્ય કાર્યક્રમો અને પ્રખ્યાત ફટાકડા પ્રદર્શન (ફાયરવર્ક્સ શો) કુદરતી આફતને કારણે રદ કરવાની ફરજ પડી હતી. બુધવારે આવેલા ભયાનક વાવાઝોડા અને અતિભારે વરસાદને કારણે ઓટાવાના અનેક વિસ્તારોમાં ઘરોમાં પાણી ભરાઈ ગયા હતા, હાઈવે બંધ થઈ ગયા હતા અને વ્યાપક પ્રમાણમાં વીજળી ગુલ થઈ ગઈ હતી.

ઈવેન્ટનું આયોજન કરતી સંસ્થા 'કેનેડિયન હેરિટેજ' દ્વારા સત્તાવાર નિવેદનમાં જણાવાયું છે કે, જાહેર સલામતીના હિતમાં અને ખરાબ હવામાન તેમજ સ્થળની ખરાબ સ્થિતિને ધ્યાનમાં રાખીને નેશનલ કેનેડા ડે ઈવનિંગ શો રદ કરવો પડ્યો હતો. પર્યાવરણ કેનેડાના અહેવાલ મુજબ, સાંજે 5:45 વાગ્યા સુધીમાં જ ઓટાવા ઈન્ટરનેશનલ એરપોર્ટ ઉપર 99 મિલીમીટર વરસાદ ખાબક્યો હતો અને રાત્રે વધુ વરસાદની આગાહી પણ કરવામાં આવી હતી.



અગાઉ બપોરે જ કેનેડિયન હેરિટેજ દ્વારા લેબ્રેટન ફ્લેટ્સ પાર્ક, ઓલ્ડ હલ, પાર્લામેન્ટ હિલ અને સુપ્રીમ કોર્ટ ઓફ કેનેડાની સામેની તમામ પ્રવૃત્તિઓ સ્થગિત કરી દેવામાં આવી હતી. લેબ્રેટન ફ્લેટ્સ પાર્ક અને પાર્લામેન્ટ હિલ પર લગાવેલા ઈલેક્ટ્રોનિક બિલબોર્ડ્સ દ્વારા લોકોને તાત્કાલિક આશ્રય લેવા માટે ચેતવણી આપવામાં આવી હતી.

કેનેડિયન ફોર્સીસની પ્રખ્યાત એરોબેટિક ટીમ 'સ્નોબર્ડ્સ'ના જૂના થઈ રહેલા વિમાનોના કાફલાને ગ્રાઉન્ડ કરવામાં આવનાર હોવાથી આ તેમનો છેલ્લો 'કેનેડા ડે પરફોર્મન્સ'હતો, પરંતુ ખરાબ હવામાનને કારણે તેમની તમામ ફ્લાઈટ્સ રદ કરવી પડી હતી. ઓટાવા પોલીસના જણાવ્યા અનુસાર પૂરના કારણે નોક્સડેલ રોડ અને નોરિસ સ્ટ્રીટ વચ્ચેનો વુડરોફ એવન્યુ સંપૂર્ણ બંધ કરી દેવાયો હતો. ઓન્ટારિયો પ્રાંતીય પોલીસે જણાવ્યું કે, પૂર અને સફાઈ કામગીરીને કારણે મૂડી ડ્રાઈવ ઉપર હાઈવે 417 પશ્ચિમ તરફ અને હાઈવે 416 ઉત્તર તરફ બંધ કરી દેવાયા હતા. બીજી તરફ, વાવાઝોડાના કારણે હાઈડ્રો ઓટાવા અને હાઈડ્રો વન કંપનીઓએ શહેરમાં મોટા પાયે પાવર કટ (વીજળી ગુલ) થવાની પુષ્ટિ કરી છે.

# પૂજામાં દેવી-દેવતાઓને ફૂલ કેમ ચઢાવાય છે?

ઋષિ-મુનિઓએ ઊંડા સંશોધન બાદ એ શોધી કાઢ્યું હતું કે પ્રત્યેક દેવી-દેવતાની એક ચોક્કસ ઊર્જા હોય છે અને પ્રકૃતિમાં રહેલાં અલગ-અલગ ફૂલોના રંગ અને તેની સુગંધ તે ઊર્જા સાથે સીધો તાલમેલ ધરાવે છે. જ્યારે આપણે કોઈ ચોક્કસ દેવી કે દેવતાને તેમનું અતિ પ્રિય પુષ્પ અર્પણ કરીએ છીએ, ત્યારે તે દેવતાની મૂર્તિ અથવા યંત્રમાં રહેલી દિવ્ય શક્તિ અતિ ઝડપથી જાગ્રત થાય છે શાસ્ત્રોમાં વર્ણવેલાં મુખ્ય દેવી-દેવતાઓનાં પ્રિય પુષ્પો વિશે જાણીએ.

**ભગવાન શિવ (મહાદેવ) :** દેવોના દેવ મહાદેવ ખૂબ જ ભોળા છે. તેમને વૈરાગ્ય પ્રિય છે, તેથી તેમને કોઈ ભપકાદાર ફૂલો નહીં, પરંતુ જંગલમાં સહજ રીતે મળી રહેતાં સફેદ ફૂલો, આકડાનાં (મંદાર) ફૂલ, ધતૂરો, કનેર અને ખાસ કરીને બીલીપત્ર અત્યંત પ્રિય છે.

**ભગવાન વિષ્ણુ :** સૃષ્ટિના પાલનહાર ભગવાન વિષ્ણુને પીળો રંગ ખૂબ પ્રિય છે, તેથી તેમની પૂજામાં પીળા કમળ, ગલગોટો, કેતકી અને જૂઈનાં સુગંધિત ફૂલો અર્પણ કરવામાં આવે છે. આ ઉપરાંત તેમને તુલસીદલ (તુલસીનાં પાન) અર્પણ કરવાં અનિવાર્ય ગણાય છે.

**માતા લક્ષ્મી :** ધન અને વૈભવની દેવી મા લક્ષ્મીને કમળનું ફૂલ સૌથી વધુ પ્રિય છે. પૂજામાં ગુલાબી કે લાલ કમળ અર્પણ કરવાથી માતાજી અતિ પ્રસન્ન થાય છે. આ સિવાય તેમને લાલ ગુલાબ પણ ચઢાવી શકાય છે.

**ભગવાન ગણેશ :** પ્રથમ પૂજનીય વિઘ્નહર્તા ગણેશજીને લાલ રંગનાં ફૂલો ખૂબ પ્રિય છે. ખાસ કરીને લાલ જાસૂદનું ફૂલ અને ગલગોટો ચઢાવવામાં આવે છે. વળી, દૂર્વા (ધરો) વગર ગણેશજીની પૂજા અધૂરી માનવામાં આવે છે.

**માતા સરસ્વતી :** જ્ઞાન, વાણી અને કલાની દેવી મા શારદા શ્વેત (સફેદ) વસ્ત્રો ધારણ કરે



છે. તેમની પવિત્રતા અને સાત્ત્વિકતાના પ્રતીક રૂપે તેમને સફેદ કમળ, સફેદ ગુલાબ, મોગરો, ચંપા અને પલાશનાં (કેસૂડાનાં) પીળાં ફૂલ અર્પણ કરવામાં આવે છે.

**હનુમાનજી :** સંકટમોચન હનુમાનજી ભગવાન શિવના અંશાવતાર છે અને તેમને લાલ-કેસરી રંગ અતિ પ્રિય છે. હનુમાનજીને ગલગોટાના ફૂલની માળા, લાલ ગુલાબ અને આંકડાના ફૂલની માળા ચઢાવવાથી શક્તિ અને ભક્તિની પ્રાપ્તિ થાય છે.

**માતા દુર્ગા (નવદુર્ગા) :** શક્તિ સ્વરૂપા મા અંબે અથવા દુર્ગાજીને લાલ રંગ શક્તિ અને શૌર્યનું પ્રતીક હોવાથી અત્યંત પ્રિય છે. માતાજીને લાલ જાસૂદ, ગુલાબ, કનેર અને શંખપુષ્પીનાં ફૂલો ચઢાવવાથી નવગ્રહની પીડા શાંત થાય છે.

**ભગવાન કૃષ્ણ :** કાનાને સુગંધિત અને મનમોહક ફૂલો ખૂબ ગમે છે. પ્રભુ શ્રીકૃષ્ણને કુમુદ, કરવીર, માલતી, મોગરો, પારિજાત (હરસિંગાર) અને રાતરાણીનાં ફૂલો અર્પણ કરવામાં આવે છે, જેનાથી ઘરમાં પ્રેમ અને શાંતિનું વાતાવરણ રહે છે.

**શ્રીરામ :** મર્યાદા પુરુષોત્તમ શ્રીરામની પૂજા ખૂબ જ સાદગી અને મર્યાદાથી થાય છે. તેમને કમળનું ફૂલ, ચંપા, મોગરો અને ગલગોટા ફૂલ અર્પણ કરવાથી સુખ-સમૃદ્ધિ મળે છે.

**સૂર્યનારાયણ :** પ્રત્યક્ષ દેવ એવા સૂર્યદેવને તેજ અને ઉષ્મા ગમે છે. સવારે અર્ઘ્ય આપતી વખતે જળમાં લાલ કમળ, લાલ ગુલાબ, જાસૂદ કે કનેરનાં ફૂલ ઉમેરીને સૂર્યદેવને અર્પણ કરવાથી કીર્તિ અને આરોગ્યની પ્રાપ્તિ થાય છે.

**માતા કાળી :** દુષ્ટોનો નાશ કરનારી મહાશક્તિ મા કાળીનું સ્વરૂપ રૌદ્ર છે. તેમને લોહી જેવા લાલ રંગના જાસૂદનાં ફૂલ (ખાસ કરીને 108 જાસૂદની માળા) અર્પણ કરવાથી શત્રુઓ પર વિજય મળે છે અને ભય દૂર થાય છે.

**શનિદેવ :** ન્યાયના દેવતા શનિદેવને વાદળી અને કાળો રંગ પ્રિય છે. શનિદેવની કુદૃષ્ટિથી બચવા અને શનિ નડતર દૂર કરવા માટે પૂજામાં વાદળી રંગનાં ફૂલ, અરાજિતા (શંખપુષ્પી) કે બ્લૂ કમળ ચઢાવવાં ઉત્તમ મનાય છે.

**ભગવાન કાર્તિકેય :** શિવપુત્ર અને દેવોના સેનાપતિ કાર્તિકેયને ચંપાનાં સુગંધિત ફૂલો અત્યંત પ્રિય છે. દક્ષિણ ભારતમાં તેમની પૂજામાં ચંપાનાં ફૂલોનો વિશેષ ઉપયોગ થાય છે.

### પુષ્પ અર્પણ કરતી વખતે સાવધાની રાખો

શાસ્ત્રોમાં ફૂલ ચઢાવવાના કેટલાક નિયમો પણ બતાવવામાં આવ્યા છે, જેનું પાલન કરવું.

**તાજાં ફૂલ :** હંમેશાં બગીચામાંથી કે બજારમાંથી લાવેલાં તાજાં અને ખીલેલાં ફૂલો જ ચઢાવવાં જોઈએ. કરમાઈ ગયેલાં ફૂલો ક્યારેય ન ચઢાવવાં.

**ભોંય પર પડેલાં ફૂલ વર્જ્ય :** જમીન પર જાતે ખરી પડેલાં ફૂલો પૂજામાં ઉપયોગમાં લેવાતાં નથી, કારણ કે તે અશુદ્ધ ગણાય છે.

ડાબા હાથે ન ચઢાવવાં : ફૂલ હંમેશાં જમણા હાથની આંગળીઓ અને અંગૂઠાની મદદથી શ્રદ્ધાપૂર્વક અર્પણ કરવાં જોઈએ.

**નખનો સ્પર્શ ન કરવો :** ફૂલ તોડતી વખતે કે ચઢાવતી વખતે નખનો સ્પર્શ ન થાય તેનું ધ્યાન રાખવું જોઈએ.

## 2026 સિંહસ્થ કુંભ મેળો
## નાસિક-ત્ર્યંબકેશ્વર



### ક્યારેથી ક્યારે ?

» **શરૂઆત :** શનિવાર, ૩૧ ઓક્ટોબર, ૨૦૨૬ - રામકુંડ, પંચવટી ખાતે બપોરે ૧૨.૦૨ વાગ્યે ધ્વજવંદન

» **સમાપ્ત :** ૨૪ જુલાઈ, ૨૦૨૮ - ધ્વજારોહણ

એટલે કે કુંભ મેળો ૨૨ મહિના સુધી ચાલશે તેને 'ત્રિખંડી સિંહસ્થ' કહેવામાં આવે છે કારણ કે આ સમયગાળા દરમિયાન ગુરૂ ગ્રહ ૩ વખત પોતાની રાશિ બદલશે.

### મુખ્ય અમૃતસ્નાન/શાહી સ્નાન તારીખ ૨૦૨૭ નાસિક અને ત્ર્યંબકેશ્વર બંને એક જ દિવસે

**૧. પ્રથમ અમૃતસ્નાન :** સોમવાર ૨ ઓગસ્ટ, ૨૦૨૭ - અષાઢ સોમવતી અમાવાસ્યા

**૨. બીજું અમૃતસ્નાન :** મહાકુંભસ્નાન - મંગળવાર, ૩૧ ઓગસ્ટ ૨૦૨૭, શ્રાવણ અમાવાસ્યા

**3. ત્રીજું અમૃતસ્નાન**
નાસિક : શનિવાર, ૧૧ સપ્ટેમ્બર ૨૦૨૭
ત્ર્યંબકેશ્વર : શનિવાર, ૧૨ સપ્ટેમ્બર ૨૦૨૭

### અન્ય મહત્વની તારીખો

» સાધુગ્રામ ધ્વજવંદન : શનિવાર, ૨૪ જુલાઈ ૨૦૨૭
» નગર પ્રદક્ષિણા : ગુરૂવાર, ૨૯ જુલાઈ ૨૦૨૭
» કુલ પર્વસ્નાન : નાસિકમાં ૪૪ મુહૂર્ત અને ત્ર્યંબકેશ્વરમાં ૫૩ મુહૂર્ત

### આ વર્ષની ખાસ વાત :

સામાન્ય રીતે સિંહસ્થ ૧૩ મહિનાનો હોય છે, પરંતુ આ વર્ષે ગુરૂ ૨ વાર વક્રી થશે એટલે કે તે ૨૨ મહિનાનો છે. આ ત્રિખંડી યોગ ૭૧ વર્ષ પછી આવ્યો છે.

# હળવા કબજિયાતની તકલીફનો રામબાણ ઈલાજ હર્બલ ટી

## કબજિયાત પોતે રોગ નથી પણ અનેક રોગ તેની આંગળી પકડીને શરીર સુધી આવી શકે છે


સદીઓથી લોકો પાચન સંબંધી તકલીફમાં રાહત મેળવવા વિવિધ હર્બલ(હર્બ-જડી-બુટ્ટી-વનસ્પતિના ઔષધીય ગુણોવાળા ઘટકો) ટીનું સેવન કરતા આવ્યા છે. અનેક અભ્યાસમાં પણ જણાયું છે કે કેટલાક પ્રકારના ઊકાળા(ટી) સીધી યા આડકતરી રીતે કબજિયાતમાં રાહત આપી શકે છે. વિશ્વના ૬૦ વર્ષથી વધુ વયના લગભગ ૭૦ ટકા લોકોને કબજિયાત છે. આથક સદ્ધરતા માટેની દોટમાં શહેરીકરણ અને આધુનિક જીવનશૈલી અનિવાર્ય બન્યાં છે.શહેરીકરણ અને આધુનિક જીવનશૈલીએ કેટલાક માનસિક તથા શારીરિક રોગ અને બીમારીઓને મોકળું મેદાન આપ્યું છે.છૂટો દોર મળ્યા પછી રોગ અને બીમારીઓ શાંતિથી બેસે?ના,એ વારંવાર માથું ઊંચકવાનાં જ!


**આમાંની એક તકલીફ છે કબજિયાત.**

બંધકોશ અને મળાવરોધને નામે પણ ઓળખાતો કબજિયાત કોઈ રોગ નથી પણ એક લક્ષણ છે.મહત્ત્વની બાબત એ કે ભલે તે રોગ ન હોય પણ એની આંગળી પકડીને અનેક રોગ શરીર સુધી આવી શકે છે.ક્રોનિક (લાંબાસમયના) કબજિયાત બવાસીર, ગુદાના રોગો જેવા કે ભગંદર અને ફિશરનું જોખમ વધારે છે.આવા કબજિયાતથી આંતરડામાં એક ખાસ પ્રકારનો બલ્જ (આઉટપાઉચિંગ )બને છે.આથીઆંતરડાં -માં ઈન્ફેકશન કે સંકોચન થઈ શકે છે.તે આંતરડાં કે કોલન કેન્સરનું કારણ પણ બની શકે છે. પેટ સાફ ના આવે, મળનું પ્રમાણ ઘટે,મળ કઠણ થાય, મળ ત્યાગનું પ્રમાણ ઘટે કે શૌચક્રિયા વેળાએ ખૂબ તકલીફ થાય,પેટનું ફૂલવું, પેટમાંદુથખાવો, ગેસ થવો,ચીડિયાપણું, તણાવ,માથાનો દુઃખાવો, મોમાં છાલાં પડવાં, થાક-નબળાઈનો અનુભવ, ચક્કર કે ઉબકા આવવા વગેરે કબજિયાતનાં લક્ષણો છે.આ તકલીફ બાળકથી માંડીને વૃદ્ધો સુધીના સૌ કોઈને થઈ શકે છે.

બેઠાડુ જીવનશૈલી,શારીરિક શ્રમ તથા કસરતનો અભાવ, જંક ફૂડ, પ્રૌસેસ્ડ ફૂડ, તળેલા અને મસાલેદાર ખાદ્યપદાર્થ, અકારણ ખાવું, પૂરતું પાણી ન પીવું, ધૂમ્રપાન, શરાબનું સેવન એ ઉપરાંત અનિદ્રા, ચિંતા, ઉદ્વેગ જેવાં કારણોસર કબજિયાત થાય છે. ઉંમર







વધવા સાથે આંતરડાની હિલચાલ ઓછી થાય છે. આ જ કારણે વિશ્વના ૬૦ વર્ષથી વધુ વયના લગભગ ૭૦ ટકા લોકોને કબજિયાત છે.

● **પેપમન્ટ ટી :** અર્થાત્ ફૂદીનાંનો ઉકાળો. ફૂદીનાના પાનમાં મેન્થોલ હોય છે.મેન્થોલમાં દર્દશામક ગુણ છે. આ ગુણ પેટનો દુઃખાવો મટાડી મળને સરળતાથી મોટા આંતરડામાંથી પસાર કરે છે. ફૂદીનાનાં આવશ્યકતા મુજબનાં પાન પાણીમાં ઊકાળો એટલે પેપમન્ટ ટી તૈયાર!

● **કાસ્કારા ટી :** કાસ્કારા સાગ્રાડા એક જાણીતી રેચક ઔષધિ છે.મૂળ અમેરિકન વૃક્ષ કાસ્કારા બકથ્રોનની છાલમાંથી તે તૈયાર થાય છે.છાલમાંનું એન્થ્રેક્વિનોન આંતરડામાં રેચક અસર કરે છે તથા મોટા આંતરડાને સક્રિય કરે છે.આંતરડાના સંકોચનપ્રસરણને વધારે છે.પરીણામે મળ મોટા આંતરડામાંથી પસાર થાય છે. કાસ્કારા બકથ્રોનની એક ટી. સ્પૂન છાલ બેતૃતિયાંસ પાણીમાં પાંચદસ મિનિટ ઊકાળી આ ટી બનાવી શકાય. વધુ પડતી કાસ્કારા ટી પીવી સલાહભર્યું નથી

● **ગ્રીન ટી :** ગ્રીન ટીમાં કેફિન હોય છે જે આંતરડાંની હિલચાલ(સક્રિયતા)ને ઝડપી કરે છે. ધ્યાન રાખવાની બાબત એ કે વધુ પ્રમાણમાં કેફીન લેવાથી ડાયેરિયા(ઝાડા)થઈ શકે છે. ૨૦૧૬માં પ્રાણીઓ પર કરાયેલા એક અભ્યાસમાં જણાયું હતું કે ગ્રીન ટી માં સ્ટ્રિટીનિન નામનું સંયોજન છે. પ્રાણીઓને ગ્રીન ટી આપવામાં આવતાં જણાયું હતું કે સ્ટ્રિટીનિનની તેમને ભારે પ્રમાણમાં રેચક અસર થઈ હતી. ગ્રીન પાનને પાણીમાં થોડોક સમય ઊકાળતાં ગ્રીન ટી તૈયાર થાય છે.

● **જીંજર ટી :** ખાદ્ય પદાર્થ બનાવવામાં તથા કબજિયાત સહિતની વાયુવિકાર(ગેસ)ની અનેક તકલીફમાં એમ બન્ને રીતે આદુ ઉપયોગી છે. ભોજન પછી આદુનો ઉકાળો પીવાથી આંતરડાં સક્રિય થાય છે અને ખોરાક સહેલાઈથી પચે છે.

● **ડેંડિલિઅન ટી :** ડેંડિલિઅન એટલે પીળા રંગનાં ફૂલ આપતો વગડાઉ છોડ. ડેંડિલિઅન ટી હળવા કબજિયાતમાં રાહત આપે છે. આ ટીથી લિવર સક્રિય થઈ પિત્ત પેદા કરે છે. પરિણામે કબજિયાત દૂર થાયછે. ડેંડિલિ અન છોડવાનાં ફૂલ તથા પાન ધોઈ ૧૫થી ૨૦ મિનિટ પાણીમાં ઊકાળવા સાથે ડેંડિલિઅન ઉકાળો તૈયાર થાય છે.

● **સેન્ના ટી :** સેન્ના સોફેરા એટલે કાસુંદરી નામનો છોડ. આ ઔષધીય ગુણોવાળા છોડવાનો આયુર્વેદમાં બહોળો ઉપયોગ થાય છે. સેન્નામાં ગ્લિકોસાઈડ્સ નામક સંયોજન છે. જે રેચક અસર કરે છે અને મળ સરળતાપૂર્વક આંતરડામાંથી પસાર થાય છે. સેન્નાનાં બેત્રણ ગ્રામ જેટલાં સૂકાં પાન પાણીમાં ઊકાળી સેન્ના ટી તૈયાર કરી શકાય. આ ટી દિવસમાં બે કપથી વધુ પીવી યોગ્ય નથી.


● **લિકરિસ રૂટ ટી :** લિકરિસ રૂટ એટલે જેઠી-મધ. કબજિયાત સહિતની વિવિધ બીમારી- ઓના ઈલાજમાં જેઠીમધ વપરાય છે. જેઠી-મધમાં એન્ટીઈન્ફ્લેમેટરી, એન્ટીઓક્સિડન્ટ, એન્ટિબેક્ટેરિઅલ એન્ટીફંગલ, એન્ટિવાયરલ ગુણ છે. આવશ્યક્તા મુજબ સવારે એક કપ નવશેકા પાણીમાં એક ચપટી જેઠીમધનો પાવડર નાખી પીવાથી હળવા કબજિયાત સહીતની સ્વાસ્થ્યની અનેક તકલીફમાં રાહત મળે છે.

મહત્વનું એ કે ક્યારેક થતા કબજિયાત માટે ટૂંક સમયના ઈલાજ તરીકે હર્બલ ટી લી શકાય. પરંતુ ક્રોનિક, હઠીલા કબજિયાત માટે નિષ્ણાત ડોક્ટરની સલાહ અનિવાર્ય છે.

# CLUB CERAMIC

**Porcelain Tiles : Premium Quality and Best Price**

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking



TILES • BACKSPLASH • LAMINATE • VINYL • HARDWOOD

**MONTREAL**
225 Rue Ness, Saint-Laurent, QC H4T 1A7, Canada
Phone: +1-514-813-3850 / +1-514-260-2242

**OTTAWA**
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

**MISSISUAGA**
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850

**CAMBRIDGE**
15 Sheldon Dr, Cambridge, ON N1R 6R8
+1-647-394-6030 / +1-647-406-1972

https://clubceramic.com Email : sales@clubceramic.com



# HONEST - DEDICATED - TEAMWORK

*Don't Let Confusion Cast A Shadow over Buying Your Dream Home.*

PINNACLE REAL ESTATE GROUP

CENTURY 21 Innovative Pinnacle Real Estate Group

We Look forward to providing you with an unusually High Level of Service and Commitment giving you a New definition of results in the Real Estate Industry. After all it is your Satisfaction that defines our Success!!!

- Free Staging
- Free Professional Photography & virtual tour
- Free Marketing, Flyers, Newspapers, Media Advertising
- Free Comparative Market Analysis
- Team of Professional for same price as hiring a single realtor
- Over 15 years of combined experience



- No Pressure
- No Obligation
- Just Answers to Your Questions.. Its that Simple!




Fully Furnished!! Heart Of Downtown Mississauga, Close To All Amenities, Marilyn Monroe Building, 2 Bedroom + 2 Bathroom, Demand Location, Walking Distance To Sq 1 And Living Arts Centre, Hwy 403, 401, QEW, And Much More! 800 Sqft Of Living Space + 135 Sqft Balcony, Bed And 2 Full washrooms . Students welcome. Available Immediately




Welcome to the one you've been waiting for! Situated on a spacious corner lot in a sought after family-friendly neighbourhood, this beautifully maintained bungalow offers exceptional curb appeal, a double car garage, and is just steps to schools, parks, and shopping. Pride of ownership shines throughout with numerous updates over the years, including: roof (2020), windows and doors (2022), garage door (2020), kitchen (2019), main floor flooring (2021), pot lights (2022), fresh paint (2026), and A/C & furnace (2016). The side yard was transformed in 2023 with new fencing, deck, and awning - creating the perfect private outdoor space for entertaining. Inside, enjoy a bright and functional layout with a huge finished basement offering endless possibilities for additional living space, recreation, or excellent rental/in-law suite potential for extra income. Fully fenced yards ideal for family gatherings and summer enjoyment. A rare opportunity to own a solid, move-in ready bungalow in an unbeatable location!




Welcome to this beautifully updated family home in Central Ajax, ideally located close to all amenities. A public school is conveniently situated right beside the home, with easy access to Durham Transit, parks, shopping plazas, and Hwy 401—perfect for commuters and families alike.Offering approximately 1,809 sq. ft., this spacious 3+1 bedroom home features a functional layout with formal living and dining areas. The large primary bedroom includes a renovated ensuite and walk-in closet for added comfort.The home has been thoughtfully upgraded with interlocking in both the front and backyard, Energy Star certified doors and windows with heat-resistant glass, pot lights throughout, and fresh paint. Additional updates include a newer garage door, new backsplash (2026), updated kitchen appliances, and major mechanicals—A/C, furnace, and tankless hot water tank (2025). The home is fully monitored with security cameras at the front door and garage.

*You have Nothing to Loose... Call us for a Free Consultation on How to Get Started.*

**Use The Advantage of a Team, Because... Teamwork Makes Your Dreams Work !**

## Shamim & Amin Kharodia

**Broker of Record / Sales Representative**

teamkharodia@gmail.com

300-2855 Markham Rd Toronto ON M1X 0C3

D: (647) 501-6786 I D: (647) 308-2941

F : (416) 298-8303 I P: (647) 666-8676

Grand Centurion Office

Each office owned and Operated. This is not intended to solicit buyers/sellers currently under contract with any brokerage.